(૧) સોર્સ

ભાગ ડેપો માટે

(૫૫) અદ્ય -

ગુજરાતની
જંગલ કામદાર સહકારી મંડળીઓ

(એક મૂલ્યાંકન અભ્યાસ)

: અહેવાલ લેખન :

ભીખાભાઈ પટેલ

: સંપાદન :

ડૉ. ઠા. ભા. નાયક

મુસ્તાઅલી મસવી

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર
ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ–૩૮૦૦૧૪

121

૧૯૮૩

પ્રકાશક
રામલાલ ડાહ્યાભાઈ પરીખ
વ્યવસ્થાપક ટ્રસ્ટી,
ગુજરાત વિદ્યાપીઠ,
અમદાવાદ-૩૮૦૦૧૪.

૧૯૮૩

ગુજરાતની

જંગલકામદાર સહકારી મંડળીઓ

(એક મૂલ્યાંકન અભ્યાસ)

: અહેવાલ લેખક :

બીખાભાઈ પટેલ

: સંપાદન :

ડૉ. ઠા. ભા. નાયક
મુક્તાગલી મારવી

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર
ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૩૮૦૦૧૪
૧૯૮૩.

-: આભારદર્શન :-

ગુજરાત વિદ્યાપીઠ સંચાલિત આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર દ્વારા ગુજરાતમાં સહકારી ક્ષેત્રે કામ કરતી આદિવાસી વિસ્તારોમાંની જંગલ કામદાર સહકારી મંડળીઓના મૂલ્યાંકન અભ્યાસનું કામ આ વર્ષે હાથ ધરવામાં આવ્યું હતું.

જેમણે આદિવાસીઓને શોષણ મુકત કરવામાં પોતાનું આખું જીવન ક્ષરે અર્પણ કર્યું છે. અને જેમણે જંગલ કામદાર સહકારી મંડળીઓના મૂલ્યાંકનનું પ્રમુખ કાર્ય સર્વપ્રથમ કર્યું હતું એવા અમારા કુલનાયકશ્રી ડાહ્યાભાઇ નાયકે અમારા આ કાર્યમાં તથા બીજા બધાં સંશોધન અને પ્રત્યક્ષકાર્યમાં ઉંડો રસ લીધો છે. અને સતત અમૂલ્ય માર્ગદર્શન પૂરું પાડ્યું છે. આદિવાસી સમાજ માટેના સંશોધન અને વિકાસનાં કાર્યો કરવા માટેની પ્રેરણા અને પ્રોત્સાહન ગુજરાત વિદ્યાપીઠના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી રામલાલભાઇ તરફથી સતત મળતાં રહ્યાં છે. તે માટે અમો આ બંને મહાનુભાવોના સતત ઋણી છીએ :

ગુજરાત વિદ્યાપીઠના કુલસચિવશ્રી વિનોદભાઇ ત્રિપાઠીએ જરૂરી વહીવટી અનુકૂળતા ગોઠવી આપી તે બદલ તેમના આભારી છીએ. આ અહેવાલ તૈયાર કરવામાં ગૃહમંત્રાલયના સંયુકત સચિવશ્રી ભૂપેન્દ્રસિંગે સર્જનાત્મક વિચારો પૂરા પાડી જે પ્રોત્સાહન આપ્યું છે તે બદલ તેમનો પણ આભાર માનીએ છીએ.

ગુજરાત વિદ્યાપીઠ
અમદાવાદ-૩૮૦૦૧૪

નિયામક
આદિવાસી સંશોધન તાલીમ

અનુક્રમણિકા

પ્રસ્તાવના

પ્રકરણ-૧ પશ્ચાદ્‌ભૂમિ : વિષયપસંદગીના હેતુઓ. પધ્ધતિઓ અને ચૈતિહાસિક પૃષ્ઠભૂમિ.

પ્રકરણ-૨ મંડળીઓનો યથા સ્થિતિ અહેવાલ.

પ્રકરણ-૩ મંડળીઓનો વહીવટ અને કાર્યપધ્ધતિ તેમજ સર્વેક્ષણ નોંધ.

પ્રકરણ-૪ ત્રુટિઓ અને સૂચનાઓ.

સંદર્ભસૂચિ

-:-:-:-:-:-

પ્રસ્તાવના

ગુજરાત વિદ્યાપીઠ સંચાલિત આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર દ્વારા ગુજરાત રાજ્યમાં જંગલખાતા સાથે સંબંધિત - જંગલકામદાર સહકારી મંડળીઓના મૂલ્યાંકન અભ્યાસનું કામ ગત વર્ષે હાથ ધર્યું હતું. કેન્દ્રએ આ અંગેનું કાર્ય - ક્ષેત્રકાર્ય પણ તે જ વર્ષે પૂર્ણ કર્યું હતું. પરંતુ કેન્દ્રની સંશોધનની પ્રવૃત્તિઓ બેવડાઈ જતાં આ કાર્યના અહેવાલ લેખનનું કામ થોડું વિલંબથી થયું. પરંતુ તેટલું મહત્વનું પણ બન્યું છે. આ અગાઉ જંગલકામદાર મંડળીઓ સંબંધિત અભ્યાસો થયા છે. તે ખૂબજ મર્યાદિત અને સંક્ષેપમાં થયેલા છે. તેમાં સોનગઢ અને વાંસદાક્ષ, તાલુકાની મંડળીઓના સભાસદોની તપાસ - જેમાં મંડળી દ્વારા સભાસદોનું શું કામ મળ્યું છે. અને મંડળીઓ દ્વારા સભાસદોને કેટલી રકમ મજૂરી પર ચૂકવાતી હતી. તે દર્શાવ્યું છે. જ્યારે ધરમપુર તાલુકાની દક્ષિણ વિભાગની જંગલકામદાર સહકારી મંડળીઓ, અને સુરત જિલ્લાના વ્યારા તાલુકાની મંડળીઓ તેમજ શ્રી સાગટાળા જંગલકામદાર અને કારીગર વર્ગ સહકારી મંડળી લી. દેવગઢબારિયાની પ્રવૃત્તિઓનો ખ્યાલ આપવામાં આવ્યો છે.

અહી પ્રસ્તુત અહેવાલમાં થોડા આગળ વધીને જંગલકામદાર સહકારી મંડળીઓની શરૂઆત, મંડળીઓના સભાસદોની વસવાટની ભાત તેમની આર્થિક સ્થિતિ, અને જંગલકામદાર મંડળીઓ દ્વારા મળતા કામો અને થયેલા લાભોનો ચિતાર આપી હજુ સભાસદો માટે મંડળીઓ શું કરી શકે ? મંડળીઓ દ્વારા સભાસદોને વધુ લાભો, વધુ રોજગારીની તકો ઉભી કરવા મંડળીઓએ શું કરવું જોઈએ. અને સભાસદો અને મંડળીઓના પ્રશ્નો તેમજ મંડળીને લગતા તમામ પાસાઓને આવરી લઈ અભ્યાસ હાથ ધર્યો છે.

સમગ્ર અભ્યાસના આધારે આ વિસ્તારમાં કામ કરતી જંગલ કામદાર સહકારી મંડળીઓએ જુદી જુદી જાતિના વિકાસ અર્થે શું કરવું જોઈએ તે બંગેના વિગતવાર સૂચનો બે છેવટના પ્રકરણમાં સૂચવ્યા છે. આ સૂચનો અમારા પોતાના ક્ષેત્રકાર્ય આધારિત - મંડળીઓમાં કામ કરતા, સભાસદો અને મંડળીના કાર્યકર્તાઓ કે જેમણે આ અભ્યાસમાં ઉડાણપૂર્વક રસ લઈ ખુલ્લા દિલે મંડળીઓ બંગે, વહીવટ બંગે અને પોતાના કામો વિષે જે બધું કહેતા. આ ઉપરાંત આ સંસ્થાઓ સાથે સંકળાયેલ મંત્રીઓ અને પ્રશાસનમાં કામ કરતી મહત્વની વ્યકિતઓ સાથેની ચર્ચા પર આધારિત છે.

લેખક સાથે કે-દ્રના નિયામક ડૉ.ઠાકોરભાઈ નાયક, સંશોધન અધિકારીશ્રી મુસ્તાકલી મસવીએ આ અભ્યાસમાં લીધેલી જંગલકામદાર સહકારી મંડળીઓ અને મંડળીઓમાં કામ કરતા સભાસદોની મુલાકાત લઈ મને માર્ગદર્શન આપવામાં તથા આ અહેવાલની રચનામાં નિયામક શ્રીએ ખૂબજ રસ લીધો છે. તેમનો હું જેટલો આભાર માનું તેટલો ઓછો છે.

અમારા આ અભ્યાસના ક્ષેત્રકાર્ય દરમ્યાન સહકારી મંડળીઓના પ્રમુખશ્રી, મંત્રીશ્રી અને હિસાબનીશોએ આંકડાકીય માહિતીની વિગતો ચેક કરીત કરવામાં જે સાથ સહકાર આપ્યો છે. તેમનું ઋણ અમારા પર ઘણું છે.

મને વિશ્વાસ છે કે આ અભ્યાસ જંગલ કામદાર મંડળી ઓના સભાસદોને માટે, બીજા કાર્યકર્તાઓ માટે અને ખાતાને અને યોજના સંશોધન ક્ષેત્રેમાં પડેલા સમાજ માનવ શાસ્ત્રીઓને રૂચિકર લાગશે. કોઈપણ ક્ષેત્રનું સંશોધન માત્ર સંશોધકને જ જ્ઞાનસર્જન રૂપી ફાયદો કરે, અને જેના બંગે સંશોધન કર્યું છે. તેના માટે ઉપયોગી નીવડી ન શકે. તેમને ફાયદો થાય નહિ તે હવે આ પરિસ્થિતિમાં તો ચાલી શકશે

નહીં. મારા આ અભ્યાસથી મને તો લાભ થયો જ છે. પરંતુ સાથે સાથે જંગલકામદાર સહકારી મંડળીઓમાં કામ કરતા સભાસદોને અને મંડળીઓને ઉપયોગી નીવડશે એવી આશા અસ્થાને નહીં લેખાય.

- ભીખાભાઇ સો. પટેલ

પ્ર ક ર ણ : ૧

વિષયપસંદગીના હેતુઓ : અભ્યાસની પધ્ધતિઓ અને ઐતિહાસિક પૃષ્ઠભૂમિ

૧૯૭૯-૮૦ના વર્ષમાં આદિવાસી શોધન અને તાલીમ કેન્દ્ર દ્વારા આદિવાસી વિસ્તારમાં કામ કરતી જંગલકામદાર સહકારી મંડળીના કાર્યો અને તેનું મૂલ્યાંકન કરી એક અભ્યાસ હાથ ધરવા નક્કી કરવામાં આવ્યું હતું. તે માટે જુદા જુદા વિસ્તાર * નક્કી કરી આ કાર્ય હાથ ધર્યું હતું.

તપાસનો વિસ્તાર :

આ અભ્યાસ માટે વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકાની -૧, ડાંગ જિલ્લાની- બે અને સુરત જિલ્લાના ઉચ્છલ તાલુકાની ૧, જંગલકામદાર મંડળી પસંદ કરવામાં આવી હતી.

તપાસ પધ્ધતિઓ :

આ અભ્યાસ માટે પસંદ થયેલી મંડળીઓના રેકર્ડ* પરથી તેના વહીવટની માહિતી એકઠી કરવામાં આવી હતી.

કારોબારીના સભાસદોની મુલાકાત લઈ તેમની સાથે વહીવટ બંગેની પણ ચર્ચાઓ કરી હતી.

આ અભ્યાસમાં કેટલીક વ્યકિતગત કિસ્સા અભ્યાસ કરી ને માહિતી એકત્રિત કરાઈ હતી. જેની વ્યકિતગત માહિતી પણ ત્રીજા પ્રકરણમાં આપી છે.

જંગલ મંડળીના સભાસદો અને કામ કરતા દરેક સભાસદો પાસેથી તેમની આર્થિક પરિસ્થિતિ વિષે તેમજ તેમને મળતી મજૂરી, સભાસદ થવાથી શું ફાયદો થયો, મંડળી દ્વારા થયેલા લાભો બંગેની માહિતી મેળવવા દરેક મંડળીના ૨૫ સભાસદોની મુલાકાત લઈ માહિતીની વિગતો એકઠી કરવામાં આવી હતી. આ અભ્યાસ માટે પ્રશ્નાવલી પણ તૈયાર કરી હતી. જેના દ્વારા પસંદ થયેલ મંડળીઓના

સભાસદ થવાથી શું પ્રાપ્ત થયું તેની માહિતી એકત્રિત કરી હતી.

ઉપરની પધ્ધતિઓ ઉપરાંત તપાસ શા માટે કયા હેતુસર તપાસ હાથ ધરી છે. તે હેતુઓને ધ્યાનમાં રાખી પ્રત્યક્ષ મુલાકાત દ્વારા ક્ષેત્રકાર્ય પૂર્ણ કર્યું હતું.

<u>તપાસના હેતુઓ :</u>

(૧) પસંદ થયેલ વિસ્તારની જંગલમંડળીઓના વહીવટ અંગેની માહિતી એકત્રિત કરવી.

(૨) મંડળી દ્વારા કયા પ્રકારની પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. અને કયા પ્રકારનું સભાસદોને કામ મળે છે તે ધ્યાનમાં રાખવામાં આવ્યું હતું.

(૩) ફૂપ કઈ રીતે આપવામાં આવે છે તેનો વિગતવાર અભ્યાસ કરવામાં આવ્યો છે.

(૪) મંડળીની પ્રવૃત્તિ કયા કયા આદિવાસીઓને કેટલો આર્થિક લાભ થયો તેની વ્યવસ્થિત તપાસ કરવી.

(૫) મંડળી દ્વારા કેટલું રોજગારીનું સર્જન થયું તે જોવું. વધારે રોજગારીની તકો ઉભી કરવા શું સૂચવી શકાય તે પણ દર્શાવ્યું.

(૬) મંડળીના વહીવટના અવરોધક પરિબળો જોવા.

(૭) આ બધા ઉપરથી જંગલકામદાર સહકારી મંડળી આદિવાસી વિસ્તારમાં વધુ કાર્યક્ષેત્ર અને ફાયદાકારક બનાવવા માટેના પગલાં સૂચવવા નો હતો.

ઉપરોકત બધા હેતુઓને ધ્યાનમાં રાખી આ અભ્યાસને જુદા જુદા પ્રકરણોમાં વિભાગીકરણ કરીને દરેક હેતુ સિધ્ધ થાય છે xx કે કેમ તે બતાવ્યું છે. ઉપરાંત મંડળી માટે, સભાસદો માટે હજુ શું કરવું તે પણ સૂચવવામાં આવ્યું છે.

:જંગલકામદાર મંડળીઓનો ટૂંકો ઈતિહાસ :

ભારતમાં સહકારી પ્રવૃત્તિની રીતસરની શરૂઆત ૧૯૦૪માં સહકારી ધિરાણ મંડળીઓના કાયદાથી થઈ સમગ્ર ભારત વર્ષમાં સહકારી પ્રવૃત્તિની વિકાસ યાત્રામાં ગુજરાતની સહકારી પ્રવૃત્તિનું મહત્વનું સ્થાન રહ્યું છે. આઝાદી પછી ગુજરાતની સહકારી પ્રવૃત્તિએ વિકાસની હરિફાઈ સર કરવા માંડી દેશમાં જુદા જુદા રાજ્યોમાં સહકારી પ્રવૃત્તિનો વિકાસ થયો છે. આ સહકારી કાયદા હેઠળ જંગલકામદાર સહકારી મંડળીઓની શરૂઆત થઈ છે.

સને ૧૯૩૫ના ગવર્નર ઓફ ઈન્ડિયા એક્ટની ૯૨મી કલમ મુજબ આદિવાસી વિસ્તારોની કાળજી રાખવા વિશેષ જવાબદારી પ્રાંતોના ગવર્નરને સોંપવામાં આવી તે મુજબ મુંબઈ રાજ્યનાં આવેલા આદિવાસી વિસ્તારનું ધ્યાન મુંબઈ રાજ્યના ગવર્નરે રાખવાનું હતું. તેથી આદિવાસી વિસ્તારની સમસ્યાઓથી વાકેફ થવા માટે મુંબઈ સરકારે ૧૩ માર્ચ અને ૨૫ મે ૧૯૩૭ના રોજ બે આદેશો આપી મી. સિમ્લીગ્ટન નામના ચેમ સબદી અધિકારીની ચાર મહિનાની હરતે ચેક તપાસ અધિકારી તરીકે નિમણૂક કરી તેમને આદિવાસી વિસ્તારોની વિગતે માહિતી મેળવવા અને તે બંગેના ઉપાયો માટે બલામણો સુચવવા જણાવ્યું. તેથી તેમણે પોતાની કામગીરી ૧૧ નવેમ્બર ૧૯૩૭માં શરૂ કરી તપાસ પૂરી કર્યા પછી પોતાનો અહેવાલ મુંબઈ સરકારને સુપરત કરતાં તેમણે આદિવાસી ઉત્કર્ષ માટે ઘણાં સૂચનો કર્યા. તેમનું આ ચેક જંગલ જરૂરી સમસ્યા બંગેનું પણ સૂચિત કર્યું. તે નીચે પ્રમાણે હતું.

જંગલ કાપવાનું કામ ખાસ કરીને ખાનગી કો-ટ્રાકટરો મારફતે કરવામાં આવે છે. જંગલમાંથી વધુ ને વધુ આવક મેળવવાની સરકારની નીતિને કારણે કો-ટ્રેકટરો પોતાનો નફો વધારે થાય તે માટે જંગલ મજૂરોને બહુજ ઓછી મજૂરી ચેટલે કે માંડ આઠ થી બાર આના મજૂરી ચૂકવતા.

આ દિવાસીઓને બીજા કામોનાં અભાવે ગુલામી સ્વીકારીને પણ મજૂરી કરવા જવું પડતું તેથી આ ગુલામીનો અંત આણવા સૂચન કર્યું.

સરકારની તિજોરીમાં આવા વધુ નાણાં આપી ગરીબ આદિવાસીઓનાં શોષણમાંથી આવતા હોય તો આ પરિસ્થિતિનો અંત આણવો જ જોઈએ અને મજૂરીના દર ૪ નકકી કરી નાખવા જોઈએ. તથા કો-ટ્રાકટરોને આ પ્રમાણેનું જંગલ કાપવાને કબૂલ થાય તો જ કામ આપવું જોઈએ. એમણે આગળ જણાવ્યું કે એથી પણ સાચો રસ્તો એ છે કે જંગલ કાપવાનું કામ જંગલ કો-ટ્રાકટરોને આપવાને બદલે જંગલ ખાતાએજ સીધું હાથ ધરવું જોઈએ. તો જ જંગલ આદિવાસીઓને પોતાના શ્રમનો ન્યાય મળશે.

આ વનવાસીઓ કેવા અભાગી હતા કે એની ચારે તરફ હરીયાળી હતી છતાં તે ભૂખ્યો હતો. ડગલે ડગલે એની સ્થિતિ કથળતી જતી હતી. એના જીવનને આનંદની રેખા સ્પર્શી ન હતી. પરંતુ કાળનું ચક્ર ફર્યું હતું. તેની સાથે આ નિદોર્ષ અને ભલાભોળા માનવીના જીવનનું ચક્રપણ ફર્યું આખરે ૧૯૪૭ના એપ્રિલ માસની પમી તારીખે થાણાં જિલ્લાના મહાલક્ષ્મી મુકામે સામાજિક કાર્યકરોની તેમજ આદિવાસીઓની પરિષદ ભરવામાં આવી આ પરિષદમાં તે વખતના મુંબઈ રાજ્યના પંતપ્રધાન શ્રી બાળગંગાધર ખેર સાહેબ હાજર રહયા હતા. આ પરિષદમાં સામાજિક કાર્યકરોને એક પ્રસ્તાવ રજૂ કર્યો કે જંગલ કામદારોનું શોષણ અટકાવવું હોય તો જંગલના કો-ટ્રેકટ ખાનગી કો-ટ્રાકટરોને આપવાને બદલે કામદારોની સહકારી મંડળીઓ રચવી અને આવી મંડળીઓને જંગલનો કો-ટ્રાકટ આપવો જોઈએ. આમ કરવાથી કામદારોમાં પોતાને માટે કામ કરવાનો ઉત્સાહ પ્રગટશે અને તેઓ જેટલા ઉત્સાહથી કામ કરશે તેનો બદલો પણ તેમને જ મળશે. લોકોની લોકો માટેની અને લોકોના પ્રતિનિધિઓ વડે ચાલતી આ પ્રવૃત્તિની વાત સરકારના સુકાની ખેર સાહેબને પણ સાચી લાગી. જંગલકામદારોમાં ભોગે

ધનના ઢગલા કરતા કો-ટ્રાકટરોને વધુ ધન ભેગું કરવાની તક પૂરી પાડી મૂડીવાદી સમાજકાર્યની રચના કરવામાં મદદરૂપ થવાને બદલે પોતાનું લોહી, પરસેવો, એક કરી મજૂરી કરતાં, સદીઓ સુધી આર્થિક , સામાજિક અને શારીરિક રોગોમાં સબડતા જંગલ કામદારોને સરકાર થોડું નુકશાન સહન કરીને પણ મદદ કરી સમનજવાદી સમાજ રચના કરવામાં ફાળો આપવા માટે વ્યાજબી કિંમતોએ અને શરતોએ જંગલકામદાર સહકારી મંડળીઓ ઉભી થાય ત્યાં ~~એવી મંડળીઓ ઉભી થાય ત્યાં~~ એવી મંડળીઓને કુપ આપવાની શ્રી ખેર સાહેબે સરકાર વતી જાહેરાત કરી આમ મહાલક્ષ્મી મુકામે ઈ.સ. ૧૯૪૬-૪૭માં જે સભા મળી તેમાં જંગલ મંડળીઓના સ્થાપનાનો વિચાર કરીને એક સમિતીની રચના કરવામાં આવી. આ સમિતિની ~~xxxx~~ જંગલ ખાતાના સહકારી ખાતાના વડા વગેરે સભ્યો પ્રતિનિધિ તરીકે નિમવામાં આવ્યા આ સમિતિનું મુખ્યકામ જંગલંકામદાર સહકારી મંડળીઓને આપવા માટે સરકારની સલાહ આપવાનું હતું.

આપણા ગુજરાત રાજ્યમાં પણ દેશના અન્ય રાજ્યોની સરખામણીમાં સહકારી પ્રવૃત્તિએ નોંધપાત્ર પ્રગતિ સાધી છે. કેટલાક ક્ષેત્રોએ તો આ સહકારી સંસ્થાઓ સારી એવી સંગન સધ્ધર બની ચૂકી છે. આપણા રાજ્યમાં સહકારી પ્રવૃત્તિના વિવિધક્ષેત્રે થયેલ કામગીરીમાં વનવગડામાં ઢંકાઇ પડેલી આ ગરીબ આંદિવાસી પ્રજાને ઢંઢોળીને તેમના ઉધ્ધાર અને કાયાપલટના ~~x~~ કાયમી અને પાયાના કામ પણ છે. આદિવાસી પ્રજાએ પણ ભારતનો નાગરિક છે. દેશની સંપત્તિનું રક્ષંણ કરતાં અને વધારવામાં તેમનો અગત્યનો અને અમૂલ્ય ફાળો છે. ખાનગી ઈજારાદારોના શોષણ માંથી મુકત કરી આ પ્રજાના ઉત્કર્ષ માટે સહકારી મંડળીઓ રચવાની અને તે દ્વારા આ આદિવાસી પ્રજાનું જીવન ધોરણ ઉચુ લાવવાની નીતિની સરકારે જાહેરાત કરી પરિણામે ઈ.સ.૧૯૪૭માં ભૂતપૂર્વ મુંબઈ રાજ્યમાં ૧૧ જંગલ કામદાર સહકારી મંડળીઓ કુલ ~~x~~ ૫૦૮ સભાસદો સાથે નોંધાઈ આ જંગલકામદાર સહકારી મંડળીઓની

સ્થાપનાને તે વખતના મુખ્ય પ્રધાન સ્વ.શ્રી ખેરની સારી પ્રેરણા મળી અને તેઓએ જંગલ કામદાર સહકારી મંડળીઓને સામાજિક કાર્યકરોને મદદ કરવાની જાહેરાત કરી.

શ્રી ડાહ્યાભાઇ કમિટીનો અહેવાલ અને ડૉ.સેમિગ્ટન અહેવાલ - મુદ્દા. ક્રમાંક નંબર.૧૦ થી ૧૩૭ સુધીમાં જંગલકામદાર મંડળીને લગતા મુદ્દાઓના તારણોનો અનુવાદ : સાયમન મેકવાન દ્વારા તૈયાર કરી ટૂંકસાર આપ્યો છે.

આદિવાસી વિસ્તારોમા જંગલ કામદાર સહકારી મંડળીઓની શરૂઆત :

જંગલ કામદાર સહકારી મંડળીની ચળવળ બૃહદ મુંબઇ રાજ્યમાં સને ૧૯૪૭માં શરૂ થઈ હતી. જ્યારે ડાંગ માટે આ ચળવળ નવી હતી. ડાંગમાં ૧૯૦૮થી જંગલ કામદાર ધિરાણ મંડળી : અનાજ આપવાના હેતુથી શરૂ થઈ ચૂકી હતી. ત્યારબાદ આઝાદીના સમય ગાળામાં આ અંગેની ચળવળો શરૂ થઈ. આ ચળવળ શરૂ કરવાનો મુખ્ય ઉદ્દેશ વઠાોધી કો-ટ્રોકટરો દ્વારા આદિવાસીઓનું થતું શોષણ અટકાવવાનો હતો. કારણ કે પહેલાં જંગલનાં કૂપો ખાનગી કો-ટ્રાકટરો રાખતા હતા, અને મજૂરી આદિવાસીઓ કરતા હતાં. તેમને ફકત મ જૂરી જ મળતી, બીજો કોઇ હિસ્સો આદિવાસીઓને મળતો ન હતો.

આમ આદિવાસીઓનું કો-ટ્રાકટરો દ્વારા શોષણ અટકે અને જંગલકામમાંથી ખાનગી કો-ટ્રાકટરોને દૂર કરી આદિવાસીઓને યોગ્ય મજૂરી મળે તે હેતુથી ડૉ.સેમિગ્ટનના અહેવાલમાં કરેલી ભલામણો તથા મુંબઇ સરકારે તે ભલામણોને આધારે લીધેલાં પગલાં, ત્યારબાદ ૧૯૪૭માં મળેલી સભામાં

મુખ્ય પ્રધાનશ્રીએ કરેલી જાહેરાતને અનુસરીને મંડળી ઓની સ્થાપના કરવાનું કામ હાથ ધર્યું અને તે પણ સામા જિક સંસ્થાઓ ધ્વારા મંડળી રચીને તેને અપસેટ કૂપ આપવાનું નકકી થયું.

જંગલમા વસતિ જંગલપર નભતી આદિવાસી પ્રજાનું થતું શોષાણ અટકાવી તેમના સામા જિક અને આર્થિક ઉત્કર્ષ માટે, તેમજ તેમનું જીવનસ્તર ઉંચું લાવવા માટે જંગલ કામદાર સહકારી મંડળીઓ રચવાની ક્રાંતિ-કારી નીતિ ભૂતપૂર્વ મુંબઈ રાજ્યના મુખ્યમંત્રી સ્વ.શ્રી બાબાસાહેબ ખેર, અને ભૂતપૂર્વ વડાપ્રધાન શ્રી મોરારજીભાઈ દેસાઈએ અપનાવી હતી.

જ્યારે ડાંગ જિલ્લામાં પ્રથમ જંગલ કામદાર સહકારી મંડળી ૧૯૪૯માં સ્થપાઈ હતી. તેના પરિણામોની સમીક્ષા કરીને સામા જિક, કાર્યકરોએ, શ્રી રનજીભાઈ પટેલ, શ્રી જુગતરામ દવે એ બીજી ૬ મંડળીઓ ૧૯૫૦માં રજીસ્ટર્ડ કરાવી. જે ૧૯૫૧થી કાર્યરત બની છતાં પણ મજૂરોનું શોષાણ કોન્ટ્રાકટરો ધ્વારા ચાલુ રહયું. અને સમય જતાં ૧૯૫૫-૫૬ અને ૫૭-૫૮ના ગાળામાં જ્યાં જ્યાં જંગલ વિસ્તાર હતો ત્યાં આવી જંગલ કામદાર સહકારી મંડળીઓ ઉભી કરી કોન્ટ્રાકટરોને આ કામમાંથી હટાવીને મંડળીઓએ પોતે કૂપનું કામ સંભાળી લીધું છે.

ગુજરાત રાજ્યમાં જુદા જુદા દસ જિલ્લાઓમાં બધી મળીને કુલ ૧૪૯ જેટલી જંગલ કામદાર મંડળીઓ અને તેમા પાંચ સંઘો કામ કરે છે. તેના કુલ સભાસદોની સંખ્યા લગભગ ૭૦ થી ૮૦ હજાર ઉપરાંતની છે. જેની નોંધ વિગતે પાછળ આપી છે.

જંગલ કામદાર સહકારી મંડળીઓની પ્રવૃત્તિ

ભૂતપૂર્વ મુંબઈ રાજ્યમાં સને ૧૯૪૭થી શરૂ કરવામાં આવી હતી. ભૂતપૂર્વ મુંબઈ રાજ્યમાં જંગલના કૂપોનું કામ આદિવાસીઓ ધ્વારા

થતું હતું. અને તેમાં કો-ટ્રાકટરો તરફથી તેમનું શોષણ કરવામાં આવતું હતું. આ દિવાસીઓની નબળી સ્થિતિ તથા અજ્ઞાનતા તરફ સરકારશ્રીનું ધ્યાન ખેચાતા જંગલ વિસ્તારના આ દિવાસીઓની આર્થિક સ્થિતિ સુધારવાના હેતુથી જંગલ કામદાર મંડળીઓની રચના કરવામાં આવેલ આ પ્રવૃત્તિનો મુખ્ય હેતુ જંગલમાં કામ કરતાં આ દિવાસીઓને પૂરતું * વેતન મળે તેમજ જંગલના કૂપોના કામકાજમાં નફો થાય તો જંગલ કો-ટ્રાકટરોને મળવાને બદલે જંગલ કામદાર સહકારી મંડળીઓ મારફત તેમના સભાસદોને મળે તે છે.

સરકારશ્રીના ખેતીવાડી અને વન વિભાગના ઠરાવ નં. એફ. એલ. સી.-૧૦૫૮-૧૧૧-૩૩-ઈ/આઈ.આઈ/ તા.૩-૧૨-૫૯ થી મંજૂર થયેલી નવી ફોર્મ્યુલા મુજબ ૮૦ : ૨૦ના ધોરણે જંગલ કામદાર સહકારી મંડળીઓને જંગલ ખાતા તરફથી જંગલના કૂપોનાં કામો આપવામાં આવે છે. જ્યાં જ્યાં મંડળીઓ સારી સંખ્યામાં રચાયેલ છે. ત્યાં તે વિસ્તારમાં આવી મંડળીઓને જરૂરી માર્ગદર્શન તથા તેમની વહીવટી મુશ્કેલીઓમાં મદદરૂપ, તથા તેમને કામકાજ સરળરૂપે પ્રાપ્ત થાય તે અંગના પ્રયત્નો કરવા પ્રવર્તક સંસ્થાઓ પણ જે તે જિલ્લામાં રચાંયેલ છે. પ્રવર્તક સંસ્થાઓ અને સહકારખાતાની ભલામણથી જંગલખાતાં તરફથી કૂપો મંડળીઓને ફાળવવામાં આવે છે.

૧૯૮૨-૮૩ના વર્ષમાં જંગલ કામદાર સહકારી મંડળીની જિલ્લાવાર સંખ્યા, સંઘની સંખ્યા અને પ્રવર્તક સંસ્થા અંગેની વિગતો :

ક્રમ	જિલ્લો	જંગલ કામદાર સહકારી મંડળીઓની સં.	સંઘની સંખ્યા	પ્રવર્તક સંસ્થાનું નામ
૧	પંચમહાલ	૧૫	૧	પંચમહાલ જિલ્લા જંગલ કામદાર સહકારી સંઘ.
૨.	સાબરકાંઠા	૧	-	આદિવાસી સેવા સમિતિ શામળાજી
૩.	બનાસકાંઠા	૩	-	પ્રવર્તક સંસ્થા નથી, ખાતા તરફથી ભલામણ થાય છે.
૪.	અમરેલી	૩	-	ગીરના જંગલોને સરકારશ્રી તરફથી અભયારણ્ય બનાવવાની યોજના
૫.	જૂનાગઢ	૭	-	થતાં જંગલ મંડળીઓને કૂપો નાં કામો અપાતાં નથી.
૬.	વડોદરા	૧૦	-	વડોદરા જિલ્લા પછાતવર્ગ સેવા મંડળ - વડોદરા
૭.	ભરૂચ	૧૪	૧	ભરૂચ જિલ્લા જંગલ કામદાર સહકારી સંઘ-રાજપીપળા
૮.	સુરત	૪૪	૧	સુરત જિલ્લા જંગલ કામદાર સહકારી સંઘ પાનીપાટી, તા. વ્યારા
૯.	વલસાડ	૧૬	૧	વલસાડ જિલ્લા જંગલ મંડળીઓનો સહકારી સંઘ ધરમપુર
૧૦.	ડાંગ	૩૦	૧	ડાંગ જિલ્લા જંગલ કામદાર સહકારી સંઘ (મા-ચતા મળેલી છે.)
	કુલ	૧૪૩	૫	

આમ કુલ જંગલ કામદાર સહકારી મંડળીઓની સંખ્યા ૧૪૩ અને સંઘોની સંખ્યા ૫ છે.

જંગલ કામદાર સહકારી મંડળીઓને ₹ રૂપો આપવામાં આવે છે ત્યારે તેમની પાસેથી ૫ ટકા સિકયોરીટી ડીપોઝીટ લેવામાં આવે છે. તે જરૂરી રકમ નેશનલ સેવિંગ્સ સર્ટીફિકેટ દ્વારા પણ ભરપાઈ કરી શકાય છે. આ પ્રથા ઉપરાંત સરકારશ્રીના ખેતી, વન અને સહકાર વિભાગની યાદી ક્રમાંક એફ-એલ-સી/૧૬૭૧/૮૫૧૫/થી તા.૨૬-૨-૭૬ થી નિયત કરાવ્યા મુજબ હવે જો કોઈ મંડળી કોઈપણ રાષ્ટ્રીયકૃત બેંકની ફિકસ ડીપોઝીટમાં જરૂરી રકમ રાખીને તેની પહોંચ જંગલ ખાતાના અધિકારીને રજૂ કરે તો તેનો પણ ડીપોઝીટ તરીકે સ્વીકાર કરવામાં આવે છે.

જંગલ કામદાર સહકારી મંડળીઓને આર્થિક સહાય તરીકે હાલના ધોરણે પ્રવર્તમાન ઘોરણ અનુસાર મંડળીને ૩૦૦૦નો શેરફાળો આપવામાં આવે તેમ જ પ્રતિ વર્ષ રૂા. ૧૫૦૦ એમ ત્રણ વર્ષ સુધી કલ્યાણ પ્રવૃત્તિ માટે મદદ આપવામાં આવે છે.

જંગલ કામદાર અને મજૂર કામદાર મંડળીઓના માટેની રાજ્ય સલાહકાર સમિતિની રચના પણ થયેલી છે. જે આ પ્રકારની મંડળીઓના અગત્યના પ્રશ્નોપણ હાથ ધરી જરૂરી ઉકેલ અંગે નિર્ણય કરે છે. આ સમિતિએ જંગલકામદાર સહકારી મંડળીઓના રાજ્ય કક્ષાના સંઘની રચના અંગે વિચારણા કરવા તથા મંડળીઓના અન્ય પ્રશ્નો અંગે વિચારણા કરી ભલામણ કરવા માટે માનનીય શ્રી ઝીણાભાઈ દરજીના અધ્યક્ષપદે એક પેટા સમિતિની રચના કરી હતી. આ સમિતિએ તેનો અહેવાલ તૈયાર કરેલ છે જે હવે સરકારશ્રીને સાદર કરનાર છે. x

આમ આ પ્રકરણમાં વિષય પસંદગી, હેતુઓ, તપાસ વિસ્તાર અને તપાસની પધ્ધતિઓ ઉપરાંત ઐતિહાસિક પૃષ્ઠભૂમિનો

---

x ગુજરાત રાજ્ય ચોથી જંગલ કામદાર સહકારી પરિષદ-કેદડિયા કોલોની જિલ્લા ભરૂચ - તા.૧૭-૧૮ ડિસેમ્બર-૧૯૮૨ જંગલ કામદાર સહકારી મંડળીઓની માહિતી અને ચર્ચવાના પ્રશ્નો પ્રકાશક:ગુજરાત રાજ્ય સહકારી સંઘ સહયોગ:જયો તિસંઘ પાછળ

ખ્યાલ મેળવ્યા પછી હવે જુદા જુદા વિસ્તારમાં
કામ કરતી જંગલ કામદાર સહકારી મંડળીઓનો
અહેવાલ અને વિસ્તાર પરિચય વિષે આગળના પ્રકરણમાં
જોઈશું.

પ્ર ક ર ણ : ૨

જંગલ કામદાર સહકારી મંડળીઓનો યથા સ્થિતિ અહેવાલ

વિસ્તાર પરિચય-મંડળીના અહેવાલની નોંધ :-

જંગલ કામદાર સહકારી મંડળીઓના યથા સ્થિતિ અભ્યાસ વખતે રાજ્યના કુલ જંગલ વિસ્તારનો પણ ખ્યાલ મેળવવો જરૂરી છે. ગુજરાત રાજ્યનો કુલ જંગલ વિસ્તાર જુદા જુદા ૪ સર્કલોમાં વહેચાયેલ છે. આ દરેક સર્કલમાંથી પ્રાપ્ત થતી પેદાશોનો પણ ચિતાર અહી આપવામાં આવ્યો છે. તેમાંથી કુલ આવક અને કેટલું ઈમારતી લાકડું પ્રાપ્ત થાય છે. તે અહી જુદા જુદા ચાર કોઠાઓમાં દશાર્વ્યુ છે.

ગુજરાતમાં જંગલ હેઠળનો વિસ્તાર :

ગુજરાતમાં કુલ જંગલ હેઠળનો વિસ્તાર ૧૮૮૯૨ ચો.કિ.મી. છે. જંગલ ※ હેઠળના આ વિસ્તારમાં જુદા જુદા ચાર સર્કલનો સમાવેશ થાય છે. વડોદરા, જૂનાગઢ, સર્કલ, સુરત સર્કલ અને ગાંધીનગર સર્કલ. આ ચારેય સર્કલોમાં ગુજરાતના જંગલ વિસ્તાર ધરાવતા સ્થળોનો પણ સમાવેશ થઈ જાય છે.

વડોદરા સર્કલમાં બારિયા, ગોધરા, દાહોદ, અને છોટાઉદેપુર, જૂનાગઢ સર્કલમાં ભાવનગર, જામનગર, સુરેન્દ્રનગર, ગીર, જુનાગઢ અને રાજકોટ, સુરત સર્કલમાં ડાંગ, વ્યારા૬ રાજપીપળા અને વલસાડ, જ્યારે ગાંધીનગર સર્કલમાં સાબરકાંઠા, બનાસકાંઠા, દાંતીવાલા રીવરવેલી પ્રોજેકટ અને કચ્છનો સમાવેશ થાય છે. આપણે અહી ગુજરાતનો કુલ જંગલ વિસ્તાર, અનામત, રક્ષિત અને બિન વર્ગીકૃત રીતે જુદા જુદા વિભાગોમાં જોઈએ તો કોઠામાં દશાર્વ્યા પ્રમાણેનો વિસ્તાર જોવા મળે છે.

કોઠા નં. ૨:૧

ગુજરાતનો જંગલ હેઠળનો વિસ્તાર-ચો.કિ.મિ.માં ૧૯૭૬ પ્રમાણે

ક્રમ	વિગત	અનામત	રક્ષિત	બિનવર્ગીકૃત	કુલ
૧.	વડોદરા સર્કલ	૨૮૮૨	૪	૨૭૨	૩૧૫૮
૨.	જૂનાગઢ સર્કલ	૨૩૭૨	૧૨૬	૧૭૪૫	૪૨૪૩
૩.	સુરત સર્કલ	૪૩૧૦	૮૭૬	૬૨૫	૫૮૧૧
૪.	ગાંધીનગર સર્કલ	૨૨૩૦	૧૪૦	૩૩૧૦	૫૬૮૦
૫.	ગુજરાત સર્કલ	૧૧૭૯૪	૧૧૪૬	૫૯૬૨	૧૮૮૯૨

પ્રાપ્તિસ્થાન : મુખ્યવન સંરક્ષકશ્રી ગુજરાત રાજ્ય ધ્વારા પ્રકાશીત આંકડાકીય રૂપરેખા. ગુજરાત રાજ્ય-૧૯૬૯-૧૯૭૬. ભાગ-૧.પાન.૨૨૩-૨૨૪.

ઉપરોકત કોઠામાં જોઈ શકાય છે કે ગુજરાત રાજ્યનો કુલ જંગલ વિસ્તાર જુદા જુદા આંકડા દર્શાવ્યા મુજબ ચાર સર્કલોમાં વહેંચાયેલો છે. જેમાંથી ૧૧૭૯૪ ચો.કિ.મિ. અનામત વિસ્તાર, ૧૧૪૬ ચો.કિ.મી. રક્ષિત, ૫૯૬૨ ચો.કિ.મી. બિનવર્ગીકૃત રહેલો છે. હવે પાછીના કોઠામાં આપણે અભ્યાસમાં લીધેલા સુરત સર્કલમાં આવેલા જંગલ વિસ્તાર વિષે જોઈએ.

કોઠા નં. ૨-૨

સુરત સર્કલમાં આવેલ જુદા જુદા ચાર વિભાગોમાં વહેંચાયેલ જંગલ વિસ્તારની માહિતી દર્શાવતો કોઠો(ચો.કિ.મી.માં) પાન. ૨૨૪.

ક્રમ	વિગત (વિસ્તાર)	અનામત	રક્ષિત	બિનવર્ગીકૃત	કુલ
૧.	ડાંગ	૮૪૪	૪૮૫	૪૬૬૬	૧૬૬૬
૨.	વ્યારા	૬૩૭	૨	૩૪૭	૯૮૬
૩.	રાજપીપળા	૧૬૫૪	-	૨૬૩	૧૯૧૭

ક્રમ	વિગત	અનામત	રક્ષિત	બિનવર્ગીકૃત	કુલ
૪.	વલસાડ	૧૧૭૫	૨૦	૧૫	૧૨૧૦
	કુલ	૪૩૧૦	૮૭૬	૬૨૫	૫૮૧૧
		(૭૪.૨)	(૧૫.૧)	(૧૦.૭)	(૧૦૦.૦)
૫.	ગુજરાત રાજ્ય	૧૧૭૯૪	૧૧૪૬	૫૯૫૨	૧૮૮૯૨
	કુલ	(૬૨.૪)	(૬.૧)	(૩૧.૫)	(૧૦૦.૦)
૬.	ટકા(સુરત સર્કલ)	૫૩.૫	૭૬.૪	૧૦.૫	૩૦.૬

નોંધ : કૌંસમાં દર્શાવેલ આંકડા ટકાવારી દર્શાવે છે.

ઉપર કોઠામાં બતાવ્યા પ્રમાણે જંગલ હેઠળનો વિસ્તાર સૌથી વધુ વિસ્તાર સુરત સર્કલમાં છે. અને સૌથી વિશેષ આદિવાસી જનસંખ્યા પણ સુરત જિલ્લામાં વસે છે. અહીં જંગલ હેઠળના વિસ્તારનો વિચાર કરીએ તો કુલ વિસ્તારના ૭૪.૨ ટકા વિસ્તાર અનામત વિસ્તાર જાહેર થયેલો છે. જ્યારે આખા ગુજરાતમાં ૬૨.૪ ટકા વિસ્તાર અનામત છે. રક્ષિત વિસ્તાર સુરત સર્કલમાં ૮૭૬ ચો.કિ.મી. છે.ગુજરાત નો કુલ રક્ષિત વિસ્તાર માત્ર ૬.૧૪ ટકા છે. અને બિન વર્ગીકૃત વિસ્તાર ૧૦.૭ ટકા છે. જે આખા ગુજરાતમાં ૩૧.૫ ટકા વિસ્તાર બિનવર્ગીકૃત છે. કોઠા પરથી જોઈ શકાય છે કે સૌથી વિશેષ જંગલ વિસ્તાર એ એકમાત્ર સુરત સર્કલમાં આવેલ છે. ગુજરાત રાજ્યના કુલ જંગલ હેઠળના વિસ્તારની દૃષ્ટિએ જોઈએ તો ૫૩.૫ ટકા અનામત, ૭૬.૪ ટકા રક્ષિત અને ૧૦.૫ ટકા વિસ્તાર બિનવર્ગીકૃત ધરાવે છે. કુલ વિસ્તારના ૩૦.૬ ટકા વિસ્તારનો આ સર્કલમાં સમાવેશ થાય છે.

આમ ઉપર મુજબ ગુજરાત રાજ્યના જુદા જુદા ચાર સર્કલ માં વહેંચાયેલ જંગલ વિસ્તારની માહિતી મેળવ્યા પછી જંગલ વિસ્તારમાંથી શું શું અને કઈ પેદાશ ઉપલબ્ધ છે

અને કેટલો જથ્થો એકઠો કરાય છે. તેમાંથી કેટલી મહેસૂલ પ્રાપ્ત થાય છે. તેની વિગતો તપાસીએ.

જંગલ વિસ્તાર એ મોટે ભાગે આદિવાસી વિસ્તારમાંજ આવેલો છે. કે જ્યાં આદિવાસીઓ વર્ષોથી રહેતા આવ્યા છે. અને જંગલ પર જ પોતાના જીવનનો ગુજારો કરે છે. એમ કહેવાય છે કે જંગલ એ પહેલાં આદિવાસીઓને જરૂરી ચીજવસ્તુઓ મેળવવામાં મદદરૂપ થાય છે. એટલું જ નહિં પરંતુ "જંગલો એ જ આદિવાસીઓને જીવનદાન અને સહારો આપ્યો છે." આજે પણ સમગ્ર આદિવાસી પ્રજામાંથી મોટા ભાગની આદિવાસી જાતિ એ જંગલની અનેક પેદાશો ઉપર નભે છે. અહીં જંગલની કઇ અને કેવી પેદાશ થાય છે. કેટલી થાય છે એ તપાસીએ.

oo

કોઠો ન. ૨.૩

જંગલની મુખ્ય પેદાશ દર્શાવતો કોઠો : જથ્થો : ટનમાં, મહેસૂલ : રૂપિયામાં, (ગુજરાત રાજ્ય) - ૧૯૭૬

ક્રમ	વિગત	અનામત		રક્ષિત		બિનવર્ગીકૃત		કુલ	
		જથ્થો	મહેસૂલ	જથ્થો	મહેસૂલ	જથ્થો	મહેસૂલ	જથ્થો	મહેસૂલ
૧.	વાંસ	૬૭૧૧૫	૧૫૭૧૧૫૧	-	-	૧૬૨૪	૫૩૯૦૯	૬૮૭૩૯	૧૬૨૫૦૬૦
૨.	ઘાસ-ઘાસચારો	૩૩૦૩૩	૧૭૭૮૨૩૧	-	-	૭૨૮૧	૫૮૩૫૧૧	૪૦૩૧૫	૨૩૬૧૭૪૨
૩.	ગુંદર	૧૩૮	૬૨૨૨૦	-	-	૧૪	૧૦૨૯૨	૧૫૨	૭૨૫૧૨
૪.	ગાભ્ટા, ટીમરૂ અને બીજા પાન	૩૯૭૩	૯૦૨૦૬૪	-	-	૧૨૧	૧૬૦૦૩	૪૦૬૪	૯૧૮૦૬૭
૫.	કમાવવાના પદાર્થો	૩૫૯	૨૫૮૬૬	-	-	૦	૧૫૧	૩૫૯	૨૬૦૧૭
૬.	તેલી બિયાં	૨૮૬	૯૨૪૫૨	-	-	૦	૫૦	૨૮૬	૯૨૫૦૨
૭.	ગોળ બિયો અને ખાદ્ય પદાર્થો	૨૦૮૮	૭૨૮૧૬	-	-	૧૬	૪૬૩૬	૨૧૦૪	૭૩૨૭૫૨
૮.	પશુઓ, ખાણ અને પરચુરણ	-	૧૦૬૯૫૭	-	-	૦	૨૦૧૮૩	-	૧૨૭૧૪૦
૯.	કુલ	-	૫૨૬૭૦૮૭	-	-	-	૬૮૮૭૩૫	-	૫૯૫૫૯૨૨

પ્રાપ્તિ સ્થાન : (આંકડાકીય રૂપરેખા ગુજરાત રાજ્ય) : ૧૯૭૬.

કોઠા નં. ૨.૪

જંગલની મુખ્ય પેદાશ કોઠો : .૦૦ ઘનમીટર
.૦૦૦ રૂ. માં કિંમત

ક્રમ	વિગત	અનામત		રક્ષિત		બિનવર્ગીકૃત		કુલ	
		.૦૦ ઘન મીટર	કિંમત	.૦૦ ઘનમીટર	કિંમત	.૦૦ ઘનમીટર	કિંમત	.૦૦ ઘનમીટર	કિંમત
૧.	ગોળલાકડાં	૧૧૨૮	૫૬૫૫૬	૧૦૫	૪૬૪૭	૧૫૧	૫૨૫૯	૧૩૮૪	૬૬૪૬૨
૨.	સ્લેપાટ સહિત વહેરેલું લાકડું	૧૩	૧૦૧૨	-	-	-	-	૧૩	૧૦૧૨
૩.	કલેલસા માટે વપરાતાં લાંકડા સહિત બળતણ ના લાકડાં	૯૪૯	૫૬૩૩	૯૫	૨૦૧	૭૦	૬૦૨	૧૧૧૪	૬૪૩૬

ગુજરાત રાજ્ય કુલ : (૧) ગોળ લાકડામાંથી ૧૪૭૨ - ૭૧૦૨૨
(૨) ૧૩ ૧૦૧૨
(૩) ૧૨૬૫ ૮૬૩૧

નોંધ : ઉપરોકત બંને કોઠામાં દશાવેલી મુખ્ય પેદાશો ઉપરાંત મુખ્ય ખનિજો - બોકસાઈ, (વલસાડ) મોલ્ડીંગ સેન્ડ (સુરત) પ્લાસ્ટીક માટી (વલસાડ-સુરત) પણ ઉપલબ્ધ છે. જમીનની ગૌણ પેદાશોમાં ઈંટો બનાવવાની માટી, મરડિયો, કંકરયુ ચૂનાનો પત્થર, સામાન્ય માટી, મુરમ, કાળમીઢ પત્થર, બ્લોલ્ડર, ગ્રેન્ડ સ્ટોન, બાંધકામ માટેના અન્ય પત્થરો અને રેતી પણ મળે છે.

જંગલ કામદાર સહકારી મંડળીઓના અભ્યાસમાં જુદા જુદા ત્રણ જિલ્લાઓમાંથી ૪ મંડળીઓનો સંપર્ક કરી માહિતી મેળવી હતી. જેમાં વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકામાંથી ૧ મંડળી, આહવા-ડાંગ વિભાગમાંથી ૨, મંડળી અને સુરત જિલ્લાના ઉચ્છલ તાલુકામાંથી ૧ મંડળીનો યથા સ્થિતિ અહેવાલ મેળવ્યો હતો.

વલસાડ જિલ્લાની કુલ ૧૬, મંડળીઓમાં ૪૨૦૧૪ સભાસદો હતા. જેમનો શેરફાળો ૩,૨૪,૧૪૧૦ રુા. હતો. જયારે ડાંગ જિલ્લામાં ૧૯૮૨-૮૩ના વર્ષ દરમ્યાન કામ કરતી કુલ ૩૧ જંગલકામદાર મંડળીઓમાં (૧ જંગલસહકારી સંઘ સહિત) ૧૬૭૨૫ સભાસદો હતા. જયારે સુરત જિલ્લાની જુદી જુદી ૪૪ જંગલ કામદાર સહકારી મંડળીઓમા ૧૯૧૧૭ સભાસદો હતા. અહીં પસંદ થયેલ વિસ્તારની અને મંડળીઓની સામાન્ય માહિતી દશાવી છે.

તાલુકાનો પરિચય :

ધરમપુર તાલુકો વલસાડ જિલ્લાનો અને રાજ્યનો મોટામાં મોટો તાલુકો છે. ગુજરાતના આઠ આદિવાસી જિલ્લાઓના ૩૩ તાલુકાઓ પૈકી સૌથી વધુ ગામો અને સૌથી વધુ ક્ષેત્રફળ ધરાવનાર તાલુકો છે.[૧]

---

૧. ધરમપુર તાલુકાના વિકાસ કાર્યક્રમ વિષયક કાર્યગોષ્ઠી સેમિનાર ૨ પેપર ધરમપુર તાલુકાના આદિવાસીઓનું સામાજિક -આર્થિક સર્વેક્ષણ.
મુસ્તાકલી મસવી : ભીખાભાઈ પટેલ-ચંદ્રકાન્ત ઉપાધ્યાય -૧૯૮૧.

ધરમપુર તાલુકો કુલ ૧૬૫૦ ચો. કિલોમીટરના વિસ્તારમાં પથરાયેલો છે. જેમાં ૨૩૭ ગામોનો સમાવેશ થાય છે. આ તાલુકાની ૧૯૭૧ પ્રમાણેની કુલ વસતિ ૧૯૩૭૧૧ની હતી. તેમાં હરિજનોની સંખ્યા માત્ર ૧૨૧૧ની હતી. જ્યારે આદિવાસીઓની સંખ્યા ૧૭૯૧૮૧ની હતી. આમ આદિવાસીઓની વસતિ કુલ વસતિના ૯૩ ટકા જેટલી હતી. જ્યારે ૧૯૮૧ પ્રમાણે ની કુલ વસતિ ૨૩૭૦૭૩ છે. તેમા અ હરિજનોની સંખ્યા ૧૩૪૬ છે અને આદિવાસીઓની સંખ્યા ૨૨૨૭૪૪ છે. જે કુલ વસતિના લગભગ ૯૧ ટકા થાય છે.[૨] જેમાં ધોડિયા, કુકણા, વારલી મુખ્ય છે.

તાલુકાનો કુલ ભૌગોલિક વિસ્તાર ૪૦૩૯૨૨ એકર છે. જેમાં ખેડવાલાયક પિયત-જમીન ૫૫૬ એકર, બિન પિયત ૧૪૦૦૫૮ એકર છે. તાલુકાનો જંગલ વિસ્તાર ૧,૭૪,૯૦૧ એકર છે. અને ખેડવાલાયક પડતર, ગોચર અને ઝાડીની જમીન ૨૯૬૫૯ એકર છે. જ્યારે ખેડાણના ઉપયોગમાં ન લઈ શકાય તેવી ૫૮૭૩૮ એકર છે.

ધરમપુર તાલુકો વલસાડ જિલ્લાની પૂર્વ સરહદે આવેલો છે. તાલુકાની ઉત્તરે વાંસદા અને ચીખલી તાલુકો, પૂર્વે ગાઢ જંગલ વિસ્તારની સાથે પશ્ચિમઘાટના નાના મોટા ડુંગરાઓ આવેલા છે. તેની લગોલગ નાસિક જિલ્લાની હદ, પૂર્વે તેમજ દક્ષિણ દિશામાં રહેલી છે. તાલુકો ૨૦° ઉ.અક્ષાંશ અને ૭૩° પૂર્વ રેખાંશની વચ્ચે આવેલો છે.

તાલુકાનું મુખ્યમથક ધરમપુર તાલુકાની [illegible] સરહદે આવેલું હોઈ તાલુકાના દક્ષિણ અને અગ્નિ દિશાનાં ગામોથી લગભગ ૯૦ થી ૧૦૦ કી.મિ. દૂર પડે છે. જેથી તાલુકાના મુખ્ય મથકે સહેલાઈથી પહોંચી શકાતું નથી. કટોકટીના સમયે, રોગચારો કે દુષ્કાળના સમયે લોકોને ઘણું સહન કરવું પડે છે. તાલુકાનો મોટો ભાગ ડુંગરાળ છે. અને થોડો ભાગ તલાટ વિસ્તાર છે.

ધરમપુર તાલુકો ડુંગરાળ અને પછાત [illegible] હોવાથી પ્રગતિ સાધી શકયો નથી. પરંતુ તાલુકાની પ્રગતિને વેગ આપવા

---

૨. સેન્સસ : ૧૯૮૧.

માટે નામદાર સરકારશ્રી તરફથી એપ્રિલ-'૫૭ની બહુલક્ષી વિકાસ ઘટક યોજનાઓ ૬૬ ની શરૂઆતથી ૩૯ ગામોને આવરી લઇ, તે જ સાલમાં રાષ્ટ્રીય વિસ્તરણ સેવા ઘટકની શરૂઆત થતાં તેમાંથી જાન્યુઆરી - ૧૯૬૩થી આદિવાસી ઘટક નાની વહિયાળ ૬૨ છૂટો પાડવામાં આવ્યો હતો જેમાં ૯૧ ગામોનો સમાવેશ કરાયો. એપ્રિલ ૧૯૬૩થી આદિવાસી વિકાસ ઘટક આંબા જંગલ ધરમપુર રાષ્ટ્રીય વિસ્તરણ ઘટકમાંથી છૂટો પાડી એપ્રિલ-૧૯૬૪થી તેને આદિવાસી ઘટકમાં ફેરવવામાં આવ્યો જેમાં ૪૨ ગામોનો સમાવેશ કરાયો. આમ જુદા જુદા વિકાસ ઘટકો ધ્વારા વાહન વ્યવહારની અગવડો છતાં સહકારી પ્રવૃત્તિના વેગથી તાલુકાની પ્રગતિ ઉત્તરોત્તર વધતી રહી છે. શિક્ષણ ક્ષેત્રે નહિવત પ્રગતિ થઈ છે. જેમાં વાહનવ્યવહારનો અભાવ, શિક્ષકોના રહેઠાણનો પ્રશ્ન, અને ગરીબાઇને કારણે શિક્ષણ એળે ગયું છે. ખેતી ક્ષેત્રે પાણીની અછત વર્તાય છે. વરસાદ ૮૦ થી ૧૨૦ ઈંચ જેટલો પડવા છતાં પ્રદેશ ડુંગરાળ અને પથરાળ હોવાથી પાણી તરત વહી જાય છે. જેથી આ વિસ્તાર દુષ્કાળનો ભોગ વારંવાર બને છે.

તાલુકાના વિસ્તારમાં વિશેષ જંગલ વિસ્તાર હોવાથી કુલ ૧૭ જેટલી જંગલ કામદાર સહકારી મંડળીઓ એનકેન પ્રકારે આ વિસ્તારની પ્રજાને રોજી પૂરી પાડે છે.

આહવા - ડાંગ :

ગુજરાત રાજ્યના દક્ષિણ છેડે ૧૭૭૮ ચો.કિ.મી.નો વિસ્તાર ધરાવતો આ નાનકડો જિલ્લો સહ્યાદ્રિ પર્વતની ઉત્તર છેડે આવેલી પર્વતની હારમાળાના પશ્ચિમ ઢોળવપર, ૨૦°-૩૩'-૪૦'' અને ૨૦°-૫'-૧૦'' ઉત્તર અક્ષાંસ અને ૭૩°-૨૭'-૫૮'' અને ૭૩°-૫૬'-૩૬'' પૂર્વ રેખાંશ વચ્ચે આવેલો છે. આ જિલ્લો ડુંગરાળ અને ગીચ જંગલોથી ભરપૂર છે. સામાન્ય રીતે 'ડાંગ' નો અર્થ પણ ડુંગરાળ થાય છે. સમુદ્ર સપાટીથી ઘણી જગ્યાએ ૧૦૫ મીટરથી ૧૩૧૭ મીટર સુધીની

ઉંચાઈમાં ફેરફાર જોવા મળે છે. બીજો ડાંગનો અર્થ 'વાંસ' થાય છે. આ વિસ્તાર વાંસથી છવાયેલો છે. આ વિસ્તારમાંથી ઉત્તમ પ્રકારનું ઈમારતી લાકડું અને કાંટસવાંસ પેદા થાય છે. આ જિલ્લાનું નામ રામાયણમાં દર્શાવ્યા મુજબ દંડકારણ્ય સાથે પણ આ નામ સંકળાયેલું છે.

૧૯૭૧ની વસ્તી ગણતરી મુજબ જિલ્લાની કુલ વસતિ ૧૧૩૯૯૬ હતી. ૧૦૪૯૭૫ ની વસતિ આદિવાસીઓની હતી. ૧૯૮૧ પ્રમાણે જિલ્લાની કુલ વસતિ ૧૧૩૬૬૪ છે. તેમાં આદિવાસી ઓની વસતિ ૧૦૪૯૧૮ છે. જેમાં કુકણા, ભીલ અને વારલીજાતિનો સમાવેશ થાય છે.

ડાંગ જિલ્લાની ઉત્તરે સુરત જિલ્લાના વ્યારા અને સોનગઢ, અને મહારાષ્ટ્રનો નવાપુર તાલુકો, પૂર્વમાં ધૂલિયા જિલ્લાનો સાકરી તથા નાસિક જિલ્લાના બાગબાણ અને કડવણ તાલુકાઓ, દક્ષિણે નાસિક જિલ્લાનો કડવણ તાલુકો અને સુરગણા મહાલ તો પશ્ચિમ દિશામાં વલસાડ જિલ્લાનો વાંસદા તાલુકો આવેલો છે. X

આ જિલ્લામાં સહકારી માળખું અને સરકાર હસ્તકની સંસ્થાઓએ જિલ્લાના શૈક્ષણિક વિકાસમાં સારો ભાગ ભજવ્યો છે. આજે ડાંગની અંદર કામ કરતી જુદી જુદી ૩૨ જેટલી જંગલ કામદાર મંડળીઓ દ્વારા ડાંગની પ્રજાને નવજીવન બક્ષાવામાં સારૂ યોગ-દાન આપ્યું છે. સહકારી મંડળીઓ દ્વારા ડાંગના વિકાસના કામોને પણ ઉત્તેજન મળેલું, જોવા મળે છે. આજે ડાંગની મોટાભાગની આવક જંગલ આધારિત છે. જંગલ દ્વારા આદિવાસીઓને સારી રોજગારીની તકો અને વધુ રોજી પ્રાપ્ત થાય છે. જેમાં જંગલના જુદા જુદા કામોમાંથી મોટાભાગના કુટુંબો જીવન નિર્વાહ ચલાવે છે. સમગ્ર ડાંગ એક વિશાળ અને અખંડિત જંગલ તરીકે - ગુજરાતની ખુલ્લી તિજોરી તરીકે

X ડાંગ જિલ્લમનમ વિકાસ કાર્યક્રમ વિષયક કાર્યગોષ્ઠી સેમિનાર ફાઈલ - આદિવાસી કે-દ્ર: ગૂજરાત વિદ્યાપીઠ. અમદાવાદ-૩૮૦૦૧૪

ખૂબજ જાણીતું છે.

એટલું તો ચોકકસ કહી શકાય કે સ્વૈચ્છિક સંસ્થાઓ અને સહકારી માળખાએ ગુજરાતને આર્થિક વિકાસમાં પણ હરણફાળ ભરવામાં આ સંસ્થાઓના કાર્યક્રમોએ મુખ્ય ભાગ ભજવ્યો છે. અને હજુ ભજવવાનો રહેશે. સાથે સાથે સરકારશ્રીના તથા બીજી સંસ્થાઓના જે વિકાસ વિષયક કાર્યક્રમો થાય છે તેને સંપૂર્ણપણે સાંકળી લેવાના છે. X ૨

ઉચ્છલ તાલુકો :

સૂરત જિલ્લાની પૂર્વમનં ઉચ્છલ તાલુકો આવેલો છે. તેની આબોહવા માર્ચથી જુલાઇ સુધી ગરમ અને ભોજવાળી રહે છે. જયારે નવેમ્બરથી ફેબ્રુઆરી સુધી હવામાન સૂકું અને ઠંડું રહે છે. જુલાઇ અને ઓગસ્ટમાં અહી વરસાદ વધુ પડે છે. આ વિસ્તાર જંગલોથી છવાયેલો છે. જેને કારણે વરસાદ વધુ રહે છે.

ઉચ્છલ તાલુકાની કુલ વસતિ ૧૯૭૧ મુજબ ૪૪૯૪૦ ની હતી. તેમાં ૪૩૩૪૪ આદિવાસીઓની વસતિ હતી.જયારે હરિજનોની સંખ્યા માત્ર ૨૧ની હતી. જયારે ૧૯૮૧ની કુલ વસતિ ૫૨૬૯૨ની છે. જેમાં ૫૧૩૪૨ આદિવાસીઓ છે. અને હરિજનોની સંખ્યા ૬૫૦ની થઇ છે.

આ તાલુકામાં જુદી જુદી ૧૦ જંગલકામદાર મંડળી ઓ દ્વારા આ વિસ્તારની પ્રજાને પોષવામાં આવી રહી છે.

આદિવાસીઓ અને વન :

આદિવાસીઓનું સમગ્ર જીવન જંગલોની આસપાસ વીટળાયેલું છે. વૃક્ષો તેમના જીવનમાંથી અલગ ન કરી શકાય . વૃક્ષો તરફની તેમની ભકિત તેમના રીતરિવાજોમાં પ્રતિબિંબિત

X૨: ધરમપુર તાલુકાના વિકાસ કાર્યક્રમ વિષયક કાર્યગોષ્ઠી-વિકાસ કાર્યક્રમની બુનિયાદી ફીલસૂફી-આદિવાસી કે-૬. ગૂજરાત વિદ્યાપીઠ : અમદાવાદ-૧૪

થાય છે. જ્યારે બીજી બાજુ આદિવાસીઓ તેમની પાયાની જરૂરિયાતો સંતોષવા માટે વૃક્ષો કાપી નાંખે છે. પરિણામે જંગલો નાશ પામે છે. આમ ઝડપથી નાશપામતાં જંગલોનો પ્રશ્ન એ જ આદિવાસીઓની ગરીબાઈનો અને ભૂખમરાનો પ્રશ્ન છે. આદિવાસીઓની ખોરાક, રહેઠાણ અને બળતણની જરૂરિયાતો સંતોષવા આકર્ષક માર્ગ સૂઝાડવામાં આવે તો જ આ નુકશાનકારક પ્રવૃત્તિ અસરકારક રીતે અટકાવી શકાય.આદિવાસી ઓને આ વિષય વર્તુળમાંથી બહાર લાવવા માટે તેમનેત્રે બદલવામાં રોજગારી અને આવક મેળવવાની તક આપે એવી યોજના ઘડી કાઢવી જોઈએ. આથી તેમની પાયાની જરૂરિયાતો પૂરતા પ્રમાણમાં પૂરી પાડી શકાય.

જેવી રીતે આદિવાસીઓના વિકાસ માટે જંગલ જરૂરી છે. એજ પ્રમાણે આદિવાસીઓ પણ જંગલ વિકાસ અને સુધારણામાં ઘણો મોટો ફાળો આપી શકે. આથી યોજનામાં આદિવાસી વિકાસ અને વન વિકાસને સંકલિત કરવાં જોઈએ. જેથી આદિવાસીઓ વૃક્ષોના વિકાસમાંથી તાત્કાલિક અને સમજી શકે તેવા લાભો મેળવી શકે અને સમજી શકે કે જંગલોનો નાશ તેમને પોતાને અંગત રીતે નુકશાન કરે છે.

જંગલ ખાતા તરફથી આદિવાસીઓના વિકાસ માટે અનોખી યોજનાઓ બનાવવામાં આવી છે. આ યોજના હેઠળ આદિવાસી કુટુંબને જંગલની અઢી હેકટર જમીન આપીને તેમાં વૃક્ષોનું વાવેતર કરવાનું અને તેની દેખરેખ અને ઉછેર કરવા માટે જંગલખાતાએ કુટુંબદીઠ માસિક રુા. ૨૫૦ આપવા એમ નકકી કર્યું છે. જંગલખાતું આદિવાસીઓને રહેવા માટે મકાન પણ મફત બાંધી આપશે. એક સ્થળે પાંચ કુટુંબને વસાવવામાં આવશે.

દસ વર્ષ બાદ વૃક્ષો મોટાં થઈ જાય ત્યારે તેને કાપીને જંગલખાતું વેચી નાખે અને વેચાણ પેટે જે રકમ મળે તેના ૨૦ ટકા નફો કુટુંબ દીઠ આદિવાસીઓને જ આપવો એમ નકકી કરવામાં આવ્યું છે.

આ યોજનાથી વન વિકાસ અને આદિવાસીઓની આર્થિક સધ્ધરતા વધશે. તે નિશંક છે. x

આહવા-ડાંગ, ધરમપુર અને ઉચ્છલ તાલુકાનાં જંગલો એકબીજાથી તદ્ન ભિન્ન એવું વિરોધાભાષી ચિત્ર ખડું કરે છે. જયાં વારંવાર રહેવાનું ગમે એવા કુદરતી વાતાવરણની સાથે જ આદિવાસીઓની વિષમ ગરીબાઈ નજરે પડે છે. પહાડો ઉપર આગના જંગલોનું અતૂટ દૃશ્ય તેમજ આદિવાસીઓના નાના નાના ઝૂંપડાઓની હરોળ જોઈએ - આશ્ચર્યચકિત થઈ જવાય છે. તેમજ આ ઝુંપડાઓમાં વસતા લોકોને ગરીબાઈ સામે સંઘર્ષ ખેલવો પડે છે. એ ખરેખર હૃદય દ્રાવક છે. આ પરિસ્થિતિમાંથી આદિવાસીઓને ઉગારવા અને જંગલોના નાશને અટકાવવાની ખાસ જરૂરિયાત છે. આ પ્રક્રિયા જુદા જુદાં છતા એક બીજા સાથે સંકળાયેલા ત્રણ સ્તરે કામ કરે છે. જે દ્વારા આદિવાસીઓ તેમની મૂળભૂત પ્રથમ જરૂરિયાતો - ખોરાક, રહેઠાણ અને બળતણ સંતોષે છે. જેને માટે તેમની જરૂરિયાતમાં ઉણપ લાવ્યા સિવાય ગેરકાયદેસર થતી ખેતી, વૃક્ષાચ્છેદન, અટકાવવું જોઈએ.

આદિવાસી વિસ્તારનાં જંગલોએ ચાવીરૂપ સંપત્તિ છે, અને તેના વિકાસની વ્યૂહરચના આદિવાસીઓના વિકાસલક્ષી હોવી જરૂરી છે. જેવી રીતે આદિવાસીઓના વિકાસ માટે જંગલો જરૂરી છે. એ જ પ્રમાણે આદિવાસીઓ પણ જંગલ વિકાસ અને સુધારણામાં ઘણો મોંટો ફાળો આપી શકે. અને આ લોકોના સ્વરૂપમાં વિશાળ માનવ સંપત્તિના સમજપૂર્વકના અને કૌશલ્ય પૂર્વકના પ્રબંધથી મેળવી શકાય.

ગુજરાત રાજ્ય વન વિકાસ નિગમ દ્વારા જંગલ વિકાસમાં તેમજ આદિવાસી કલ્યાણના વિકાસમાં નિર્ણાયક ભાગ ભજવી રહ્યું છે. આદિવાસીઓને જંગલ વૃધ્ધિનાં કામોમાં,

---

x ધરમપુર તાલુકાના વિકાસ કાર્યક્રમ વિષયકાર્યગોષ્ઠી - વિકાસ કાર્યક્રમની બુનિયાદી ફીલસૂફી.
આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર : અમદાવાદ : ૧૯૮૧.

ગૌણપેદાશો એકઠી કરાવવાની પ્રવૃત્તિઓમાં સાંકળીને તેમને સ્વાવલંબન પ્રાપ્ત કરવાની દિશાસૂઝ પૂરી પાડી છે. પરંતુ વન વિકાસ નિગમ દ્વારા ઉત્પાદિત માલ મેળવવા અને માલના વેચાણ માટેના તાલીમ પામેલા યુવાનો તૈયાર કરવાની જરૂર છે.×

છેલ્લા ત્રણ દાયકાથી આયોજિત વિકાસ દ્વારા ધરમપુર તાલુકામાં અને બીજા આદિવાસી તાલુકાઓમાં આદિવાસીઓનું જીવન સ્તર ઉંચુ લાવવા માટે કરોડો રુપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. તેમ છતાં તાલુકાના આદિવાસીઓમાં વિષમ ગરીબી નજરે પડે છે. તેને માટે બેરોજગારી, યોજનાઓનો લાભ લેવાનું નીચું સ્તર, બૃહદ સમાજનો આ ક્ષેત્રના વિકાસમાં ઓછો રસ, અસહાયપણાની લાગણી, પોતાની કાર્યક્ષમતા નીચી છે. એવી લાગણી, અને આકાંક્ષાઓનો અભાવ થી તેમને ભૌતિક લાભો ઓછા મળ્યા છે.× પરંતુ આવી પરિસ્થિતિમાં સહકારી મ્રાળખાએ અને તેમાય આ વિસ્તારોની જંગલ મંડળીઓએ આદિવાસીઓમાં પણ પૂયા છે. જે હકીકત બની જાય છે.

હવે અહીં આપણે પસંદ થયેલ મંડળીઓની વિગતો નીચે મુજબ જોઈએ.

<u>આહવા-ડાંગ : વિસ્તારમાં આવેલ જંગલકામદાર સહકારી મંડળીઓ:</u>

<u>જિલ્લાની મંડળીઓની કુલ સંખ્યા : ૩૨</u>

આહવા-ડાંગ વિસ્તારમાંથી જુદી જુદી ૩૦ મંડળીઓમાંથી આહવા વિભાગ જંગલકામદાર સહકારી મંડળી અને ગાઠવી વિભાગ જંગલકામદાર સહકારી મંડળીની પસંદગી કરીને બંને મંડળીઓ કાર્યક્ષેત્રના કુલ-ગામોના ૫૦ સભાસદોની પ્રત્યક્ષ મુલાકાત લઈ અભ્યાસ હાથ ધર્યો હતો. આ જિલ્લામાં કામ કરતી જુદી જુદી જં.કા.સ.મંડળીઓથી સભાસદોને સારો ફાયદો થવા પામ્યો છે.

× જંગલ સંપત્તિ અને આદિવાસીઓનો વિકાસ-સેમિનાર પેપર. ધરમપુર તાલુકાના વિ.કાર્યક્રમ વિષાયક કાર્યગોષ્ઠી.

અનુવાદ : સાયમન મેકવાન : ડૉ. શ્રીમતી દીપ્તી ભટનાગર

×.ધરમપુર તાલુકો : વિકાસ કાર્યક્રમો પર એક દૃષ્ટિપાત
કાર્યગોષ્ઠી ડૉ. ઠાકોરભાઈ નાયક.

જેની વિગતો મૂલ્યાંકનના પ્રકરણમાં દર્શાવી છે. અહી આહવા અને ગાઠવી વિભાગ જં.કા.સ.મં.નો ટૂંકો પરિચય મેળવીએ.

આહવા વિભાગ જંગલ કામદાર સહકારી મંડળી :

પ્રમુખશ્રી	શ્રી કાશીરામભાઈ
કારોબારીના સભ્યો	૯
શિક્ષણ	ધોરણ ૩ પાસ.
પગાર વાર્ષિક	રુા. ૧૦૦૦ ચૂકવવામા આવે છે. અને ભાડુ ભથ્થુ પણ આપે છે.
સમય	: છેલ્લા ૨૨ વર્ષથી આ મંડળી સાથે સંકળાયેલા છે.
જાતિ	: આદિવાસી જાતિમાનાં છે.

ગાઢવી વિભાગ જંગલ કામદાર સહકારી મંડળી :

પ્રમુખશ્રી	: શુકરભાઈ અરજુનભાઈ ગવરી જેઓ ૧૯૭૮-૭૯ સુધી કારોબારીના સભ્ય હતાં.
શિક્ષણ	: ધોરણ ૬ પાસ.
પગાર	: વાર્ષિક રુા. ૧૦૦૦ ચૂકવવામાં આવે છે. અને ભાડુ ભથ્થું પણ અપાય છે.
સમય	: છેલ્લા બે વર્ષથી પ્રમુખશ્રી તરીકે સેવા બજાવે છે.
મંત્રીશ્રી	: જાનકભાઈ બાપુભાઈ સહાયર્. (ચન્દ્રખલ) તેઓ શ્રી ધો.૭ પાસ છે. છેલ્લા ૧૨ વર્ષથી ડેપો કલાર્ક હતા. ચાલુ વર્ષથી મંત્રી પદે નિમાયા છે. તેઓ ઓફિસ, હિસાબી, તેમજ અન્ય કામો કરે છે.

આહવા વિભાગ જંગલ કામદાર સહકારી મંડળીના કાર્યક્ષેત્રમાં કુલ ૧૧ ગામોનો સમાવેશ કરેલ છે. જેમાથી મૂલચોંદ, ભવાનદગડ બુ ગામોના, અને ગાઢવી વિભાગનાં કાર્યક્ષેત્રના કુલ ૧૦ ગામોમાંથી ગાઠવી, જામલાપાડા, દિવાન ટેમ્બ્રુન, એમ ત્રણ ગામના સભાસદોનો પ્રત્યક્ષ મુલાકાત લઈ તેમની સામાંજિક, આર્થિક, બાબતોનો ખ્યાલ મેળવ્યો હતો.

આહવા અને ગાઠવી વિભાગ જંગલ કામદાર સહકારી મંડળીની માહિતી નીચે મુજબ છે.

કોઠા નં.૨૫

આહવા વિભાગ જંગલ મજુર સહકારી મંડળી લિ. આહવા-ડાંગ :
સને. ૧૯૭૮-૭૯ અને સને. ૧૯૭૬-૮૦ ની માહિતી

ક્રમ	વિગત	સને.૧૯૭૮-૭૯	સને.૧૯૭૬-૮૦
૧.	મંડળીનું નામ	પી.૨૮૮૫	પી.૨૮૮૫
૨.	નોંધણી નંબર	૭.૨.૧૯૫૭	૭.૨.૧૯૫૭
૩.	સ્થાપના વર્ષ કાર્યક્ષેત્ર	આહવા રેંજ(પશ્ચિમ)	આહવા રેંજ (પશ્ચિમ)
૪.	વર્ષ	૧૯૫૭	૧૯૫૭
૫.	રેંજ	આહવા(પશ્ચિમ)	આહવા (પશ્ચિમ)
૬.	બ્લોક	-	-
૭.	ઓડિટ વર્ષ	બ.	બ.
૮.	સભાસદોની સંખ્યા	૧૪૩	૨૦૯
૯.	આદિવાસી-બીન આદિવાસી	૧૩૯-૪	૨૦૫-૪
૧૦.	કર્મચારીની સંખ્યા	૧૧	૧૨
૧૦.	આદિવાસી	૧૦	૧૧
૧૧.	બીન આદિવાસી	૧	૧
૧૨.	શેર ભંડોળ	૧૪૩૦.૦૦	૨૧૯૦.૦૦
૧૩.	રીઝર્વ ફંડ	૫૨૫૫૩-૧૨	૫૨૬૬૫.૮૭
૧૪.	મકાન ફંડ	૧૨૮૫.૩૮	૧૨૮૫.૩૮
૧૫.	અનામત ભંડોળ	૧૪૦૪૨૪.૦૩	૧૬૦૮૮૮.૪૧
૧૬.	કૂપ મુખ્ય	આહવા ૧૪/૧૧	ધોધલી ૧૫/૧૧
૧૭.	કુપ થીનીંગ	-	-
૧૮.	સાગ-ખંગ	૩૮૨૫	૨૫૧૬
૧૯.	ઘનમીટર	૫૧૮,૩૮૬	૩૮૯,૯૪૪
૨૦.	કિંમત	૮૫૬૨૨૮.૪૬	૭૦૮૬૧૯.૨૨
૨૧.	રાયવલ ખંગ	૧૯૯૫	૨૧૭૯
૨૨.	ઘનમીટર	૨૬૪,૨૬૪	૩૦૩,૯૭૧
૨૩.	કિંમત	૧૮૫૮૭૩.૮૭	૨૨૬૭૦૭.૧૧
૨૪.	જલાઉ ઢગલી	૧૫૦	૨૧૦
૨૫.	કિંમત	૩૧૩૨૯.૦૦	૫૫૯૯૯.૯૯
૨૬.	કોલસા ગુણ		

ક્રમ	વિગત	સને.૧૯૭૮-૭૯	સને. ૧૯૭૯-૮૦
૨૭.	કિમત	-	-
૨૮.	વેચાણ કરેલ માલ	ઘ.મી.૬૭૭.૧૦૫	ઘ.મી.૬૯૭,૯૧૫
૨૯.	કૂપ કામમાં મજૂર સંખ્યા	૫૪૧	૬૩૯
૩૦.	ચૂકવેલી મજૂરી	૧૮૨૨૩૬.૦૦	૧૫૧૪૪૬.૫૮
૩૧.	વાહતુક કામે ચૂકવેલ રકમ	૪૬૬૩૨.૪૭	૬૭૪૪૮.૧૬
૩૨.	ગાડાવાળાની સંખ્યા	૨૩૧	૨૬૨
૩૨.	ગાઠાથી ~~વહાનુક~~ વાહતુક રકમ	૪૪૧૩૧.૦૦	૫૨૭૩૫.૨૧
૩૩.	ટ્રકથી વાહતુક રકમ	૨૫૦૧.૪૭	૧૪૭૦૯.૯૫
૩૪.	કૂપમાં કરેલ સેવા કાર્ય	૨૪૪૫.૯૫	૨૯૪૩.૭૫
૩૫.	કુપ બહાર કરેલ સેવા કાર્ય	૯૫૬૫.૮૭	૭૯૬૬.૦૦
૩૬.	સભાસદોને આપવામાં આવેલ બોનસ	XXX	XXX
૩૭.	સભાસદની સંખ્યા	૧૦૪	૧૮૯
૩૭.	રોકડ રકમ	(રોકડ)૨૨૬૩૦.૮૦	(વાંસણ)૩૨૨૬૭.૨
	સરકાર તરફથી મળેલ રકમ		
૩૮.	શેર ફાળો	-	-
૩૯.	વ્યવસ્થા ખર્ચ	-	-
૪૦.	સેવા કાર્ય રાહત દરે આપવામાં માલ	૯૯૪.૬૬	હિસાબ બાકી
૪૧.	કેટલા ઈસમો	-	-
૪૨.	ખંગ-ઘ.મી.- કિમત	-	-
૪૩.	નફો	૨૭૮૬.૯૯	૫૨૯૦૩.૪૧

કોઠા નં.૨.૬

ગાઢવી વિભાગ જંગલ કામદાર સહકારી મંડળીની સને ૧૯૭૮-૭૯ સને ૭૯-૮૦ ની માહિતી.

મંડળીની નામ : ગાઢવી વિભાગ જંગલ કામદાર સહકારી મંડળી

ક્રમ	વિગત	૭૮-૭૯	૭૯-૮૦
૧.	મંડળીનું નામ	ગાઢવી વિભાગ જંગલ કામદાર મંડળી.	
૨.	નોંધણી નંબર	ઉ. ૯૯૭	ઉ. ૯૯૭
૩.	સ્થાપના વર્ષ કાર્યક્ષેત્ર	૬-૬-૧૯૭૦	૬-૬-૧૯૭૦
૪.	વર્ષ	૧૦ વર્ષ	૧૧ વર્ષ
૫.	રેંજ	આહવા	આહવા ઉતરડાં.
૬.	બ્લોક નંબર	~~XX~~ ૬	૬
૭.	ઓડિટ વર્ગ	બં.	ઓડિટ થયેલ નથી.
૮.	સભાસદોની સંખ્યા	૩૫૩	૪૩૦
૯.	આદિવાસી	આદિવાસી ૩૫૧	આદિવાસી ૪૨૮
૧૦.	બીનઆદિવાસી	૨	૨
૧૦.	કર્મચારી સંખ્યા આ.	૫ આદિવાસી	૬ આદિવાસી
૧૧ક	બીન આદિવાસી	ના	ના
૧૨.	શેર ભંડોળ	૨૫૦૦૦	૨૫૦૦૦
૧૩.	રિઝર્વફંડ	૩૫૪૫૮-૭૫	૫૩૭૪૭-૯૩
૧૪.	મકાન ફંડ	-	૪૧૦૭-૪૧
૧૫	અનામત	૩૫૪૫૮-૭૫	૫૩૧૭૪૭-૯૩
૧૬	ફૂપ મુખ્ય	-	-
૧૭	સંખ્યા થીનીંગ	૧૭૯૯,૩૧૯૧	૨. ૧૭-૯ ૩૨-૧
૧૮.	સાગ ક્ ફુલ નંગ	નંગ ૨૫૯૫	નંગ ૨૫૯૫
૧૯.	ઘનમીટર	૭૪/૮૭૨	૩૦૧/૭૨૭
૨૦.	કિંમત	૧૧૫૩૧૨-૧૫	૩,૯૮,૪૭૮-૭૯
૨૧.	રાચવલ નંગ	૧૬૫૫	૫૦૫૩
૨૨.	ઘ.મી.	૩૧/૯૦૬	૧૫૦/૪૭૫
૨૩.	કિંમત	૨૩૪૨૫-૧૧	૭૬૬૯૪-૦૨
૨૪.	જલાઉ ઢગલી	-	ઢગલી ૪૧ ઢગાળા ૧૫

ક્રમ	વિગત	૭૮-૭૯	૭૯-૮૦	
૨૫.	કિંમત	-	૬૫૦૦	૧૫૦૦
૨૬.	કોલસા ગુણ	-	-	
૨૭.	કિંમત	-	-	
૨૮.	વેચાણ કરેલ માલ	૧૦૭૨૯-૨૦	૪,૮૩,૧૭૨-૮૧	
૨૯.	કૂપ કામમાં મજૂર સં.	૨૦૦	૩૫૦ બે કૂપ મળી	
૩૦.	ચૂકવેલી મજૂરીની રકમ રૂા.	૩૦૮૨૪-૫૪	૪૮૭૧૨-૨૦	૩૨-૧
			૧૦૮૭૭૬-૨૮	
૩૧.	વાકફુક કામે ચૂકવેલ રકમ ગાડાવાળા સં.	૭૬	૧૫૦	૭૧૫૦-૦૦
૩૨.	રકમ રૂા.	૪૧૫૧-૩૦	૮ ૫૨૦૭-૩૪	
			૪૮ ગાડા ૪૫૪૬-૦૪	
૩૩.	વકવાકુતુક	૭ ૧૩૧૩-૪૨	૭	૬૯૭-૦૦
૩૪.	કૂપમાં કરેલ સેવા કાર્ય રૂા.	૮૮૭-૭૮		૧૧૨૩-૦૦
૩૫.	કૂપ બહાર કરેલ સેવા કાર્ય	૧૫૭-૨૨		-
૩૬.	સભાસદોને આપવામાં આવેલ બોનસ સભાસદ સંખ્યા.	ના		ના
૩૭.	રોકડ	નથી		ના
૩૮.	વાસણ રૂપે	નથી		ના
	સરકાર તરફથી મેળલ રકમ	૩૦,૦૦/-		૩૦૦૦/-
૩૯.	શેરફાળો			
૪૦.	વ્યવસ્થા ખર્ચ	૫૯૯૭-૩૦		૭૩૪૦-૦૦
૪૧.	સેવાકાર્ય કરવામા આવેલ નથી.			
	રાહત દરે આપવામાં આવેલ માલ.			
૪૨.	કેટલા ઈસમો.	-		-
૪૩.	નંગ	-		-
૪૪.	વ.મી.	-		-
૪૫.	કિંમત રૂા.	-		-
૪૬	નફો રૂા.	ખોટ ૧૯૧૨૨-૩૦		૨૨૫૪૪-૭૫

(૧) ધરમપુરમાં આવેલ જંગલ કામદાર સહકારી મંડળીઓની સંખ્યા:

વલસાડ જિલ્લા જંગલ મંડળીઓ।ો સહકારી સંઘ લિ.

ક્રમ	મંડળીનું નામ				
૧.	શ્રી હનમતમાળ	વિ.જં.કા.સ.મં.લી.		ધરમપુર	૩૧
૨.	શ્રી તામછડી	વિ. જં.	કા.સ.મં.લી.	ધરમપુર	૧૯
૩.	શ્રી હુંડા ચોઉ-ડ	વિ.જં	કા.સં.મં.લી.	ધરમપુર	૧૬
૪.	શ્રી કપરાડી	"	"	માલનપાડા	
૫.	શ્રી આંબા ૨ા.	"	"	માલનપાડા	
૬.	શ્રી આમધા	"	"	માલનપાડા	
૭.	શ્રી ધરમપુર	"	"	ધરમપુર	૪૩
૮.	શ્રી વરવટ	"	"	નાનાપોંઢા	
૯.	શ્રી નાનાપોઢા	"	"	નાનાપોંઢા	
૧૦.	શ્રી સિંધા	"	"	વાપી	
૧૧.	શ્રી ફણેપુર	"	"	વાપી	
૧૨.	શ્રી ભીનાર	"	"	ભીનાર	
૧૩.	શ્રી લીમઝર	"	"	વાંસદા	
૧૪.	શ્રી સંકવાઇ	"	"	વાંસદા	
૧૫.	શ્રી માનકુનીઆ	"	"	વાંસદા	
૧૬.	શ્રી ચીખલી	વિ.જં.કા.સ.મં.લી.		ચીખલી	
૧૭.	શ્રી ડુમલાવ	વિ.જં	કા.સ.મં.લી.	વાપી	

ધરમપુર તાલુકાની ઉપરોકત સત્તર મંડળીઓ ધ્વારા જુદા જુદા ગામોને સારી મજૂરી આપે છે. આ વિભાગોમાં આવેલા મંડળીઓના સભાસદોને પણ સ.મં. થી સારો લાભ પ્રાપ્ત થયો છે. જેની વિગતો પાછળ આપી છે.

ઉપરોકત સત્તર મંડળીઓ માંથી હનમતમાળ વિભાગ જંગલ કામદાર સહકારી મંડળી અને તેમાં કામ કરતા જુદા જુદા ગામોમાંના બે ગામોના ૨૫ સભાસદોની જાત તપાસ હાથ ધરી હતી.

પસંદ થયેલ મંડળીની માહિતી :

(૧) હનમતમાળ વિભાગ જંગલ કામદાર સહકારી મંડળી :

કારોબારીના સભ્ય : ૯

મંત્રીશ્રી : જસ્મિભાઇ માધુભાઇ ગામીત. વતન-કોઠાર

શિક્ષણ: એસ.એસ.સી.પાસ.

સમય : છેલ્લા ૧૪ વર્ષથી મંડળીના કામમાં રોકાયેલા છે.

જાતિ: આદિવાસી

રાજકીય પક્ષ : જનતા પક્ષમાં માને છે.

પગાર : ૫૦૦ ફુલ : ૮૪૦ થી ૯૦૦ રુ.

મંડળીની કારોબારીની સમિતિ : માસમાં ૧ વાર મળે છે. વર્ષમાં ૧૨ વખતમળે છે. કામનું મૂલ્યાંકન કરે છે.

સાધારણ સભા : વર્ષમાં એકવાર મળે છે.

મંડળીધ્વારા હરાજીની કાર્યવાહી :

જલાઉલાકડાં : જલાઉ [illegible]ના જુદા જુદા ઢગલા પ્રમાણે અંદાજા તિ ભાવે ક્વિન્ટલ . ભાવ નકકી કરીને કરે છે.

કોલસા : જલાઉ લાકડાંના જો કોલસા તૈયાર કરાયા હોય તો તે ગુણપર - અમુક ગુણી ની ઢગલી બનાવીને રુ. ૨૦૦ થી ૩૦૦ અને રુ. ૫૦૦ થી ૧૦૦૦ સુધીની કિંમતે ઉચ્ચક અપાય છે.

ઈમારતી લાકડાંની હરાજી : ઈમારતી લાકડાં માટે પ્રથમ મંડળી ધ્વારા લાકડાંના વેપારીઓ પાસેથી બંધ કવરમાં ટેન્ડર મંગાવાય છે. ઈમારતી લાકડું મંડળીની જગાપર જુદી જુદી સાઇઝ પ્રમાણે તેના પ્લોટમાં ગોઠવવામાં આવે છે. ત્યારબાદ નકકી કરેલા દિવસે જે જે વેપારીઓના ટેન્ડર આવ્યા હોય તેમને, જંગલખાતાના કાર્યકર્તા, મંડળીના પ્રમુખ મંત્રી, વગેરેને બોલાવી સમૂહમાં સભા યોજીને ટેન્ડર ખોલવામાં આવે છે. અને જેના ભાવ સૌથી વધુ હોય અને મંડળીને નહિ નફો કે નુકશાન નું ધોરણ સાથવી જે તે વેપારીને અપાય છે. ત્યારબાદ વેપારી પાસેથી માલની

માલની કિંમતના ૬૦ થી ૮૦ ટકા સુધીની રકમ ડીપોઝીટ તરીકે મૂકી તેને લઇ જાય છે.

હનમતમાળ વિભાગની જંગલ કામદાર મંડળીની માહિતી નીચે દર્શાવી છે.

કોઠા નં. ૨.૭

હનમતમાળ વિભાગ જંગલ કામદાર સહકારી મંડળી લી. ધરમપુર

ક્રમ	મંડળીનુંરિ નામ	૭૮-૭૯	૭૯-૮૦
૧.	મંડળીનું નામ શ્રી	હનમતમાળ વિભાગ	
	વિભાગ જંગલ કામદાર સહકારી મંડળી લી.		
	મુ. ધરમપુર. જિ. વલસાડ.		
૨.	નોંધણી નંબર	પી.૪૩૨૬	પી. ૪૩૨૬.
૩.	સ્થાપના વર્ષ	તા.૩૧-૧૨-૧૯૫૭	તા.૩૧-૧૨-૧૯૫૭
૪	વર્ષ	૨૪	૨૪
૫.	કાર્યક્ષેત્ર રેંજ	પંગાર બાસ રે.જ	પંગાર બાસ રેંજ.
૬.	બ્લોક	૨ અને ૩ ના ગામો.	૨ અને ૩ના ગામો
૭.	ઓડિટ વર્ગ	''અ''	''અ''
૮.	સભાસદોની સંખ્યાઓ.	૩૯૩૮	૩૯૫૩.
૯.	બીન આદિવાસી	-	-
૧૦.	કર્મચારી સંખ્યા		
	આદિવાસી	૨૩	૨૧
૧૧.	બીન આદિવાસી	-	-
૧૨.	શેર ભંડોળ	૧,૭૭,૩૬૦/-	૨,૫૫,૮૧૫/-
૧૩.	રિઝર્વ ફંડ	૧,૪૮,૪૧૦/-	૧,૪૮,૬૬૧/-
૧૪.	મકાન ફંડ	૫૨,૧૩૪-૧૯	૫૨,૧૩૪-૧૯
૧૫.	અનામત ભંડોળ	૨૫,૦૬૮-૩૨	૨૫,૧૯૯-૨૯
૧૬.	કૂપ મુખ્ય	૫	૫
૧૭.	સંખ્યા થીનીંગ	-	-
૧૮.	સાગ નંગ	-	-
૧૯	ઘનમીટર	૩,૭૦,૨૩૬	૮૮૫-૨૪૩
૨૦	કિંમત	૩,૪૬,૯૫૩-૬૫	૧૦,૭૬,૦૯૪-૧૪

ક્રમ	વિગત	૭૮-૭૯	૭૯-૮૦
૨૧.	રાયવલ	-	-
૨૨.	ઘ.મી.	૭૯૯-૫૦૭	૧,૨૮-૭૮૩
૨૩.	કિંમત	૭,૨૦,૨૧૭-૨૯	૧૧,૮૨,૦૫૮-૬૧
૨૪.	જલાઉ ઢગલી કવી.	૧૬૩૩૯	૭૦૦૬
૨૫.	કિંમત	૪,૬૦,૭૩૫-૪૯	૧,૯૬,૯૪૩-૦૨
૨૬.	કોલસા ગુણ	૨૪,૨૮૭/-	૫૨,૪૧૫/-
૨૭.	કિંમત	૪,૮૫,૪૪૮-૧૦	૯,૨૦,૧૭૮-૨૪
૨૮.	વેચાણ કરેલ માલ	ઈમારતી લાકડું	ઈમારતી, જલાઉ, કોલસા.
૨૯.	કૂપ કામમાં મજૂરી સંખ્યા	૧૨૯૨	૨૪૬૧
૩૦.	ચૂકવેલી મજૂરીની રકમ રૂા.	૪,૧૭,૬૨૨-૩૦	૪,૯૭,૬૨૮-૪૬
૩૧.	વાહનુક કામે ચૂકવેલ રકમ ગાડાવાળા સંખ્યા	૧,૫૪,૬૬૬-૭૩	૨,૧૩,૦૦૭-૫૯
૩૨.	રકમ રૂા.	-	-
૩૩.	વાહનુક	૧,૫૪,૬૬૬-૭૩	૨,૧૩,૦૦૭-૫૯
૩૪.	કૂપમાં કરેલ સેવા કાર્યરૂા.	૧૯૨૯-૨૫	૪૩૯૫-૩૨
૩૫.	કૂપ બહાર કરેલ સેવા કાર્ય	૨૪૨૬-૮૨	૧૧૨૦-૯૦
૩૬.	સભાસદોને આપવામાં આવેલ બોનસ સભાસદ સંખ્યા	૮૮,૯૧૦/-	૨,૮૭,૩૫૨-૧૦
૩૭.	રોકડ	-	-
૩૮.	વાસણ રૂપે સરકાર તરફથી મળેલ રકમ.	-	-
૩૯.	શેર ફાળો	-	-
૪૦.	વ્યવસ્થા ખર્ચ	-	-
૪૧.	સેવા કાર્ય,રાહત દરે આપવામાં આવેલ માલ	૪૩,૫૬-૦૭	૫૫,૧૬-૨૨
૪૨.	કેટલા ઈનામો	-	-
૪૩.	નંગ	-	-
૪૪.	ઘ.મી.	-	-
૪૫.	કિંમત રૂા.	-	-
૪૬.	નફો રૂા.	-	-

ઉચ્છલ તાલુકામાં આવેલ જંગલ કામદાર સહકારી મંડળીઓ.

(૧) સુરત જિલ્લા જંગલ સહકારી સંઘ લી. ઉચ્છલ શાખા.

મુ. પનીયાટી. તા. વ્યારા. જિ. સૂરત.

ક્રમ	મંડળીનું નામ			કાર્યક્ષેત્રના ગામો
૧.	માંગરાણ વિભાગ	જં.કા.સ.મં.લી.	ઉચ્છલ	-
૨.	જામલી	"	"	૭
૩.	કાલીયાઆંબા	"	"	-
૪.	નેશુ વિભાગ	"	"	
૫.	સેવટી વિભાગ	"	"	
૬.	કામલા પુર	"	"	
૭.	પેથાપુર	"	"	
૮.	ભીતવૃક્ષક વાંસ અને જંગલ કા.સ.મં.લી. ઉચ્છલ.			
૯.	નારણપુરા વિભાગ	બંધ હતી પરંતુ ચાલુ વર્ષથી કાર્યકરતી થઇ છે.		
૧૦.	જરાલી વિભાગ			

ઉચ્છલ તીલુકાની ઉપર મુજબની જુદી જુદી દસ મંડળીઓ દ્વારા આ તાલુકાના સહકારી મંડળીના સભાસદોને સારી મજૂરી મળે છે. દરેકને જુદી રીતે કામ અપાય છે. સુરત જિલ્લાની કુલ ૫૦ જેટલી જંગલ કામદાર સહકારી મંડળીઓમાંથી આ તાલુકામાં દસ જેટલી મંડળીઓ કામ કરે છે. તેમાંથી જામલી વિભાગ જંગલ કામદાર સહકારી મંડળીમાંથી અને આ મંડળીમાં રોકાયેલા ૨૦ ગામોના જુદા જુદા ૬૦૦૦ જેટલા સભાસદોને આવરી લીધા છે. તેમાંથી ઠોકરવા ગામના ૨૫ સભાસદોની પ્રત્યક્ષ મુલાકાત લઇ કામગીરી હાથ ધરી હતી.

જામલી વિભાગ જંગલ કામદાર સહકારી મંડળીનો ટૂંકો પરિચય અહીં આપ્યો છે.

જામલી વિભાગ જંગલ કામદાર સહકારી મંડળી :

પ્રમુખશ્રી : શાંતુભાઇ મનીયાભાઇ (ટોકરવા)

મંત્રીશ્રી : જામુભાઇ કોટિયાભાઇ વસાવા.(અમરૂટી)

શ્રી શાંતુભાઇ મંડળીના પ્રમુખ તરીકે છેલ્લા બે વર્ષથી કામ કરે છે. છેલ્લા ૬ વર્ષ પહેલાં સભાસદ થયા હતા.

શિક્ષણ. : ધો. ૪ પાસ.

પગાર : રુા. ૧૦૦૦ અને ભાડુ તેમજ ભથ્થુ રુા. ૧૨ પ્રમાણે આપે છે.

આ મંડળીની વિગતો અહી નીચે દશાર્વી છે.

કોઠા નં. ૨.૮

શ્રી જામલી વિભાગ જંગલ કામદાર જંગલ કામદાર સહકારી મંડળી લી. ઉચ્છલ

ક્રમ	વિગત	૭૬-૭૯	૭૯-૮૦
૧.	મંડળીનું નામ	શ્રી જામલી મંડળી ઉચ્છલ	
૨.	નોંધણી નંબર	પી.૧૩૯૪/ તા.૨૧-૨-૫૭	
૩.	સ્થાપના વર્ષ	સને ૧૯૫૭	
૪.	વર્ષ	૨૩ વર્ષ	
૫.	કાર્યક્ષેત્ર	નેવું રેંજ ઉચ્છલ	
૬.	બ્લોક	કુપી કટાસ સુધા. ૪/૨૦ જામલી ૪/૧૯	ધુમીકટાસ કુવા. ૫/૨૦ ટોકરવા ૫/૧૯ બ.
૮.	સભાસદોની સંખ્યા આદિવાસી	૩૭૮	૪૦૩
૯.	બીન આદિવાસી	૧	૧
૧૦.	કર્મચારી સંખ્યા આદિવાસી	૧૯	૨૩
૧૧.	બીન આદિવાસી	-	-
૧૨.	શેર ભંડોળ	રુા.૫૬૩૫/-	રુા.૫૮૭૫/-
૧૩.	[illegible] રિઝર્વ ફંડ	રુા.૧,૭૨,૭૬૫-૨૨	રુા.૧,૭૨,૮૧૩-૨૨
૧૪.	[illegible] મકાન ફંડ	રુા. ૫૨,૬૭૨-૧૯	રુા. ૨૦૫૫૯૭-૨૧

ક્રમ	વિગત	૭૮-૭૯	૭૯-૮૦
૧૫.	અનામત ભંડોળ	૨૮,૫૦૭-૪૫	૩૪,૭૧૪-૪૫
૧૬.	કૂપ મુખ્ય	ઘુમીકટાસકુવા ૪/૨૦	ઘુમીકટાણકુવા ૫/૨૦
૧૭.	સંખ્યાથીનીગ	જામલી ૪/૧૯	૧ (એક) ટોકરવા ૫/૧૯
૧૮.	સાગ ખંગ	૫૭૬૧ ૪૦૬૪ ૯૮૨૫	૯૦૧૧
૧૯.	ધનમીટર	૬૦૧,૬૦૪ ૩૮૧,૮૫૭ ૯૮૩,૪૬૧	૮૨૭,૩૯૩
૨૦.	કિંમત	૬,૩૯,૭૨૪-૭૮ + ૬,,૬,૬૦૨-૨૧	૧૦,૬૧,૦૩૧-૨૨
૨૧.	રાયવલ ખંગ	૭૧૩ + ૮૯૬	૮૮૮
૨૨.	ધ.મી.	૧૨૮,૮૪૭ + ૧૬૯, ૯૯૧.	૧૬૪,૭૯૫
૨૩.	***. કિંમત	૬૩,૫૨૮-૪૨ + ૫૮,૨૧૨-૩૩	૧,૦૯,૦૨૮-૫૬
૨૪.	જલાઉ ઢગલી	૧૧૭૨ ૬૯૮ ૧૮૭૦	૧૫૯૮
૨૫.	કિંમત	૪૨,૯૬૮-૫૧ + ૧,૧૯,૫૬૭-૦૦	૧,૨૬,૯૯૮-૫૧
૨૬.	કોલસા ગુણ	-	-
૨૭.	કિંમત	-	-
૨૮.	વેચાણ કરેલ માલ	-	-
૨૯.	કૂપ કામમાં મજૂર સં.	૩૭૫	૩૯૭
૩૦.	ચૂકવેલી મજૂરીની રકમ રૂા.	૨,૦૯,૧૮૨-૫૯	૪,૫૧,૧૩૭-૬૫
૩૧.	વાકતુક કામે ચૂકવેલ રકમ ગાડા-વાળા સંખ્યા.	૯૮૧ ગાડાવાળા	૭૬૩ ગાળાવાળા
૩૨.	રકમ રૂા.	૪૦,૯૧૨-૬૪	૪૮,૨૯૧-૧૫
૩૩.	ટ્રક વાકતુક	૨૦,૪૫૬-૩૮	૫૨,૦૨૮-૨૮
૩૪.	કૂપમાં કરેલ સેવા કાર્ય રૂા.	૨૩,૯૫૪-૨૦	૩૦,૨૩૯-૨૦

નો જુઓ

ક્રમ અ	વિગત	૭૮-૭૯	૭૯-૮૦
૩૫.	કૂપ બહાર કરેલ સેવા કાર્ય.	૭,૭૨૬-૧૦	૫૨૫૮-૦૦
૩૬.	સભાસદોને આપવામાં આવેલ બોનસ સભાસદ સંખ્યા	૩૭૯ સ.સંખ્યા.	સરકારશ્રી તરફથી ફાઈનલ હીસાબ થઈ ને આપવા નથી જેથી બોનસ ચૂકવ્યું નથી.
૩૭.	રોકડ		
૩૮.	વાસણરૂપે	વાંસણરૂપે ચૂકવ્યું.	
૩૯.	સરકાર તરફથી મળેલ રકમ:		
૩૯.	શેર ફાળો	-	-
૪૦.	વ્યવસ્થા ખર્ચ	-	-
૪૧.	સેવા કાર્ય	-	-
	રાહત દરે આપવામાં આવેલ માલ		
૪૨.	કેટલા ઈસમો		૧ સેવા સંઘ બારડોલી ને આપ્યા.
૪૩.	નંગ	-	૧૫૦
૪૪.	ઘ.મી.		૭,૧૪૪
૪૫.	કિંમત રૂા.	-	૬,૨૪૬-૦૭
૪૬.	નફો રૂા.	૧,૬૨,૪૪૬-૫૮	૧,૧૨,૫૭૮-૧૬

પસંદ થયેલ જંગલ કામદાર સહકારી મંડળીઓની સને ૧૯૭૮-૭૯, ૧૯૭૯-૮૦ના ચારે અહેવાલની માહિતી ઉપર મુજબ મંડળી પ્રમાણે જોવાથી મંડળીની કાર્યવાહી મંડળી દ્વારા આપવામાં આવતી મજૂરી તેમજ કેટલા સભાસદોને રોજી પૂરી પાડવામાં આવે છે. તેની વિગતો ઉંડાણપૂર્વક જોઈ શકાય છે. એટલું જ નહિ તેમને કેવા પ્રકારના કૂપ વર્ષ દરમ્યાન મળે છે તેમાં - મુખ્ય- થીનીંગ નો પણ સમાવેશ થાય છે. દરેક મંડળીનો જુદા જુદા ૪૬

મુદ્દાઓમાં તેના અહેવાલની નોંધ જોવાથી મંડળીઓની સમગ્ર કાર્યવાહી સમજી શકાય છે.

ઉપર મુજબ પસંદ થયેલી ચારે મંડળીઓના વિસ્તાર, તાલુકા અને મંડળીઓનો ટૂંકો અહેવાલ જોવાય પછી જંગલ કામદાર મંડળીની કાર્યવાહીની નોંધ અને જુદા જુદા મજૂરીના પ્રકાર અને ચૂકવાતી - (નવી અમલી બનેલી રકમ પ્રમાણે) મંડળીની કાર્યવાહી અને વહીવટમાં સાંકળી લેવાયેલી બાબતો ઉપરાંત મંડળીને ફાળવવામાં આવતા કૂપની વહેંચણીની નોંધ તેમજ પસંદ થયેલ મંડળીઓના વિસ્તાર પ્રમાણે અભ્યાસમાં ~~મંડળીઓને~~ આવરી લીધેલ નમૂનાના કુટુંબોની સર્વેક્ષણ નોંધ પ્રકરણ-૩માં દર્શાવી છે.

પ્ર ક ર ણ : ૩
-:-:-:-:-:-

મંડળીઓના વહીવટ, કાર્યપધ્ધતિ અને પસંદ થયેલ મંડળીઓના સભાસદોની સર્વેક્ષણ નોંધ

જંગલ કામદાર સહકારી મંડળીઓના વહીવટ, કાર્યપધ્ધતિ મંડળીઓના સભાસદોના સર્વેક્ષણની નોંધ અને વ્યક્તિગત અભ્યાસો દ્વારા મંડળી દ્વારા શું થયું છે. તેમની આવક, ખર્ચ, દેવું અને અકસ્માતના સાધનો અને જીવન-સ્તરમાં શો ફાયદો થયો તેની વિગતો આ પ્રકરણમાં દશાર્વી છે.

જંગલ મંડળીની કાર્યવાહીની નોંધ : મજૂરોના દરો :

દરેક જંગલ કામદાર સહકારી મંડળીઓને પોતાના કર્મચારીગણ હોય છે. જે મોસમ પુરતા ૨૦ માણસો રોકે છે. જેમાના ૯ માણસ કાયમી હોય છે. જેઓની કાર્યવાહી નીચે મુજબ ગણાવી શકાય.

(૧) પ્રમુખશ્રી : મંડળીના કામોની દેખરેખ રાખે છે. અને નિરીક્ષણ કરે છે. પગાર રુા. ફુલ વાર્ષિક ૧૦૦૦ તથા ભાડુ ભથ્થું.

(૨) મંત્રીશ્રી : મંડળીના વહીવટી માળખાની જવાબદારી રાખે છે. પગાર રુા. માસિક ફુલ ૮૪૦/-

(૩) હિસાબનીશ: જંગલ' ફૂપના કામોનો. જુદી જુદી ચૂકવણીઓનો વ્યવસ્થિત હિસાબ રાખે છે. અને બજેટ તૈયાર કરે છે.

(૪) કલાર્ક : હિસાબી કામકાજમાં મદદ કરે છે. અને મંડળીની ટપાલના કામો તેમજ પરચૂરણ કામો પણ કરે છે. ગ્રેડ. ૨૩૦-૪૦૦ રુા.

(૫) પટાવાળા:મંડળીના કાર્યાલય ઉપર રહી મંડળીના કામો અ અને અન્ય સેવાઓ આપે છે.

(૬) ડેપો મુખ્ય:
ડેપો કલાર્ક: તેને પગાર ધોરણથી મર્યાદિત સમય માટે રાખવામાં આવે છે.(૭ થી ૮ માસ) તે વેપારીના બીલોની ચકાસણી, માલની દેખરેખ,

આવક જાવક (માલની) નોંધ રાખે છે. હરાજી વખતે માલના વેચાણના બીલો તૈયાર કરવા, ડેપો પર જંગલમાંથી વાહતુક ધ્વારા લાવવામાં આવેલ માલની ગોઠવણી કરાવવી. વગેરે કામો કરે છે. તેને સરકારશ્રીએ કરાવેલ પગારધોરણ અપાય છે.

ડેપોની કાર્યવાહી

ડેપો પર લાવવામાં આવેલ માલની ગોઠવણી માટે તેમાં ઇમારતી લાકડાં માટે પાળા બનાવવા ૧૬.મી.ના ફરુા. લેખે મજૂરી ચૂકવીને બનાવાય છે. જલાઉ લાકડાં માટે તોલાઈની વ્યવસ્થા કરી ક્વિન્ટલ દીઠ રુા. ૦-૧૦ની મજૂરી મજૂરને ચૂકવાય છે. ઢગલા બનાવવા : વાહતુક ધ્વારા ડેપો પર લાવવામાં આવેલ માલને વ્યવસ્થિત અને આકર્ષિત રૂપમાં ગોઠવવા માટે લંબચોરસ આકારના ઢગલા બનાવાય છે. જેની મજૂરી ૦.૮૦ પૈસા ચૂકવવામાં આવે છે.

ઉપરનું બધું કાર્ય ડેપો કલાર્ક મજૂર ધ્વારા કરાવે છે.

(૭) મુકાદમ : સરકારશ્રીના હુકમ નં.જસમ/૧૦૭૫/મ/૧૩૩૪. તા.૨૧-૬-૮૨ મુજબ રુા. ૧૯૬ પગાર વત્તા ૬૨ વર્ષમાં ઈજાફો ચઢાવતા જે પગાર થાય તે વત્તા મોંઘવારી ભથ્થું જે તે સમયે પ્રવર્તતા ધારાધોરણ મુજબ સુધારેલ પગાર ધોરણ મુજબ ચૂકવવામાં આવે છે.

મુકાદમ જંગલમાં જ્યાં ક્ષ કૂપનું કામ ચાલતું હોય ત્યાં રહી કામની દેખરેખ અને કાર્યવાહીની નોંધ મંડળીને આપે છે.

મુકાદમ-૧ કરતાં વધુ રોકી શકાય છે. પરંતુ ઇમારતી માલનો ગુણક મુજબ રોકાય છે.

૨૦૦ ઘ.મી. સુધી -૧
૨૦૦ થી ૪૦૦ સુધી :૨
૪૦૧ થી ૭૦૦ ઘ.મી. :૩
૭૦૧ થી ૧૦૦૦ઘ.મી. :૪

એક વધારેમાં વધારે ૭ મુકાદમ રોકી શકે છે. જેમની વરણી સાત માસ માટે કરવામાં આવે છે.

૮.એજ-૮: એજ-૮ની નિમણૂંક પગાર ધોરણ ૨૬૦-૪૦૦ના ગ્રેડમાં કરવામાં આવે છે. તેને નોકરી ની મુદત પ્રમાણે દર વર્ષે ઈજાફો અને મોંઘવારી ભથ્થુ ચૂકવવામાં આવે છે. તેની નિમણૂંક પણ મુદતી થાય છે. જે સંપર્ક અને મંડળીના માલની નિકાસના કામો કરે છે.

૯. નિરીક્ષક: નિરીક્ષક એક તાલુકાની જુદી જુદી ચારથી પાંચ મંડળીઓ દીઠ માસિક રુ. ૨૦૦ના પગારથી રોકવામાં આવે છે.

નિરીક્ષકમાં એક ખાતાકીય (જંગલખાતાનો) પણ હોય છે. જેનું ખરેખર ખર્ચ ખાતા દ્વારા ચૂકવાય છે.

હવે મંડળી દ્વારા સભાસદોને અને તેમા કામ કરતા સેવકોને મજૂરોને જુદા જુદા ધોરણ પ્રમાણે શું મજૂરી ચૂકવાય છે. તેની વિગતો તપાસીએ.

અનુ.નં.	મજૂરીની કક્ષા	દૈનિક વેતન	મોંઘવારી ભથ્થુ
			૧-૪-૮૨થી ૩૦-૯-૮૨ સુધી

હિસાબી કામકાજ :

જંગલ કામદાર સહકારી મંડળીઓ બે પ્રકારે હિસાબી કામકાજનો હિસાબ રાખે છે. (૧) જંગલ કામદાર મંડળીનું વ્યવસ્થાતંત્ર (૨) કૂપવાર હિસાબો. (ટૂંકમાં ૧ જંગલ કામદાર મંડળીને જુદા જુદા મળેલા હિસાબ અને બીજું આખી મંડળીઓનો હિસાબ).

૦ જંગલ કામદાર મંડળીના વહીવટી માળખાને - રજીસ્ટાર-જંગલકામદાર મંડળીઓ દ્વારા સૂચવેલ અને મંડળીના ધારા-ધોરણ

મુજબ મુખ્ય હિસાબો રાખવાના હોય છે. સામાન્ય હિસાબોનું જિલ્લા રજીસ્ટ્રાર ઓફિસના ઓડિટરો દ્વારા ઓડિટ કરવામાં આવે છે. અને બીજી મંડળી કૂપદ્વાર નીચેના ૩૭ પ્રકારે કૂપ-કામ ના ખર્ચના હિસાબો રાખે છે. જેના અ અને બ એમ બે વિભાગમાં આ ખર્ચની ગણતરી જુદી જુદી ૩૭ આઈટમ પ્રમાણે રાખે છે. જેની નોંધ નીચે પ્રમાણે છે.

(૧) દૈનિક રોજ
(૨) ફીલીંગ
(૩) સરખું કરવું
(૪) પોલીસ કરવું.
(૫) જલાઉ લાકડાં કાપવા.
(૬) ઘવા ખર્ચ
(૭) લાકડાના કોલસા પાડવા
(૮) ~~કેરટેકરે~~ દેખરેખ રાખનાર
(૯) રાખ
(૧૦) જલાઉં
(૧૧) માંડવો બનાવવો.
(૧૨) કુપના ~~કેરટેકરે~~ મેજ-ટને પગાર.
(૧૩) જલાઉ લાંકડા, કોલસા અને ઈમારતી લાકડાં ચઢાવવા-ઉતારવા.
(૧૪) ગાઠા દ્વારા વાહતુર
(૧૫) કુપથી માંડવા સુધીના રોડ બનાવવા.
(૧૬) પાસ બુક
(૧૭) જકાત અને ફેરી દર
(૧૮) જમીન ભાડું
(૧૯) કાર્યાલયનું મકાન ભાડું
(૨૦) વેચાણ ડેપો અને માપણી
(૨૧) વોચમેનનો પગાર
(૨૨) માપણી
(૨૩) જલાઉ લાકડાંનું વજન કરવું.
(૨૪) ડેપો ખાતે ઉતારવાનો દર

(૨૫) મંત્રી, હિસાબનીશ, કારકુન વગેરેનો પગાર ચૂકવણી.

(૨૬) સ્ટેશનરી (કાગળ વગેરે).

(૨૭) ટપાલ ખર્ચ

(૨૮) પ્રવાસ ખર્ચ

(૨૯) કરવેરા (કુપ - કામના)

(૩૦) લોનનું વ્યાજ.

(૩૧) કમીશન

(૩૨) સાધનો વગેરેનું ઘસારા ખર્ચ

(૩૩) કલ્યાણ પ્રવૃત્તિ આલમ. ૧ થી ૭, ૯ થી ૧૧, ૧૩ થી ૧૫, ૨૦.

(૩૪) હિસાબ ચકાસણી ફી

(૩૫) અકસ્માત વીમાનો હપ્તો.

(૩૬) પરચૂરણ .

(૩૭) ચઢાવવા-ઉતારવાના સાધનોની મરામત.

વેચાણ પધ્ધતિ :

કૂપનું કામ જ્યાં ચાલતું હોય ત્યાંથી સમગ્ર માલ ડેપો પર આવી ગયા પછી, ખાતા દ્વારા લાકડાના વેચાણની જાહેરાત આપવામાં આવે. જાહેરાતમાં માલની વિગત, લાકડાંના પ્રકાર, સાઈઝ, અને ખરેખર શું સ્થિતિમાં છે. તે દર્શાવાય છે. આ બધી કાર્યવાહી નકકી કરેલા દલાલો (સરકારી) મારફતે થાય છે. મોટેભાગે આ એજન્ટો કે જેઓ વચ્ચે રહી વેચવાના છે તેઓ એ પ્રથમ ડીપોઝીટ તરીકે અમુક રકમ ભરી દેવી પડે છે. હકીકતમાં તો કુલ કિંમતના ૧૦ ટકા કિંમત ભરી દે છે.

ટેન્ડર પધ્ધતિ દ્વારા જ વેચાણની પ્રક્રિયા હાથ ધરાય છે. ૬૦ ટકા ડીપોઝીટ જંગલ ખાતાને ભરી દે છે. ત્યારબાદ ખાતાના નિરીક્ષક દ્વારા - જે તે મંડળીને સોંપાયેલ કૂપનું કામ રાબ સાથે પૂર્ણ થયું છે કે કેમ ? ડેપો પરથી માલનો ઉપાડ પૂરો થયો છે કે કેમ ? તેની બરાબર ચકાસણી કર્યા પછી જ જંગલખાતા દ્વારા મંડળીને પૈસા મળે છે.

ઈમારતી (માલ) લાકડાં અને જલાઉ માલ વેચાણની શરતો

શરત નં.૧. જે ગૃહસ્થ મંડળી યા સંઘના નોમીનલ સભાસદ હશે તે જ હરાજીમાં માંગણી કરી શકશે.

૨. હરાજીમાં બોલી બોલતા અગાઉ હરાજીની શરત ઉપર દરેકે સહી કરવી પડશે. અને તે તેમને બંધનકર્તા રહેશે. તેમ કરવામાં ચુકશે તો હરાજીમાં બોલી બોલવા દેવામાં આવશે નહિં.

૩. જંગલ મંડળીના તથા રાજ્ય સરકારના વન ખાતાની કાળી યાદીમાં : બ્લેક લીસ્ટમાં : મુકાયેલ તથા નાદાર મગજની અસ્થિરતાની હાલતવાળા તથા ૧૮ વર્ષની અંદરના હોય તેવા ગૃહસ્થોને હરાજીમાં માંગણી કરવા દેવામાં આવશે નહિં. જે શખ્સ પાસે જંગલ મંડળીનું બાકી લેણુ નીકળતું હશે તેવા શખ્સને હરાજીમાં ભાગ લેવા દેવામાં આવશે નહિં.

૪. હરાજીમાં માંગણીદારે બોલી બોલતા પહેલા ખરાપણાની રકમ રુા. ૧૦૦૦/- અંકે એક હજાર મંડળીને રોકડા ભરવા પડશે. અને આ રકમ માંગણીદાર ના નામે આ હરાજી આ તેમણે ખરીદેલ તમામ લોટના માલની નિકાલ થાય ત્યાં સુધી અનામત ખાતે જમા રહેશે.

૫. જાહેર કરેલા માલનું વેચાણ લોટ વાર મુકરર કરેલ સ્થળે ખુલ્લી હરાજીથી કરવામાં આવશે. અનિવાર્ય સંજોગોમાં કોઈકવાર અમુક માલ હરાજીમાંથી પાછો ખેંચી લેવાની જરૂર પડે તો તે લોટ વેચાણમાંથી નીચે સહી કરનાર બાકાત કરી શકશે.

૬. માંગણીદારે આખા લોટ માટે માંગણી વેચાણ ડેપો બેઠા આપવાની છે. તેમણે પુરેપુરું નામ અને સરનામું લેખિતમાં આપવું પડશે.

૭. જે માલના લોટની માંગણી સ્વીકારવામાં આવી હશે તે માટે ખરીદનાર માંગણી પત્રક : બીડ લોટ: ઉપર સહી કરી આપવી પડશે. અને આવી માંગણી

તેમને બંધનકર્તા રહેશે. આવી માગણી કોઈપણ સંજોગોમાં કોઈપણ જાતની ગણતરીની ભુલચુક અગર ગફલત અગર ખોટ કે તોટાને કારણે પરત અગર રદ બાતલ કરી શકાશે નહિ.

૮. માલ ખરીદનાર વેપારી અગર વ્યકિત પોતાના વતી બીજા કોઈ વ્યકિતને હરાજીમાં બોલી બોલવા અને માલ ખરીદવા મોકલશે તો તેમને કાયદેસરનું કોર્ટ સર્ટીફાઈડ કરેલુ મુખત્યારનામું : પાવર ઓફ મેટની : હરાજીમાં બોલી બોલતા પહેલા આપવું પડશે. તેમ નહી કરનારને હરાજીમાં ભાગ લેવા દેવામાં આવશે નહિ.

૯. હરાજીમાં માંગણી કરતા પહેલા માગણીદાર પોતે માલનો જથ્થો નંગ અને જાત જોઈ ખાત્રી કરીને અને તપાસીને માંગણી કે આપી છે. એ માની લેવામાં આવશે. એક વાર હરાજી મંજુર થયા પછી માલના વર્ણન, જાત, માપ અગર માલના કમીપણા બદલની ફરિયાદ સાંભળવામાં આવશે નહિ. પરંતુ કોઈ કિસ્સામાં માલના સોટના માપ બારામાં ભુલ હોય તો જે દિવસના હરાજીની તારીખથી દિન ૧૦ માં ફરિયાદ લેખિતમાં નીચે સહી કરનાર ને આપવાની રહેશે. જો માપમાં એક ટકા કરતા વધારે ઘટ જણાશે તો સોદાભાવ મુજબ મજરે આપવામાં આવશે. માલ ઘટ આપવાનો નીતિનો દુરઉપયોગ કરનાર વેપારી કર્મચારી સામે પગલા લેવામાં આવશે.

૧૦. માંગણી મંજુર કરવી યા ન કરવી તે મંડળીના અને વન ખાતાના નાયબ વન સંરક્ષકશ્રીની મરજી પર રહેશે.

૧૧. શરતોનો અર્થ અમલ અંગે તે વાત વિવિદાસ્પદ ઉપસ્થિત થાય તો તે અંગે વન સંરક્ષકશ્રીનો નિર્ણય છેવટનો ગણાશે.

૧૨. માલની કોર્ટ માલ ખરીદનારે ભોગવવાની રહેશે.

૧૩. હરાજીમાં માલ રાખનાર સાથે તકરરા પડે તો ગુજરાત સરકારના અને ૧૯૬૧ના સહકારી મંડળીઓને કાયદા

મુજબ નિવેડો લાવવા અગર જે તે વિસ્તારની ન્યાયની કોર્ટમાં ફોજદારી યા દિવાની રાહે પગલા લેવા મંડળી અને વન ખાતું મુખત્યાર રહેશે.

૧૪. માલની કિંમતની ૧૦ ટકા રકમ હરાજી પુરી સાથે રોકડ અગર ડીમાન્ડ ડ્રાફટ અગર ચેકથી ભરપાઇ કરવામાં આવશે. હુંડી સ્વીકારવામાં આવશે નહિ. આ ૧૦ ટકાની રકમ માલની કિંમતમાં બીલમાં મજરે આપવામાં આવશે. આવી ૧૦ ટકાની રકમ નિયત સમયમાં ભરપાઇ કરવામાં નહિ આવશે તો ખરાબણાની રકમ તેમ જ બીજી જમા રકમ આવેલ રકમ મંડળી તરફથી જપ્ત કરવામાં આવશે. તેના ઉપર માલ ખરીદનારનો કોઇ હકક રહેશે. નહિ. અને માંગણીઓ ખરીદનારને કોઇ નોટિસ આપ્યા વગર આપોઆપ રદ થયેલી ગણાશે. આવો માલ મૂળ ખરીદનારના શિરે ને જોખમે ફરીથી હરાજી કરવામાં આવશે. માલનું ફરીજી હરાજી વેચાણ કરતા મંડળીને કોઇ ખોટ જશે તો તે માટેની રકમ તથા ૯½ ટકાના દરે ચક્રવૃધ્ધિ વ્યાજ અને બીજા ખર્ચ સહિતની મૂળમાંણણીદાર પાસેથી નુકશાની તરીકે વસુલ કરવામાં આવશે. જો માલની કિંમત વધુ ઉપજશે તો તેના ઉપર મુળ ખરીદનારનો કોઇ હકક રહેશે નહિ. અનિવાર્ય સંજોગોમાં ૧૦ ટકાની રકમ અથવા રકમનો કોઇપણ બાકી ભાગ વ્યાજ સહિત સ્વીકારવો કે કેમ ? તેનો નિર્ણય કરવાની સત્તા મંડળીના મંત્રીશ્રી અને નાયબ વન સંરક્ષકશ્રીની રહેશે.

૧૫. માલની કિંમતના બાકીના ૯૦ ટકા રકમ હરાજીની તારીખથી ૯૦ દિવસની અંદર : તા.....

સુધીમાં : અગર માલ ઉપાડતા પહેલા આ પૈકી જે મુદત પહેલી હશે તે તારીખે માંગણીદારે મંડળી નાં હિસાબો મંડળીને ચુકતે ભરપાઇ કરવી પડશે. આ પ્રમાણે વર્ત્વામાં માંગણીદાર ચૂકશે તો મંડળીને

જમા આપેલી તમામ રકમ મંડળી જપ્ત કરશે. અને માંગણીઓ આપોઆપ રદ થશે. અને તે માટે કોઇ નોટીસની જરૂરત રહેશે નહિં. આવો માલ મૂળ ખરીદનારના શિરે ને જોખમે ફરીથી હરાજી કરવામાં આવશે. માલનું વેચાણ ફરીથી વેચાણ કરતા મંડળીને ખોટ જશે તો તે ખોટની રકમ તથા ૯ ૩/૮ ટકાના દરે ચક્રવૃધ્ધિ વ્યાજ સહિત તેમજ બીજો ખર્ચ મૂળ માલ ખરીદનાર પાસેથી નુકશાની તરીકે વસુલ કરવામાં આવશે. જો તેમ કરવા વધુ નાણાં ઉપજશે તો તેના ઉપર મૂળ માલ ખરીદનારનો કોઇ હકક રહેશે નહિં. અનિવાર્ય સંજોગોમાં ૯૦ દિવસ પછી ૯૦ ટકાની રકમ અથવા રકમનો કોઇ બાકી ભાગ વ્યાજ સહિત સ્વીકારવો કે કેમ ? તેનો નિર્ણય કરવાની સત્તા મંડળીના મંત્રીશ્રી અને નાયબ વન સંશક્ષણશ્રીની રહેશે.

૧૬. માલ ખરીદનારે વેપારીને માલની કિંમત ધારા ધોરણ સર કેન્દ્ર તથા રાજ્ય સરકારનો વેચાણવેરો ભરવાનો રહેશે.

૧૭. વેચાણ આપેલ માલ બીજાના નામે તબદીલ કરી શકાશે. તબદીલ લગત માલની કિંમતના દર સૈકડે ૧ ટકા પ્રમાણે માંગણીદાર :માલ લેનારની સહી સાથે લેખિત અરજી સાથે ચુકવવાની રહેશે. પરંતુ આવી તબદીલ એક વાર બનીલક્ષ બનાવી લઇ ગયા પછી આપવામાં આવશે નહિં.

૧૮. મુદત દરમ્યાન માંગણીદાર જેમ જેમ માલ ઉપાડતા જાય તેમ તેમ માલની કિંમતના ૯૦ ઠકા રકમ માલ ઉપાડતા પહેલા ચુકવવી પડશે. પરંતુ જે માલનો લોટ ૧૨ ઘ.મી. કરતાં વધારે હોય તેવા માલના લોટની રકમ ખરીદનારને ભરવામાં રાહત રહે તે હેતુથી વેચાણ રાખેલ લોટ માટે લોટ વાર માલ ની કિંમતના ૯૦ ટકાની રકમ ભરી માલ લઇ જવાની છુટ રહેશે. કોઇપણ એક લોટના ભાગ પાડી અમુક ભાગની ડીલીવરી આપવામાં આવશે નહિ.

૧૯. હરાજીની ઉપર જણાવેલ શરત નં.૧૪ અને ૧૫નું પાલન કરનાર ને દલાલી બે ટકા અને વટાવ ૨ $\frac{૧}{૪}$ ટકા અને કુલ્લે ૪ $\frac{૧}{૪}$: સવા ચાર ટકા આપવામાં આવશે. જો રકમ મુદત અંદર ભરપાઈ ન કરે તો વટાવ ૨ $\frac{૧}{૨}$ સવા બે ટકા આપવામાં આવશે નહિ. અને ફકત બે ટકા જ દલાલી આપવામાં આવશે.

૨૦. તેમની માંગણી હરાજીમાં મંજુર થશે તેમણે હરાજીમાં રાખેલ માલ ડેપો ઉપરથી હરાજીની તારીખથી ૧૨૦ દિવસમાં એટલે કે તા.....સુધીમાં ઉપાડી લેવાની રહેશે. ૧ લી જુનથી સપ્ટેમ્બર સુધીમાં રાખેલ માલની હરાજી માટે માલ ઉપાડી લઇ જવાની મુદત હરાજીની તારીખથી ૧૨૦ દિવસની તા..... સુધીની : અથવા તારીખ ૩૦ મી નવેમ્બર સુધી આ પૈકી જે મળી xx હશે તે રહેશે.

માલ ઉપાડવાની ૧૨૦ દિવસ પછી અનિવાર્ય સંજોગોમાં મંડળી તથા ખાતાના પ્રતિનિધિની મનફી પ્રમાણે જમીન ભાડુ રુા. ૧-૮૦ દર ઘનમીટરે દર માસે અગાઉથી વસુલ લઇ ખરીદનારને માલ વાહતુક કરવા બીજા વધારાની બે માસની એટલે કે તા.....સુધીમાં મુદત વધારી આપવામાં આવશે. આ મુદત વીતી ગયા પછી રહી ગયેલ માલ ઉપર ખરીદનારનો કોઇ પ્ર હકક રહેશે. નહિ. પરંતુ ખાસ કિસ્સા તરીકે રહી ગયેલ માલ ઉપાડતા વધારાની મુદત આપવી કે કેમ ? તે અંગેનો પ્ર છેવટનો નિર્ણય લેવાની સત્તા વ્ય સંરક્ષકશ્રીની રહેશે.

૨૧. માંગણીદારે હરાજીમા વેચાણ રાખેલ માલ ડેપો ઉપરથી ઉપાડી લેવાનો રહેશે. માલ ખરીદનાર વેપારીની સુચના મુજબ વેગન અગર ટ્રકમા જે તે ડેપો ઉપરથી મંડળીના ખર્ચે સગવડ ખાતર મંડળી ભરી આપશે. આ માટે ટ્રક કે વેગન ભરાઇ માટે

ટ્રક કે વેગન ભરાઇ માઠે ઉપયોગમાં લેવામાં અાવતા ઇજાયબી ખુટાની કિંમત સ્થાનિક બજાર ભાવને લક્ષમાં લઇને નાયક વન સંરક્ષકશ્રી અને મંડળી નકકી કરશે.

૨૨. જંગલ ખાતાના નિયંત પાસ સિવાય કોઇપણ માલની હેરફેરી કરી શકાશે નહિ.

૨૩. વેચાણ રાખેલ માલ ડેપો ઉપરથી લઇ જવાનો સમય સુયોર્દયથી સુયાર્સ્ત સુધીનો રહેશે.

૨૪. વેચાણ કરેલ માલ આગ, લૂંટફાટ, ચોરી, રેલ કે કોઇપણ પ્રકારે નુકશાન પામે યા નષ્ટ પામે તો તેની જવાબદારી મંડળીની હરાજીની તારીખથી ૯૦ દિવસ એટલે કે તા.....સુધીનો જ રહેશે. ૯૦ દિવસ પછી ઉપરનાં કારણોને લીધે થયેલ નુકશાન માટેની જવાબદારી માલ રાખનારના શિરે રહેશે. મંડળી કોઇપણ સંજોગોમાં માલની કિંમતના નાણાં વસુલ લેવા અને કાયદેસરના પગલા ભરવા હકદાર રહેશે.

૨૫. ઉપર પ્રમાણેની કોઇપણ શરતનો ભંગ કરનાર સામે મંડળી જરૂરી અને યોગ્ય લાગે તેવા કાયદેસરના પ્રગલા ભરછા હકદાર રહેશે. તેમ જ માંગણીઓ પણ રદ કરવા તથા માલ ફરી વેચાણ કરવા હકદાર છે. અને માંગણીદારના એવા કૃત્યોથી મંડળીને જો કોઇ પણ પ્રકારનું નુકશાન થશે તો તેની નુકશાનીની રકમ મૂળ માલ રાખનાર પાસેથી વસુલ કરવા મંડળી હકદાર છે.

૨૬. માલની તોલાઇની મજૂરી ખરીદનારે ચુકવવાની રહેશે.

૨૭. માલ ખરીદનારને સોદા વાર લોટના આંકડા માંગણી મુજબ મંડળી આપશે.

ઉપર મુજબની શરતી હરાજીમાં બોલી બોલતા પહેલા અમોને સૌને વાંચી સંભળાવવામાં આવી છે. અને તેનાં જણાવ્યા પ્રમાણે જે જે ખાત્રીઓ કરવા યોગ્ય હતી. તે બોલી બોલતા અગાઉ અમોએ કરી લીધી છે. અને ઉપરોકત શરતો ઉપર મારી અમારી

સહી મગજની તેમજ શરીરની તંદુરસ્ત હાલતમાં સ્વખુશીથી કોઈપણ પ્રકારની દાબ દબાણ યા સમજાવટ વિના અમોએ કરી છે.

(૧) જે ગૃહસ્થ મંડળી નોમીનલ સભાસદ હશે તે જ હરાજીમાં માંગણી કરી શકશે. ગામ ઘરાક સિવાય વેપારી, પેઢી કે કું. એ સંઘમાં નોંધણી કરાવવી પડશે. અને ભાગીદારીના નામ આપવા પડશે.

(૨) ઠરાવીક છાપેલા અને નીચે સહી કરનારનો સીલવાળી ટેન્ડર ફોર્મમાં ટેન્ડર ભરી કવારમાં બંધ કરી તેના ઉપર "જલાઉ લાકડાંની હરીજીનું ટેન્ડર" એવું સ્પષ્ટ લખી તારીખ :.....નું રોજ વેણાણ ડેપોમાં સવારના.....થી બપોરના.....કલાક સુધી ટેન્ડર સીલબંધ પેટીમાં બંધ કવરમાં નાંખવું. આ ઠરાવીક સમય પછી આવેલ ટેન્ડરો સ્વીકારવામાં આવશે નહી.

(૩) ઉપર જણાવેલ જંગલ મંડળીની કચેરીએથી કચેરીના કામકાજના દિવસે ટેન્ડર ફોર્મ મેળવી લેવાનું રહેશે. ટેન્ડર ફોર્મમાં જેમના નામે લીધા હશે તેજ તેનો ઉપયોગ કરી શકશે. અને ટેન્ડર ફોર્મ જે તારીખ અને હરાજી માટે ખરીદ કર્યુ હશે તેજ તારીખ અને હરાજી માટે તેનો ઉપયોગ કરી શકાશે.

(૪) હરાજીમાં ટેન્ડર આપતાં અગાઉ હરાજીના શરત ઉપર દરેકે સહી કરવી પડશે. અને તે તેમને બંધકર્તા રહેશે. તેમ કરવામાં ચુકશે તો હરાજીમાં ભાગ લેવા દેવામાં આવશે નહિ.

(૫) જંગલ મંડળીના તથા રાજ્ય સરકારના વન ખાતાની કાળી યાદીમાં (બ્લેક લીસ્ટ) મુકાયેલ તથા નાદાર, મગજની અસ્થિરતાની હાલતવાળા તથા ૧૮ વર્ષની ~~અંદર~~ અંદરના ઉપરનાં હોય તેવા ગૃહસ્થોને હરાજીમાં ટેન્ડર આપવા દેવામાં આવશે નહિ. જે શખ્સ પાસે

જંગલ મંડળીનું બાકી લેણું નીકળતું હશે તેવા શખ્સને હરાજીમાં ભાગ લેવા દેવામાં આવશે નહી.

(૬) હરાજીમાં માંગણીદારે ટેન્ડર આપતાં પહેલાં ખરાપણાની રકમ રુા. ૧૦૦૦/- અંકે રુપિયા એક હજાર પુરા રોકડા ભરવા પડશે. અને આ રકમ માંગણીદારના નામે આ હરાજીમાં તેમણે ખરીદેલ તમામ લોટનાં માલનો નિકાલ થાય ત્યાં સુધી અનામત ખાતે જમા રહેશે.

(૭) જાહેર કરેલા જલાઉ કોલસાના માલનું વેચાણ ટેન્ડરથી કરવામાં આવશે. અનિવાર્ય સંજોગોમાં કોઈકવાર અમુક માલ હરાજીમાંથી પાછો ખેંચી લેવાની જરૂર પડે તો તે વેચાણમાંથી નીચે સહી કરનાર બાકાત કરી શકશે.

(૮) માંગણીદાર જલાઉ કોલસાના માલની માંગણી ટેન્ડર સાથે જોડેલ યાદીમાં બતાવ્યા મુજબ મંડળીવાર અને આખા ઢગલા માટે ડેપો બેઠા આપવાની છે. તેમણે તેમનું નામ અને સરનામું લેખિતમાં આપવું પડશે.

(૯) માલ ખરીદનાર વેપારી અગર વ્યકિત પોતાના વતી બીજી કોઈ વ્યકિતને હરાજીમાં ભાગ લેવા અને માલ ખરીદવા મોકલશે તો તેમણે કાયદેસરનું કોર્ટ સર્ટિફાઈડ કરેલું મુખત્યાર (પાવર ઓફ એટર્ની) ટેન્ડર સાથે જોડવું પડશે. તેમ નહી કરનારનું ટેન્ડર સ્વીકારવામાં આવશે નહી.

(૧૦) હરાજીમાં માંગણી કરતાં પહેલાં માગણીદાર પોતે જલાઉ કોલસાના માલનો ઢગ, જાત, અને જથ્થો જોઈ ખાત્રી કરીને અને તપાસીને માગણી આપી છે એમ માની લેવામાં આવશે. એકવાર હરાજી મંજુર થયા પછી માલની જાત, માલનો જથ્થો અને માલની જાત અગર કમીપણા બદલની ફરિયાદ સાંભળવામાં આવશે નહી.

(૧૧) ટેન્ડરમાં આપેલ માંગણી મંજુર કરાવી યા ન કરાવી તે મંડળીના પ્રતિનિધિ અને વનખાતાના નાયબ વન સંરક્ષકશ્રીની અરજી ઉપર રહેશે.

(૧૨) શરતોનો અર્થ અને અમલ અંગે કોઈકવાર વિવાદાસ્પદ બાબતો ઉપસ્થિત થાય તો તે અંગે વન સંરક્ષકશ્રીનો નિર્ણય છેવટનો રહેશે.

(૧૩) હરાજીમાં માલ રાખનાર સાથે તકરાર પડે તો ગુંજરાત સરકારના સને ૧૯૬૧ના સહકારી મંડળીઓના કાયદા મુજબ નિવેડો લાવવા અગર જે તે વિસ્તારની ન્યાયની કોર્ટમાં ફોજદારી યા દિવાની રાહે પગલાં લેવાં મંડળી અને વન ખાતું મુખત્યાર રહેશે.

(૧૪) માલની કિંમતના ૨૫ ટકા રકમ હરાજી પુરી થયે રોકડ અથવા ડીમાન્ડ ડ્રાફટથી ભરવાની રહેશે. ચેક ક્ષ અગર હુંડી સ્વીકારવામાં આવશે નહીં. આ ૨૫ ટકાની રકમ ખરીદેલ માલનો કિંમતમાં બીલમાં મજરે આપવામાં આવશે. નહીં. આ ૨૫ ટકાની રકમ નિયત સમયમાં ભરપાઈ કરવામાં નહીં આવશે તો ખરાપણાની રકમ તેમજ બીજી જમા આવેલ રકમ મંડળી જપ્ત કરવામાં આવશે. તેના ઉપર માલ ખરીદનારનો કોઈ હકક રહેશે.નહીં. અને માંગણી ખરીદનારને કોઈ નોટિસ આપ્યા વગર આપો આપ રદ થયેલા ગણાશે. આવો માલ મુળ ખરીદનારના શીરને જોખમે ફરીથી હરાજી કરવામાં આવશે. માલનું ફરીથી વેચાણ કરતાં મંડળીને કોઈ ખોટ જશે તો તે ખોટની રકમ તથા ૯-૩/૮ ટકાના દરે ચક્રવૃધ્ધિ વ્યાજ અને બીજો ખર્ચ સહીતની મુળ માંગણીદાર પાસેથી નુકશાની તરીકે વસુલ કરવામાં આવશે. જો માલની કિંમત વધુ ઉપજે તો તેના ઉપર મુળ ખરીદનારનો કોઈ હકક ✗ રહેશે. નહીં.અનિવાર્ય સંજોગોમાં ૨૫ ટકાની રકમ અથવા રકમનો કોઈપણ બાકી ભાગ વ્યાજ સહીત સ્વીકારવો કે કેમ ? તેનો નિર્ણય કરવાની સત્તા મંડળીના મંત્રીશ્રી અને નાયબ વન સંશક્ષકશ્રીની રહેશે.

(૧૫) માલની કિંમતના બાકીના ૭૫ ટકા રકમ હરાજીની તારીખથી ૯૦ દિવસની અંદર એટલે કે તારીખ..... સુધીમાં અગર માલ ઉપાડતાં પહેલા આ પૈકી જે મુદત હશે તે તારીખે માંગણીદારે મડળીના હિસાબે મંડળીને ચુકતે ભરપાઈ કરવી પડશે. આ પ્રમાણે વર્તવામાં માંગણીદારે ચુકશે તો મંડળીને જમા આપેલી તમામ

રકમ મંડળી જપ્ત કરશે. અને માંણણીઓ આપોઆપ રદ થશે. અને તે માટે કોઈ નોટિસની જરૂરત રહેશે નહી. અને આવો માલ મુળ ખરીદનારનાં શીરને જોખમે ફરીથી હરાજી કરવામાં આવશે. તેમાં મંડળીને ખોટ જશે તો તે ખોટની રકમ તથા ખર્ચ મુળ માલ ખરીદનાર પાસેથી નુકશાની તરીકે વસુલ લેવામાં આવશે. જો તેમ કરતાં વધુ નાણાં ઉપજશે તો તેના ઉપર મૂળ માલ ખરીદનારનો હકક રહેશે નહી. અનિવાર્ય સંજોગોમાં ૯૦ દિવસ પછી ૭૫ ટકાની રકમ અથવા રકમની કોઈ બાકી ભાગ ૯-૩/૯ ટકા લેખે વ્યાજ સહીત સ્વીકારવો કે કેમ તેનો નિર્ણય કરવાની સત્તા મંડળીના મંત્રીશ્રી અને નાયબ વન સંરક્ષકશ્રીની રહેશે.

(૧૬) વેચાણ આપેલ માલ બીજાના નામે તબદીલ (ટ્રાન્સફર) કરી શકશે. તબદીલ લગત માલની કિંમતનાં સેકડે ૧ ટકા પ્રમાણે મુળ માંગણીદાર (માલ લેનારની સહી સાથે લેખીત અરજી સાથે) ચુકવવાની રહેશે. એકવાર બીલ બનાવી લઈ ગયા પછી આવું વેચાણ તબદીલ થઈ શકશે નહી.

(૧૭) મુદત દરમ્યાન માંગણીદાર જેમ જેમ માલ ઉપાડતા જાય તેમ તેમ માલની કિંમતના ૭૫ ટકા રકમ ઉપર જણાવેલ શરત નં.૧૪ મુજબ અગર માલ ઉપાડતાં પહેલાં ઢગલાવાર ચુકવવો પડશે. ૯૦ દિવસ પછી તમામ માંગણીઓ રદ થશે તે માટે કોઈપણ નોટિસ આપવાની જરૂર રહેશે નહી. અને કોઈપણ માલની ડીલીવરી આપવામાં આવશે નહી.

(૧૮) (અ) તેમની માંગણી મંજુર થયે તેમણે હરાજીમાં રાખેલ જંગલ કોલસા ડેપો પરથી હરાજીની તારીખથી ૧૨૦ દિવસમાં (એટલે સુધીમાં) ઉપાડી લેવાનો રહેશે. ૧લી મે થી સપ્ટેમ્બર આખર સુધીમાં રાખેલ જંગલ કોલસાની હરાજી માટે માલ ઉપાડી લઈ જવાની મુદત હરાજીની તારીખથી ૧૨૦ દિવસની

એટલે કે તારીખ:.....સુધીની અથવા તા.૩૧ મી ડીસેમ્બર સુધીની આ બે પૈકી જે મોડી હશે તે રહેશે.

(બ) માલ ઉપાડવાની ૧૨૦ દિવસ પછી અનિવાર્ય સંજોગોમાં મંડળી તથા ખાતાના પ્રતિનિધિની મનસુફી પ્રમાણે જમીન ભાડું રુા. ૧-૮૦ દર ઘ.મી. દર માસે મંગાઉથી વસુલ લઈ ખરીદનારને માલ વાહતુક કરવા બીજી વધારાની બે માસની (તા. સુધી) મુદત વધારી આપવામાં આવશે. આ મુદત વીતી ગયા પછી રહી ગયેલા માલ ઉપર ખરીદનારનો કોઈ હકક રહેશે નહી. પરંતુ ખાસ કીસ્સા તરીકે માલ ઉપાડવા વધારાની મુદત આપવી કે કેમ તે અંગેનો છેવટનો નિર્ણય લેવાની સત્તા વન સંરક્ષકશ્રીની રહેશે.

(૧૯) માલની કિંમત મંડળીને પુરેપુરી જમા આપ્યા પછી વન ખાતાના હુકમ (ઓર્ડર) મળેથી માલ નિર્ગત કરવા દેવામાં આવશે.

(૨૦) વેચાણ રાખેલ માલ ડેપો ઉપરથી લઈ જવાનો સમય સુયોર્દયથી સુયાર્સ્ત સુધીનો રહેશે.

(૨૧) વેચાણ કરેલ માલ આગ, લુંટફાટ, ચોરી કે કોઈપણ પ્રકારે નુકશાન પામે યા નષ્ટ થાય તો તેની જવાબદારી મંડળીની ફકત હરાજીની તારીખથી ૯૦ દિવસ એટલે કે તા. સુધી જ રહેશે. ૯૦ દિવસ પછી ઉપર કારણોને લીધે નુકશાન પામે તો તે માટેની જવાબદારી માલ રાખનારના શીરે રહેશે. મંડળી કોઈપણ સંજોગોમાં માલની કિંમતના નાણાં વસુલ લેવા અને કાગદેસરનાં પગલાં ભરવા હકકદાર રહેશે.

(૨૨) ઉપરની કોઈપણ શરતોનો ભંગ કરનારનો સોદા રદ થશે તથા આપેલી ડિપોઝીટ જપ્ત થશે અને તે માલની ફરી હરાજી થશે તેને માટે કોઈ નોટીસની જરૂર રહેશે નહી. અને ફરીહરાજી કરતાં ઓછી ઉપજ થાય તો તે મુળ ખરીદનાર પાસેથી વસુલ લેવામાં આવશે. અને નફા ઉપર મુળ ખરીદનારનો કોઈપણ હકક રહેશે નહી.

ઉપર મુજબની શરતો હરાજીમાં ટેન્ડર આપતાં પહેલાં અમોને સૌને વાંચી સંભળાવવામાં આવી છે. અને તેમ જણાવ્યા પ્રમાણેની જે જે ખાત્રીઓ કરવા યોગ્ય હતી તે ટેન્ડર આપતાં અંગાઉ અમોએ ખાત્રી કરી લીધી છે. અને ઉપરોકત શરતો કબુલ મંજૂર છે. આ હરાજીની શરતો ઉપર મારો/અમારો સહી મગજની તેમજ શરીર તંદુરસ્ત હાલતમાં સ્વખુશીથી કોઈપણ પ્રકારના દાબ-દબાણ યા સમજાવટ વિના અમોએ કરી છે.

મજૂરીના પ્રકાર અને દૈનિક વેતનની માહિતી પૂરી પાડતું પત્રક :

સને ૧૯૮૨-૮૩ના વર્ષ માટે વેઈજ બોર્ડની તારીખ : ૭-૯-૮૨ને મંગળવારના રોજ મળેલ બેઠકમાં નીચે પ્રમાણેના દરો નકકી કરવામાં આવ્યા છે.

વેઇઝ બોર્ડે નકકી કરેલ દૈનિક વેતન દર : દર્શાવતો કોઠો

આઇટેમ નંબર:૧

મજુર સમાજ કલ્યાણ અને આદિવાસી વિકાસ વિભાગની તા.૨-૭-૭૯ની અધિસુચનાથી વન ખાતાના મજૂરીનાં દૈનિક વેતન દર નીચે મુજબ નકકી કરવામાં આવ્યા છે. તે મુજબ કુશળ, અર્ધ કુશળ અને બીન કુશળ & મજુરોને લઘુતમ વેતન દર ચુકવવાનું નકકી કરવામાં આવે છે.

ક્રમ	મજુરોની કક્ષા	દૈનિક વેતન દર	મો.ભથ્થું (૧-૪-૮૨ થી ૩૦-૯-૮૨સુધી)
(૧)	કુશળ :	૮-૦૦	૩-૯૦
૧.	ઈમારતી લાકડાનું માપ લેવા રોકેલ મજુરને		
૨.	ઈમારતી લાકડાને નંબર આપવા રોકેલ મજુરને		
૩.	ઉપર દર્શાવેલ પ્રકારના કામ કોઈપણ નામ ઓળખાતા કામો કરતા મજુરોને.		
(૨)	અર્ધકુશળ :	૭-૦૦	૩-૯૦
૧.	ઝાડોનું તોડકામ માટે રોકેલ મજૂરને		

ક્રમ	મજુરોની કક્ષા.	દૈનિક વેતન ૬૨	મો.ભથ્થું (૧-૪- ૮૨થી ૩૦-૬- ૮૨સુધી)
૨.	ઘડત્તરી કામ માટે રોકેલ મજુરને		
૩.	કોલસા પડાઈ માટે રોકેલ મજુરને		
૪.	ઉપર દશાવેલ પ્રકારના કામ કોઈપણ નામ ઓળખાતા કામો કરતા મજુરોને.		
(૩)	બીન કુશળ :	૬-૦૦	૩-૬૦
૧.	રાબ ભરાઈ કામે રોકેલ મજેરોને		
૨.	આંક ચોરસ (ક્રોસ કટીંગ) કામ રોકેલ મજુરોને		
૩.	દવરેખા કામ રોકેલ મજુરોને (ફાઠર ટ્રેસીંગ)		
૪.	માલ ભરાઈ અને ખાલીકરાઈના કામે રોકેલ મજુરને		
૫.	કાચા રસ્તા બનાવવાના કામે રોકેલ મજુરને		
૬.	ઢગલીઓ તૈયાર કરવા માટે રોકેલ મજુરોને		
૭.	વાંસ ભેગા કરવા રોકેલ મજુરોને.		
૮.	વાંસ કાપવા રોકેલ મજુરને		
૯.	હદ નિશાન નકકી કરવા માટે રોકેલ મજુરોને		
૧૦	માળી		
૧૧.	વોચમેન		
૧૨.	ખાડા ખોદવા માટે રોકેલ મજુરોને		
૧૩.	વાહતુક (ગાડા મારફત)		
૧૪.	ઉપર દશાવેલ કામ કોઈપણ નામે ઓળખાતા કામો કરતા મજુરોને.		
૧૫.	કોલસા પડાઈ માટ્ટ રોકેલ મજુરો (હેડમેન સિવાયના)		

૧૮ વર્ષથી નીચેના ઉંમરના (ફકત ૧૪ વર્ષની ઉંમરના) છોકરાઓને ઉપરોકત મ દૈનિક વેતન કરતા ૮૦ ટકા દર દૈનિક ન્યુન્તમ રોજી ચુકવવાની રહે છે. અને મોંઘવારી પુરેપુરી ચુકવવાની રહેશે. ૧૪ વર્ષથી નીચેની ઉંમરના છોકરા/છોકરીએ

મજુરી પર રાખવા નહી. સરકારશ્રીના છોકરા/છોકરીને પુરતી મજુરી ચુકવવી.

આઇટેમ નં.૨ : તોડ ખર્ચ અને ખુંટ ખર્ચ :

ક્રમ	ઝાડની ઘેરાઇ	૬૨ ૧૦૦ ઝાડના.
૧.	૨૫ સે.મી. થી નીચે	૮-૧૦
૨.	૨૫ " થી ૩૦ સે.મી.	૧૨-૭૫
૩.	૩૦ " થી ૪૫ "	૨૧-૭૫
૪.	૪૫ " થી ૬૦ "	૫૧-૩૦
૫.	૬૦ " થી ૭૫ "	૯૧-૮૫
૬.	૭૫ " થી ૯૦ "	૧૪૩-૬૫
૭.	૯૦ " થી ૧૦૫ "	૧૮૭-૭૦
૮.	૧૦૫ " થી ૧૨૦ "	૨૪૩-૬૦
૯.	૧૨૦ " થી ૧૫૦ "	૩૪૫-૫૦
૧૦.	૧૫૦ " થી ૨૦૦ "	૪૩૪-૧૦
૧૧.	૨૦૦ " થી ૨૫૦ "	૪૬૫-૧૦
૧૨.	૨૫૦ " થી ૩૦૦ "	૬-૧૫ ૬૨ ઝાડનાં
૧૩.	૩૦૦ " થી ઉપરના	૬૨ ૧૦૦ સે.મી.દીઠ. રૂા.૦-૬૦ પૈ.૬૨ ઝાડ દીઠ આપવા.

આઇટેમ ન.૩ : ફેશનીગ (ઘડતરી)

ફેશનીગ ગોળ	૩૬-૩૫ ૬૨ સે.મી.ના.

આઇટેમ નં.૪ : પોલીસીગ ચોરસફુ ૪૭-૫૦ ૬૨ ઘ.મી.ના.

સીસમ	૪૭-૫૦ "
ફકત છાલ કાઢી ગાંઠ સાફ કરવાના	૧૫-૧૦ "
દાંડી ૩ મીટર ઉપરની	૨૯-૧૦ ફુડીના (૨૦અંગના)
દાંડી ૩ મીટર સુધીની	૧૪-૪૫ "
આંક ગોળ અને ખુંટા	૧-૩૫ ૬૨ અંગના
આંક ચોરસ	૨-૮૦ "

નોંધ : લોપીગ ઘડતરી કર્યા વગર લાવવાની છે.

આઇટેમ નં.૫. જલાઉ ગંડેરી કરી ઢગલા કરવાનો ખર્ચ :

૨ X ૧.૫૦ X ૧-૩ મીટર ઢગલીના રૂા.૧૨-૭૦ દર ઢગલી દીઠ ગંડેરીની લંબાઇ ૧ મીટરની રાખવી	૧૨-૭૦ ઢગલી દીઠ

આઇટેમ નં.૬ ઓડ ખર્ચ :

જ્યા કુપ સપાટ હોય અને ઓડ કરવાનું હોય ત્યા કોઇપણ ઓડ ખર્ચ આપવાનો રહેશે નહી. જ્યાં ઈમારતી માઇ ઓડ કરવાનો રહેશે તો તેને માટે દર ઘનમીટરે રૂા.૨-૧૬ થી ૩૦-૦૦ સુધીની જે તે વિસ્તારને અનુલક્ષીને કરવાનો રહેશે. જેને માટે નાયબ વન સંરક્ષાકશ્રીની અપેક્ષા। એ રેજ. ફો.ઓ. તેમજ મંડળીના મંત્રીશ્રીએ અગાઉથી નકકી કરવાની રહેશે. તેમ છતાં ભારે મુશ્કેલીવાળા ભાગો માટે અપવાદરુપના વ.સં.શ્રી દર ઘનમીટરે રૂા.૩૫-૦૦ સુધી નો ઓડ ખર્ચ મજુર કરી શકશે.	રૂા.૨-૧૬થી ૩૦-૦૦ સુધી દર ઘ.મી.

જલાઉ માલની ઓડની જરૂર રહે તો મંડળીના પ્રતિનિધિ ઓએ સ્થાનિક નાયબ વન સંરક્ષાકશ્રીને મળવું. જેઓ સ્થળ પરિસ્થિતિનો ખ્યાલ કરી તે કુપની ગુણવત્તાના પ્રમાણમા આવો ઓડ ખર્ચ કરીને માલ પોષાશે કે કેમ ? તેની હિસાબ કરી યોગ્ય તે કરશે. જ્યાંથી જલાઉ માલ કાઢવા માં મુશ્કેલી પડતી હોય ત્યાં નાયબ વન સંરક્ષાકશ્રી ખાસ કીસ્સામાં વધારો કરી આપશે.

રાબ ક્ષેત્રમાનાં જલાવ માલ રાબ ક્ષેત્રફળની બહાર કાઢવાનો દર ઢગલી દીઠ રૂા.૦-૭૫ થી ૭-૦૦ આપવા ઠરાવ્યું. ઉપરની મયાર્દામાં રહીને રાબ ક્ષેત્રફળનો વિચાર કરી નાયબ વન સંશક્ષાકશ્રી ખર્ચ મંજુર કરી શકશે.	દર ઢગલી દીઠ ૦-૭૫ થી ૭-૦૦

આઇટેમ નં. ૭ : કોલસા પડાઇ :

પૂર્ણ રીતે કુપ ડેપો ડીલીવરી જ્યાં સુધી જઇ શકે ત્યાં સુધી પરંતુ દ્રક ભરાઇનો મજુરી વિગેરે (૧૧૨ સે.મી.X ૬૯ સે.મી.-૪૪''
X ૨૭'')

મિશ્રિત કોલસા :	૮-૦૦
દરેક વન વિભાગ માટે.	

સાગી કોલસા : ૭-૦૦

સ્થાનિક પરિસ્થિતિ પ્રમાણે.

કોલસા બનાવવા માટે વધારાની સુતળી અને સીવવાની મજુરીના તથા અન્ય ખર્ચ માટે ગુણી દીઠ રૂા. ૦-૧૫ પૈસા આપવા.

નોંધ :જે કુપમાં ૨૦૦ ઘ.મી. કરતા વધુ ઈમારતી માલ નીકળે તેમ હોય તો તેવા કુપમાં વધારાનો મુકાદમ નીચે પ્રમાણે આપવો. કુપમાં ગંડેરી કે કોલસાના જથ્થામાં વધઘટના કારણે મુકાદમની સંખ્યામાં કોઇ ફેરફાર કરવાનો રહેશે નહી.

આઇટેમ નં. ૯. રાબ ભરાઇ :

:-:-:-:-:-: -:-:-:-:-:-:

૩૦ સે.મી. ઉંચાઇના રૂા. ૧૦૦૦ દર હે.ના રાબ ભરવાનો ખર્ચ ખરેખર રાબ ભરેલો હોય તેટલો જ ભાગ માટે આપવા(બનીંગ અને રીબનીંગ સાથે) દર હેકટરના ૧૦૦૦

આઇટેમ નં. ૧૦ દવરેખા :

ત્રણ વખત કચરો ભેગો કરી બાળવાનો અને દવરેખા નું સાફસૂફ કરીવાનો ખર્ચ.

૧૬ મીટર પહોંળાઇના ૨૫૦-૦૦ કી.

૮ મીટર પહોંળાઇના. ૧૨૫-૦૦

આઇટેમ નં. ૧૧ માંડવા ખર્ચ :

ખરેખર અગર કુપ દીઠ રૂા.૧૦૦ સુધી બેમાંથી જે ઓછી હોય તે માલ કુપમાંથી વાપરવો (સરકારશ્રીના હુકમ નં.એફએલસી/૧૬૬૮/૩૭૧૯૨-પી,તા.૧૬-૧૦-૭૧ મુજબ) ૧૦૦-૦ કુપદીઠ

આઇટેમ નં.૧૩. ઈમારતી માલ તથા કોલસા તથા જલાઉની ટ્રક ભરાઇ તથા ખાલી કરાઇ.

ઈમારતી માલ કોલસા તથા જલાઉ ટ્રક ભરાઈ તથા ખાલી કરાઈના દર મંજુર કરવામાં આવ્યા નથી. આ કામવાહતુક ઈજારેદારે કરવાનું એવું ઠરાવવામાં આવ્યું. ઈમારતી જલાઉ અને કોલસા વાહતુક કરવા ભાવપત્રક કે ટેન્ડર માંગવામાં આવે ત્યારે ભાવપત્રક આપનાર તે ભાવમાં ટ્રક ભરાઈ તથા ખાલી કરાઈનો સમાવેશ કરીને ભાવ પત્રક કે ટેન્ડર આપવા ભાવપત્રકની અજમાયશી કિંમત અને ભાવપત્રકની શરતો નાયબ વન સંરક્ષકશ્રી પાસેથી અગાઉથી મંજૂર કરાવી લેવી. વાહતુકના મળેલ ભાવપત્રક નાયબ વનસંરક્ષકશ્રી પાસેથી મંજૂર કરાવવાના રહેશે.

આઈટેમ નં. ૧૪ : વાહતુક ખર્ચ ગાડાથી વાહતુક કરવા માટે :

અંતર		ઘ.મી.દીઠ		કવી-ટલ દીઠ	
		રૂા.	પૈ.	રૂા.	પૈ.
૮-૦૦	કી.મી. સુધી	૨૮-૭૫		૨-૬૫	
૯-૫૦	"	૩૩-૪૦		૩-૨૦	
૧૧-૫૦	"	૩૮-૬૫		૩-૫૦	
૧૩-૫૦	"	૪૨-૬૦		૪-૧૦	
૧૪-૫૦	"	૪૭-૭૦		૪-૪૦	
૧૬-૦૦	"	૫૨-૮૦		૪-૭૦	
૧૭-૫૦	"	૫૬-૯૦		૫-૧૫	
૧૯-૦૦	"	૬૧-૦૦		૫-૪૫	
૨૧-૦૦	"	૬૩-૧૫		૫-૮૦	
૨૨-૫૦	"	૬૬-૪૦		૬-૧૦	
૨૪-૦૦	~~કી.મી.~~	૭૦-૮૦		૬-૪૦	
૨૫-૫૦	"	૭૪-૬૫		૬-૬૦	
૨૭-૦૦	"	૭૭-૭૦		૬-૯૦	
૨૯-૦૦	"	૮૦-૫૦		૭-૧૫	

અંતર		ઘ.મી.દીઠ	ક્વી-ટલ દીઠ
		રૂા. પૈ.	રૂા. પૈ.
૩૦-૫૦	કી.મી.સુધી	૮૩-૨૫	૭-૫૦
૩૨-૦૦	"	૮૬-૦૦	૭-૬૦
૩૩-૫૦	"	૮૮-૮૦	૭-૭૦
૩૪-૦૦	"	૯૧-૪૫	૭-૮૦
૩૭-૦૦	"	૯૪-૧૦	૭-૯૦
૩૮-૫૦	"	૯૬-૭૫	૮-૨૦
૪૦-૦૦	"	૯૯-૪૦	૮-૩૫
૪૨-૦૦	"	૧૦૨-૦૦	૮-૪૫
૪૩-૫૦	"	૧૦૪-૫૫	૮-૫૦
૪૫-૦૦	"	૧૦૭-૩૦	૮-૭૫
૪૬-૫૦	"	૧૦૯-૯૫	૮-૮૫
૪૮-૦૦	"	૧૧૩-૯૦	૯-૦૦
૪૯-૫૦	"	૧૧૬-૫૦	૯-૩૦
૫૧-૫૦	"	૧૨૦-૧૫	૯-૬૫
૫૩-૫૦	"	૧૨૩-૬૫	૧૦-૦૦
૫૫-૦૦	"	૧૨૬-૩૦	૧૦-૨૫
૫૬-૫૦	"	૧૨૮-૯૫	૧૦-૫૦
૬૦-૦૦	"	૧૩૫-૧૦	૧૧-૦૫
૬૦-૦૦	કી.મી.થી ઉપર	૧-૭૬ દ૨ કી.મી. દીઠ + ૫-૦૦	૦-૧૮ દ૨ કી.મી.દીઠ + ૦૦-૫૦ પૈસા

(૧) ગાડાવાળાને વાહતુકનું કામ કળી રહે તેથી જે કુપોનું કુપથી સ્ટેશન ડેપો સુધીનું અંતર ૩૫ કી.મી.સુધીનું હોય તેવા કુપોમાંથી ઈમારતી માલ અને કોલસાનું વાહતુક જ્યાં સુધી શકય હોય ત્યાં સુધી ગાડાથી કરાવવાનું રહેશે.

(૨) તેવી જ રીતે કુપથી વેચાણ ડેપોનું અંતર ૨૫ કી.મી.થી અંદર હોય ત્યાં જલાઉ માલનું વાહતુક કામ ગાડાથી કરવાનું રહેશે.

(૩) ૨૫ કી.મી. થી વધુ અંતરના કુપોમાં કયાં તો કોલસા પાડવા અથવા જલાઉ માલ ટ્રકથી વાહતુક કરવાનો રહેશે. જંગલ કામદાર સહકારી મંડળીનું મુખ્યત્વે કામ જંગલના કામદારોને રોજી રોટી આપવાનું હોવાથી વાહતુકનું કામ આઇટેમ નં. ૧ થી ૩ માં જણાવ્યા પ્રમાણેની મયાર્દા સ્વીકારી બને તેટલા પ્રમાણમાં ગાડા મારફત માલ વાહતુક થાય તેવા પ્રયત્નો કરવા.

આઇટેમ નં. ૧૫ : કાચારસા :

મંડળીના તેમજ જંગલ ખાતાના પ્રતિનિધિ સ્થળ ઉપર અગાઉથી ખાત્રી કરી જે અંદાજ આપે અને જે ખર્ચ નાયબ વન સંરક્ષકશ્રી ને યોગ્ય જણાય તેની મયાર્દામાં રહીને મંજુર કરવી.

આઇટેમ નં. ૧૬ : પાસબુક ખર્ચ.....ખરેખર ખર્ચ.

આઇટેમ નં. ૧૭ : જકાત અને હોડી ખર્ચ.....ખરેખર ખર્ચ

આઇટેમ નં.૧૮ : જમીન ભાડું :

જંગલ ખાતાના અગર રેલ્વેના પ્લોટ હોય ત્યાં ખરેખર ભાડું તેમજ બાનગી માલિકીના પ્લોટ હોય તો ખરેખર ભાડું યોગ્ય મયાર્દામાં રહીને નાયબ વન સંરક્ષકશ્રી મંજુર કરે તે સરકારી જમીન મંડળને ભાડે આપી હોય તો તે જમીન ભાડાની રકા વસુલ લઈ ૮૦:૨૦ના હિસાબમાં લેવી.

આઇટમ નં. ૧૯ : કાર્યાલય ભાડું :

નાયબ વન સંરક્ષકશ્રીએ કાર્યાલય ભાડું સ્થાનિક પરિસ્થિતિ પ્રમાણે નકકી કરવું. બંદર ડેપો કાર્યાલયનું પણ ઉપર મુજબ નંકકી કરવું. કાર્યાલય તરીકે પડે તો દર કુપવાર આપવું. જે મંડળીઓને પોતાના મકાન હોય તેનું સ્થાનિક સંજોગો પ્રમાણે ભાડું આપવું.

આઇટમ નં. ૨૦ : વેચાણ ડેપો ખર્ચ અને મપાઇ વિગેરેનો ખર્ચ :

% ૨૦ (અ) અને ૨૨ ઈમારતી માલના દર ઘ.મી. રૂા.૧૮-૦૦ આપવા. જેમાં મપાઇ ખર્ચ અને ઢગલા કરાવવાનો તેમજ ડેપો નંબર, વિગેરેનો ખર્ચનો સમાવેશ થશે.

(બ) જલાઉ માલ ૧ ઘ.મી. ઢગલા બનાવવા જેમાં રૂા. ૨-૦૦ લેખે ચોરસ ઢગલા બનાવવા માટે આપવા.

(ક) પરચુરણ ખર્ચ મંડળી દીઠ ઓછામાં ઓછા રૂા.૨૦૦ અગર કુપ દીઠ રૂા. ૫૦ બેમાંથી જે વધુ હોય તે આપવો. જેમાં રંગ, ચુનો, વિગેરેનો ખર્ચનો સમાવેશ થાય છે.

(ડ) જાહેરાત ખર્ચ ખરેખર આપવો.

આઇટેમ નં. ૨૧

વોચમેન રૂા. ૧૯૬-૩-૨૩૨ ના ગ્રેડમાં વત્તા મોંઘવારી ભથ્થું જે તે સમયે પ્રવર્તતા ધારાધોરણ મુજબ. ડેપો દીઠ એક વોચમેન આપવો.

આઇટેમ નં.૨૨ : મપાઇ ખર્ચ :

આઇટેમ નં.૨૦(અ)માં સમાવેશ થઇ જાય છે.

આઇટેમ નં.૨૩ : જલાઉ તોલાઇ :

વે બ્રીજ ઉપર વજન, કરાવવાનું થતું હોય તો ટ્રકના રૂા. ૩-૩૦ ગાડાના રૂા.૦-૬૦ પૈસા અથવા ખરેખર બેમાંથી જે ઓછું થતું હોય તે કાંટા ઉપર તોલાઇમાટે દર કવિ. ના રૂા.૦-૨૦ ન. પૈસા સુધી ખર્ચ આપવો.

આઇટમ નં.૨૪ : વેગન ભરાઇ અને ટ્રક ભરાઇ (વેચાણ ડેપો ઉપર)

(૧) વેગન ભરાઇ

(અ) રાજપીપળા - વલસાડ	વ્યારા - ડાંગ
(અ) ઈમારતી રૂા.૧૫-૦૦ દર ઘ.મી.ના	રૂા.૨૦-૦૦ ઘ.મી.ના વઘઇ અને ડુંગરડા ડેપો માટે રૂા.૧૫-૦૦ દર ઘ.મી.ના નેસુ અને સોનગઢ ડેપો માટે.

(૫) જલાઉ કોલસા :

રૂા. ૩-૫૦ દર મે.ટનનix રૂા.૩-૫૦ દર મે.ટના

(૨) ટ્રક ભરાઇ - બધા વન વિભાગો માટે.

ઈમારતી દર ઘ.મી.નાં

દીઠ રૂા. ૧૫-૦૦

આઇટમ નં. ૨૫

(અ) સુપરવાઇઝર ચારથી પાંચ મડળીઓ દીઠ

માસિક રૂા. ૨૦૦.

(બ) મંત્રી-કમ-હિસાબનીશ માસિક રૂા.

૩૩૦-૧૦-૩૮૦-૧૨-૪૦૦-૧૫-xxx ૫૬૦ ની

ગ્રેડમાં પગાર રૂા.૩૩૦/- વત્તા નોકરીની

મુદત પ્રમાણે દર વર્ષના ઈ-ક્રીમે-ટ

ચઢાવતાં થતો પગાર વત્તા મોંઘવારી ભથ્થું

જે તે સમયે પ્રવર્તતા ધારાધોરણ મુજબ.

(ક) કારકુન - માસીક રૂા. ૨૩૦-૬-૩૦૮-૬-૩૨૬

૮-૩૫૦-૮-૩૯૦-૧૦-૪૦૦ની ગ્રેડમાં પગાર

રૂા. xxxx ૨૩૦ વત્તા નોકરીની મુદત પ્રમાણે

દર વર્ષના ઈ-ક્રીમે-ટ ચઢાવતાં થતો પગાર વત્તા

મોંઘવારી ભથ્થું જે તે સમયે પ્રવર્તતા ધારાધોરણ

મુજબ.

(ડ) ખાતાનો સુપરવાઇઝર (ફોરેસ્ટર, ખરેખર ખર્ચ

નોંધ : વધારાના ડેપો કલાર્ક ૪૫૦ ઘ.મી.કરતાં

વધુ ઈમારતી માલ હોય તો વધારેમાં વધારે

૧૨ માસ સુધી આપવા ઠરાવ્યું. સ્ટેશન ડેપો

ઉપર બેથી વધુ કલાર્ક આપવા નહી.૩૦ મી

જુન પછી જો ૪૫૦ ઘ.મી.થી વધારે માલ

ડેપો પર બાકી રહયો હોય તો ૮ માસ

માટે જે ડેપો કલાર્ક આપવામાં આવે તે ૧૨

માટે ચાલુ રાખવો.

આઇટમ નં.૨૬ : લેખન સામગ્રી :

ખરેખર ખર્ચ યોગ્ય x મર્યાદામાં રહીને જ નાયબ વન

સંરક્ષકશ્રી મંજુર કરે તે.

આઇટમ નં. ૨૭ : ટપાલ ખર્ચ.....ખરેખર ખર્ચ

આઇટમ નં.૨૮ : મુસાફરી ખર્ચ.

સરકારશ્રીના ઠરાવ નં. એફએલસી/૧૬૬૯/૬૮૭૨-૭૪૮૫-પી, તા.૯-૭-૭૬ રૂા. ૫૦૦ સુધી મંજુર કરેલ છે.

આઇટમ નં. ૨૯

(અ) વેરાઓ : કુપ કામગીરી સાથે સંકળાયેલા તમામ વેરાનો ખર્ચ.

જંગલમાંથી કાઢવામાં આવેલ જંગલ ઉત્પન્ન પર ખરેખર ખર્ચ.

(બ) વીમા ખર્ચ.....ખરેખર ખર્ચ.

આઇટમ નં.૩૦.:લોનનું વ્યાજ.

૧. મે.મુખ્ય વન સંરક્ષકશ્રી ગુજરાત રાજ્ય વડોદરાના નં. વમસ/૧૫૦૫/૪૦, તા. ૧૫-૪-૭૭ અનુસાર.

૨. સરકારશ્રીના તા.૭-૯-૬૪ના હુકમોના આધારે મંડળી પોતાના ભંડોળમાંથી કુપ કામ માટે વાપરેલ રકમ ઉપર વ્યાજની રકમ હિસાબમાં મજરે આપવી.

આઇટમ નં.૩૧ : કમીશન દલાલી.

સરકારશ્રીના આદેશ મુજબ ઈમારતી માલનાં વેચાણ ઉપર જો ખરીદનાર જાહેર હરાજીની શરતમાં જણાવેલ મુદત અંદર પૈસા ભરપાઇ કરે તો સવાચાર ટકા વટાવ દલાલી આપવી અને જો મુદત અંદર ભરપાઇ ન કરે તો વટાવ સવા બે ટકા આપવા નહીં અને તે બદલ ખરીદ મંજુર કરવામાં આવશે નહી.(૨ ટકા દલાલી અને વટાવ સવા બે ટકા)

આઇટમ નં.૩૨. સાધન સામગ્રી ઘસારો :

નીચે મુજબ સાધન સામગ્રી આપવા ઠરાવ્યું.

૧. લાકડાનું ફરનીચર જેવા કે રેકર્ડ રાખવાના ઘોડા, પેટીઓ લાકડાંની ખુરશી વગેરે ૧૦%

૨. સ્ટીલ ફરનીચર ૨૫ ટકા

૩.શણના કોથળા ૨૫%

૪. દોરડા ૧૦૦%

૫. લોખંડ સામાન કુપના કામમાં વપરાતો ૧૫%
જેવા કે કુહાડા, કરવત, પાણી
ભરવાના પીપ વિગેરે.

૬. લોખંડ સામાન જેવા કે ફરનીચર વિગેરે ૧%
રેકર્ડ રાખવા માટે.

૭. ફાનસ ૧૦૦%

નોંધ : ૧. મંડળીઓને ઘસારા ફંડ માટે માન્ય કરવાના ફરનીચર વસ્તા ૬ ખુરશી, ૩ ટેબલ, ૩ લાકડાના ઘોડા.

૨. બારદાન ઘસારા બાબતમાં જે મંડળીની કુપમાંથી દા.ત.૪૦૦૦ ગુણ કોલસા નીકળ્યા હોય અને તે માટે મંડળી ૧૦૦૦ કોથળા ખરીદ કર્યા હોય તો તેનો ખરેખર ખર્ચ મજરે આપવો. પરંતુ મંડળીને ૪૦૦૦ ગુણ કોલસા કાઢવા માટે ૪૦૦૦ કોથળા X ખરીદ કર્યા હોય તો ૨૫% ઘસારાના હિસાબે ૧૦૦૦ કોથળાનો ખર્ચ હિસાબમાં મજરે આપવો.

આઇટમ નં.૩૩ : વેલફેર એકટીવીટીઝ

નીચેની આઇટમો ઉપર સામાન્ય ખર્ચ ઉપર ૧%
આઇટમ નં. ૧ થી ૭, ૯ થી ૧૧, ૧૩ થી ૧૫, ૨૦
અને ૨૨ થી ૨૪.

આઇટમ નં. ૩૪ : ઓડીટ ફી :

સરકારશ્રીના પત્ર નં.એફએલસી/૧૬૬૫/૪૭૭-પી,
તા.૩૧-૩-૬૮ મુજબ અડધો ટકો ઓડિટ ફી.

આઇટમ નં.૩૫ : અકસ્માત પ્રીમીયમ .

અકસ્માત પ્રીમીયમમાં મજુર, બળદગાઠા અને ઉપોનાં મજુરોનો પણ સમાવેશ થાય છે.
ખરેખર ખર્ચ.

આઈટમ નં. ૩૬ : પરચુરણ ખર્ચ :

દોરડા વિગેરે ખરીદાવાના ખર્ચ કુપ દીઠ રૂા.૧૦૦ આપવા ઠરાવવામાં આવ્યું છે.

આઈટમ નં.૩૭ : લોંગીંગ સુધારેલા અધ્યતન ઓજારો :

જંગલ મંડળીઓનું કેપોના ખર્ચ ~~XXX~~ પેટે મજુરી બાબતે અને વાહન વ્યવહાર માટે જે રકમ માન્ય રાખવામાં આવે તેના ૧ ટકા રકમ આધુનિક લોંગીંગ ઓજારો ખરીદવા આપવા એવું ઠરાવવામાં આવ્યું.

કૂપની વહેચણીની કાર્યવાહી :

કૂપની વહેચણીનું કાર્ય ~~X~~ એક ટેકનીકલ કામ છે. કૂપની વહેચણી પ્રથમ કાર્ય વિસ્તાર નકકી કરીને મંડળી ધ્વારા માંગણી જંગલખાતામાંથી કરાય છે. જંગલખાતામાં આ માંગણી પત્રોને ધ્યાનમાં લઇ જે તે વિસ્તારના કૂપોની પ્રથમ તપાસ હાથ ધરવામાં આવે છે. તેમાં કૂપ કાપવા લાયક યોગ્ય છે કે કેમ તેની ચકાસણી કરવામાં આવે છે.

મંડળી જે માંગણીપત્ર પાઠવે છે તેની ત્રણ નકલ બનાવે છે. જેમાની એક નકલ જિલ્લા રજિસ્ટ્રાર, બીજી નકલ જિલ્લાના - જંગલ કામદાર સહકારી મંડળીના સંઘને અને ત્રીજી નકલ જંગલખાતાને (જિલ્લા જંગલ અધિકારીને) મોકલી આપવામાં આવે છે. જિલ્લા રનિસ્ટાર તેની ચકાસણી કરીને કૂપની ફાળવણી ની સૂચના સંઘને કરે છે. આ વખતે સંઘ મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર પાસે પરવાનગી મેળવીને દસ્તાવેજ કરે છે. અને સંઘને કામગીરી સોંપાય છે.

સંઘ ધ્વારા જે તે વિસ્તારમાં કામ કરતી જંગલ કામદાર સહકારી મંડળીને કૂપ ફાળવવા અને કાર્ય વિસ્તાર નકકી કરવા સૌ પ્રથમ જંગલખાતુ-સંઘ અને જંગલકામદાર મંડળીઓની એક મિટીંગનું આયોજન કરે છે. જેમાં દરેક પોત પોતાના ~~X~~ વિસ્તારમાં આવતા કાપવા લાયક કૂપોની યાદી આપે છે.

કાપવા લાયક કૂપો : પ્રકાર :

(૧) મુખ્ય કૂપ : મુખ્ય કૂપ જે અનામત જંગલમાંથી અપાય છે. જે કૂપનું કામ પધ્ધતિસરનું સાફ કરાવવા માટે દરેક ઝાડો - બધાજ કાપવા લાયક હોય છે. તે કાપીને ચોખ્ખું કરવામાં આવે છે. વિસ્તાર : ૩૦ થી ૩૫ હેકટર.

(૨) ક્રીનીંગ કૂપ: આ કૂપનો વિસ્તાર જો જૂનો હોય તો ૯૦ થી ૧૦૦ હેકટર સુધીનો હોય છે. જો નવો જ હોય તો ૩૦ થી ૩૫ હેકટર નો હોય છે.જેમાંથી માત્ર પસંદ કરેલા ઝાડો જ તોડવામાં આવે છે. જેની જંગલ ખાતાના માણસો ધ્વારા નિશાની પણ કરી આપવામાં આવે છે. અને આ કૂપ કાપવા માટે કાળજી પણ એટલી લેવાય છે. કેમ કે નકકી કરેલું ઝાડ જ કાપવાનું હોવાથી બાજુનું ઝાડ સાચવવું પડે છે.

(૩) સંરક્ષિત કૂપ : આવા કૂપોનો વિસ્તાર ૮ થી ૧૦ હેકટર સુધીનો હોય છે. જેમાં મોટે ભાગે મુખ્યકૂપજ હોય છે.

મંડળીઓને ઉપરના ત્રણે પ્રકારના કૂપોની વહેચણી કરવામાં આવે છે. જેમાં દરેક મંડળીને ૧ મુખ્ય કૂપ, ૧ થી ૨ રક્ષિત કૂપ, અને ૨ થી ૩ ક્રીનીંગ કૂપ ફાળવવામાં આવે છે. જેમાં કોઈ મંડળીને વિસ્તાર પ્રમાણે કોઈને ૫ થી ૬ તો કોઈને ૬ થી ૯ સુધીના કૂપ પણ ફાળે જાય છે. એટલે જે તે વિસ્તારમાં, જે તે મંડળીના કાર્યક્ષેત્રમાં આવતા ઉપરોકત ત્રણે પ્રકારના કૂપોની ફાળવણી દરેકને કરવામાં આવે છે.

આમ ઉપર મુજબ કૂપની ફાળવણી નકકી થયા પછી દરેક મંડળીને હિસ્સે આવેલ કૂપ અને માલના અંદાજી સ્વરૂપે તેની ડીપોઝીટ મૂકે છે. આ કાર્યવાહી ઓકટોબર માસ સુધીમાં નકકી થાય છે. કાર્ય પૂરું કરવા માટે નો સમય ગાળો પણ માર્ચ સુધીનો હોય છે. જે તે મંડળીને માર્ચ સુધીમાં કામ પૂરું કરવાનું હોય છે.

ઉપર મુજબની વહેચણીમાં કૂપની કાપવાની
મુશ્કેલીઓને ધ્યાનમાં લઈ કૂપ કાપની સમય મર્યાદા
વધારવામાં પણ આવે છે. જે શરતી હોય છે. જેની છૂટછાટ
સી.એફ, અને ડી.એફ. પોતાની સત્તાથી આપી શકે છે.
તેમને આ માટે પરવાનગી મળેલી હોય છે.

દરેક કૂપમાં એટલે કે ૩૦ થી ૩૫ હેકટરનો વિસ્તાર
હોય તેમાં આશરે ૧૫ થી ૨૦ હજાર ઝાડો હોય છે.

કૂપની તપાસ - જંગલખાતું કરો.

સંઘને
!
જિ.મદદનીશ ૨જિસ્ટ્રાર મંડળીઓ
!
દસ્તાવેજ
!
સંઘ દ્વારા
!
મંડળીઓને કૂપો ફાળવવામાં આવે છે.
!

આ રીતે સપ્ટેમ્બર, ઓકટોબર માસમાં કૂપની માંગણીની વિધિ થાય છે. નવેમ્બર એટલે કે દિવાળી પછી કામની શરૂઆત કરી એપ્રિલ સુધીમાં પૂરું કરવાનું હોય છે. જો કામ પૂરું થઈ શકે તેમ ન હોય તો તેની એક માસની - માલના પ્રમાણમાં લેઇટ ફી ભરી ને કામ પૂરું કરવાનું જે તે મંડળીને રહે છે.

કૂપનાં આટલા ઝાડો, કે આટલો માલ છે. તેવો અંદાજ કાઢયા પછી જ તેની કિંમત નકકી થાય છે. કૂપનું કામ જંગલ કામદાર મંડળીઓને જ સોંપાય છે. કોન્ટ્રાકટરોની માંગણીને સ્વીકારવામાં આવતી નથી.

કૂપની કાપણીની શરૂઆત દિવાળી પછી કૂપનું મૂરત બ્રાહ્મણ પાસે જોવડાવી તેની પૂજા - વિધી કરીને જ કામ ચાલુ કરાવવામાં આવે છે. જે તે મંડળીને સોંપાયેલા કૂપોના લાકડામાંથી કેટલું ઈમારતી લાકડું, કેટલું જલાઉ લાકડું નીકળશે તેની ખબર

મંડળીને ઍદાજે આવી જાય છે. તેના પરથી નફો-તોટો પણ નકકી કરી લે છે.

કૂપના કામની ઉપર મુજબની દરેક કાર્યવાહી નકકી થયા પછી મંડળીના સભાસદોને જાણ કરી સભાસદોને જ કામમા રોકવામાં આવે છે. કેટલીક જગ્યાએ બિન સભાસદો પણ કામ કરે છે. કૂપની કામગીરીમાં ૧૦૦ થી ૨૦૦ માણસો કામ કરે છે. જેમાં કોઈમાં ૫૦, કોઈમાં ૨૫ તો કોઈમાં ૧૦૦ માણસો કામ કરે છે. મંડળીના ઘારો કે ૫૦૦૦ સભાસદો હોય પણ બધાને કામ ૪ મળતું નથી. કારણ કે જો બધા જ કામે લાગે તો કૂપનું કામ એક દોઢ માસમાં પૂર્ણ થઈ જાય અને મંડળીનો હેતુ જે રોજગારીની તકો પૂરી પાડવાનો છે તે બર ન આવે. હા એ અહીં ધ્યાનમાં લેવું જોઈએ કે સભાસદ પગભર હોય તો તે નબળી સ્થિતિવાળાને પહેલી તક આપે છે. એક આ સહકારની ભાવના તેમનામાં જોવા મળે છે. જો કે ૨ કૂપકામમાં જુદા જુદા પ્રકારના કામોમાં મોટાભાગના સભાસદો નો સમાવેશ થઈ જાય છે.

મંડળીની સવારથી સાંજ સુધીની કૂપકામ વખતની પ્રવૃત્તિ :

મંડળીનું કામ સવારે ૭-૦૦ વાગ્યાથી શરૂ થાય છે. જે ૨૪ કલાક કામ ચાલે છે. એમ કહીએ તો ખોટુ ન ગણાય. સવારે સાત વાગ્યે મંડળીના હિસાબ માટે (લાકડાના)રાખેલ પગારદારી એજન્ટ (નવેમ્બર-એપ્રિલ) ૨૪ કલાક સુધી હાજર રહે છે. જે દરેક સભાસદોને કામની વહેચણી કરે છે. જેમાં તોડકામ : તોડકામ એવી રીતે કરાવે છે કે જેની દરેક લાકડાની કિંમત ઉપજે. કાપણી : કાપણી વખતે પણ લાકડું કેવી રીતે કાપવું તેની સૂઝ સભાસદને આપે છે. ત્યારબાદ ઘડતર : તે માટે દિવસ દરમ્યાન કપાયેલ લાકડાનું માપ સાંજે લઈ લે છે તેનું આખું માપ, ઘડતરની નોંધ કરે ત્યારબાદ આખા માસની ગણતરી કરી તેની ચૂકવણી કરે છે. દરેક કામ ઈચ્છા મુજબ,

પોતાની શક્તિ પ્રમાણે અને લાકડાની પ્રત ઉપર આધાર રાખે છે. જો લાકડું સીધું અને સારું હોય તો ઘડતરનું કામ વધુ થાય અને ગાંઠાવાળા હોય તો કામ ઓછું પણ બને. પરંતું દરરોજનું એક સભાસદ રૂા.૧૨ થી ૧૫ સુધીનું કામ કરે છે.

એજ-ટ એક સરાસરી કાઢી તેની ચૂકવણીની નોંધ તૈયાર કરી આપે છે.

કૂપ કામનું નિરીક્ષણ -સુપરવાઈઝર અઠવાડિયે ૧૫ દિવસે કરતો રહે છે.

કૂપમાં જેટલા સભાસદો આવે તેટલા બધા જ સભાસદોને કામની ફાળવણી કરવામાં આવે છે. ભલે પછી કામનો સમય ઘટે પણ ના કોઈને પાડવામાં આવતી નથી. આમ આખા દિવસ દરમ્યાન મંડળી દ્વારા જુદા જુદા પ્રકારનું શ્ર કાર્ય કરાવે છે.

<u>માલનું વેચાણ :</u>

માલના વેચાણ વખતે કારોબારીના સભ્યો એકઠા થઇ મંત્રીને બોલાવી બધાને ખબર પહોંચાડે છે.

ડેપો પર માલ આવી ગયા પછી તેની લંબાઇ પહોળાઇ પ્રમાણે ઢગલા બનાવી આર.એફ.ઓ, મંત્રી બંને સાથે મળી તેને સરકારી ખર્ચની તારવણી કાઢે (એજ-ટના અહેવાલ પરથી) અને કિંમત નકકી કરી ડી.એફ.ઓ ને જાણ કરે છે. ત્યે પછી ખર્ચ/નફો બંને ને ધ્યાનમાં લઇ તેની જાહેર હરાજી કરે છે.

કૂપના કામ વખતે જંગલખાતાના અધિકારીઓને પણ બોલાવવામાં આવે છે કે જેણે અવારનવાર x કૂપના કામની વિગતોની નોંધ રાખી હોય છે. તે હરાજી વખતે તપાસ પણ કરે છે.

કૂપની કાપણી વખતે જો થ્રીનીંગ કૂપ મળ્યો હોય તો માત્ર નિશાનીવાળા A કૂપનું કટીંગ થયું છે કે બીજા કાપી નાંખવામાં આવ્યા છે. તેની ચાંપતી નજર પણ રાખે છે.

મંડળીમાં લાકડાનો હિસાબ :

મંડળી દ્વારા માત્ર લાકડાનો જ હિસાબ રખાય છે. આટલા ઘ.મી. લાકડું ઉત્પન્ન થયું. અને આટલું વેચાયું. હરાજી વખતે હરાજીની શરતોની વેપારી આગળ રજૂઆત કરાય છે. હરાજીમાં લીધેલ માલનો ઉપાડ ત્રણ માસમાં પૂરેપૂરી રકમ ભરીને લઈ જવાનો હોય છે. અને જે રીતે ઉપાડ થાય અને તેના બીલ આવે અથવા જે રકમ વસૂલ આવે તેનો હિસાબ મંડળી રાખે છે.

ખર્ચ :

દરેક પ્રકારની આઈટેમવાર ખર્ચનો હિસાબ મંડળી દ્વારા રખાય છે. તેમાં કૂપના કામો તોડ, ઘડત્તર, વાહતુક અને ચૂકવેલ મજૂરીનો હિસાબ એજ-ટ રાખે છે.

ડેપો પરનો હિસાબ માપ-તોલ-માપનો હિસાબ ડેપો કલાર્ક રાખે છે.

માલ હરાજી દ્વારા વેચાયો હોય અને વેપારી ~~તે~~ સમય મર્યાદામાં ન લઈ ગયો હોય તેવું ભાગ્યે જ બને છે. કારણ કે આ તો પારકા પૈસે ધંધો ચલાવવાનો, કેમ કે વેપારીની ડીપોઝીટ, તેના જ જોખમે અમારે (મંડળીને) વેપાર કરવાનો હોય છે.

વેપારી :

વેપાર માટે દલાલો હોય છે. જે ગુજરાતના જ મોટે ભાગે હોય છે. દલાલો મારફતે વેચાણની પ્રક્રિયા ચાલે છે. મંડળી દ્વારા સીધે સીધું વેચાણ પણ કરવામાં આવે છે. ઘણો ખરો માલ ગુજરાત અને ગુજરાત બહાર પણ મોકલવામાં આવે છે.

લાકડાના ઉપયોગ :

કૂપમાં જુદા જુદા પ્રકારનું ઈમારતી લાકડું હોય છે. ઘણા કૂપોમાં વાંસ પણ થોડા ઘણા હોય છે. જેનો ઉપયોગ ઘર બાંધવા માટે, વિવિધ વસ્તુઓ તૈયાર કરવા માટે, ઘરની

દિવાલોની ભીંત બનાવવા તદ્ઉપરાંત આગળ જોઈએ તો હવે વનીલ ઉદ્યોગોનો પણ સહકાર સારો સાંપડવા માંડ્યો છે. જેમાં આ ઉદ્યોગ ઈમારતી લાકડું સીધે સીધું ખરીદી લઈ - વનીલ ઉદ્યોગ નવતાડ દ્વારા સાઈઝો, બારી-બારણાં, અને ફર્નિચર તથા જુદા જુદા પ્રકારની વસ્તુઓ બનાવી ઉદ્યોગ દ્વારા સાઈઝ પ્રમાણે માલ મળી શકે છે. વનિલ ઉદ્યોગમાં મંડળીનો ભાગ નથી. વનિલ ઉદ્યોગને અપાતું લાકડું મુકરર દર પ્રમાણે અપાય છે.

મંડળીનું ઓડિટ :

દરેક મંડળીનું દર ત્રણ માસે ઓડિટ કરવામાં આવે છે. જે ખાતાકીય રાહે થાય છે.

કૂપ કામના માલના વેચાણ વખતે ૧૦ ટકા લાકડું આદિવાસીઓ માટે અલગ કાઢવામાં આવે છે. અને જેનો લાભ લગભગ બધા જ સભાસદો લે છે. જે લાકડું ૪૦ ટકા ની સહાય થી અપાય છે. દા.ત. ૧૦૦૦ રુ. માલ હોય તો તે ૬૦૦ રુ. માં અપાય છે. જે ઈમારતીલાકડું હોય છે. ઉપરોકત ૧૦ ટકા લાકડું મેળવનારે (સભાસદેજ) પ્રથમ અરજી કરવી પડે છે. અને એક વખત અરજી કર્યાથી - માલ મળ્યા પછી તેની તેજ વ્યકિતને ૨૫ વર્ષ સુધી ફરી આ લાકડું આપવામાં આવતું નથી. તે વખતે તેને ફરી અરજી કરવી પડે છે. અને જો આ ૧૦ ટકા લાકડું મેળવવા અરજી ન આવી હોય તો તેને એપ્રિલમાં હરાજીથી વેચી દેવામાં આવે છે.

જો કોઈ સભાસદે માલ લિધો હોય અને તે બીજા વેપારીને વેચી દે તો તે શકય નથી. કારણ કે ૧૦ ટકા લાકડા મેઈવનારને પાસ આપવામાં આવે છે. જે xx દ્વારા-સફર થઈ શકે નહી. પરંતું આવું ઓછું બને છે.

વાહતુક :

કૂપમાં તોડકામ કરેલ લાકડાનું વાહતુક સભાસદોને જ અપાય છે. જે લાંબા અંતરના કૂપ હોય તો ન છૂટકે જ દ્રકનો

ઉપયોગ કરવામાં આવે છે.

મંડળીનો વધારે પડતા ખર્ચ અંગે :-

આ બાબતમાં તોડખર્ચ ઈંગવારી પ્રમાણે સરાસરી ૨૦૦૦ થવો જોઈએ. અને જો ૨૫૦૦ થાય તો તે ન થવો જોઈએ. અને થાય પણ નહી પરંતુ અહી શંકાશીલ થવાય છે. પરંતું તેનો અંદાજ પહેલેથી નકકી કરી નાખવાનો હોવાથી ખૂબજ ઓછું બને છે.

મંડળીમાં અપવ્યય : ઉચાપત જેવું અશકય છે. કેમ કે આ માટે ઘણાએ ભેગું થવું પડે છે. જેમાં મુકદ્દમ-કલાર્ક, સુથરવાઈઝર, મંત્રી બધાએ ભેગા થવું પડે. પણ જો તેમાંથી એકાદ માણસ ફૂટી જાય તો મુશ્કેલી ઉભી થાય છે. જેથી આવી મંડળીઓમાં અપવ્યય અથવા ઉચાપતનો અવકાશ ખૂબજ ઓછો હોય છે.

પસંદ કરેલ મંડળીઓના વિસ્તાર પ્રમાણે અભ્યાસમાં આવરી લીધેલ નમૂનાના કુટુંબોની સર્વેક્ષણ નોંધ :

જંગલ કામદાર સહકારી મંડળીઓના મૂલ્યાંકન અભ્યાસમાં વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકાની હનમતમાળ વિભાગ જંગલ કામદાર સહકારી મંડળી અને આ મંડળીના રાજપુરી-૧૦ અને હનમતમાળના-૧૫ એમ કુલ : ૨૫ કુટુંબોની તપાસ કરી હતી. આહવા-ડાંગ માંથી આહવા વિભાગ અને ગાઢવી વિભાગ જંગલ કામદાર સહકારી મંડળીની અને આહવા વિભાગમાં આવતા - મૂલચોંદ અને ભવાનદગડ, તેમજ ગાઢવી વિભાગમાં - ગાઢવી, જામલાપાડા, અને દિવાન ટેમ્બ્રુન ગામના કુલ ૫૦ સભાસદોની તપાસ કરી હતી. જ્યારે સુરત જિલ્લાના ઉચ્છલ તાલુકાની જંગલ મંડળીઓમાંથી 'જમલી વિભાગ જંગલ કામદાર સહકારી મંડળી કામરેજ ટોકરવા ગામના ૨૫ સભાસદોને ધ્યાનમાં લઈ એમ કુલ ત્રણ વિસ્તારનો ચાર મંડળીઓને અભ્યાસમાં આવરી લઈને કુલ ૧૦૦ કુટુંબોની પ્રત્યક્ષ મુલાકાત લઈ - જંગલ કામદાર મંડળી અને તેના દ્વારા મળેલ લાભ ગેરલાભોની માહિતી એકત્રિત કરાઈ હતી. જેની નોંધ અહી જુદા જુદા

કોઠાઓમાં દર્શાવી છે. જેનો ઉંડાણપૂર્વક અભ્યાસ કરવાથી મંડળી દ્વારા સભાસદો પર થયેલી અસર, તેમની આવક, રોજગારીની તકો અને અન્ય પાસાઓ કેટલા સબળ થયા તેનો ખ્યાલ આવશે. અહી પ્રથમ જંગલ ખાતાદાર મંડળીઓના અભ્યાસમાં આવરી લીધેલા નમૂનાના કુટુંબોની કુટુંબ સંખ્યા, જાતિવાર, ગોત્રવાર, કુટુંબોનું વર્ગીકરણ, ઉંમર પ્રમાણે અને વૈવાહિક દરજ્જા પ્રમાણે વર્ગીકરણ, નીચે દર્શાવેલ કોઠા ઉપરથી જોઈ શકાય છે. કોઠામાં દર્શાવ્યા મુજબ નમુનાના કુટુબો ૧૫ અલગ અલગ આદિવાસી જાતિના હતા. અને જુદી જુદી ૨૧ અટકો (ગોત્ર)ધરાવતા હતા. તે કોઠા નં.૨ પરથી જોઈ શકાય છે.

કોઠા નં. : ૧
અ

જંગલકામદાર મંડળીઓના તપાસેલ નમૂનાના કુટુંબો (સભાસદો) નું મુખ્ય જાતિવાર વર્ગીકરણ

ક્રમ	જિલ્લો	તાલુકો	ગામ	પવાર	કુકણા	ગામીત	ચૌધરી	વારલી	લોકડીયા	ધુમ	ભોયા	નિશાળ	વાગ્યા	વસાવા	મકાલા	પાળવી	વીળ	ભીલ	અન્ય	કુલ
૧.	વલસાડ	ધરમપુર	રાજપુરી હનમતમાળ	૨	૧૧	૧	૧	૨	૧	૧	૩	૧			૧	૧				૨૫
૨.	ડાંગ	આહવા	મૂલચાંદ ભવાનદગડ જામલાપાડા દિવાનટેમ્બ્રુન ગાઢવી	૩	૨૩	૧	૨	૨	–	–	૯	–	–	–	૨	–	૧	૭		૫૦
૩.	સુરત	ઉચ્છલ	ટોકરવા			૨							૨	૨૧						૨૫
			કુલ	૫	૩૪	૪	૩	૪	૧	૧	૧૨	૧	૨	૨૧	૩	૧	૧	૭		૧૦૦

નોંધ : ધરમપુર તાલુકાની હનમતમાળ વિ. જંગલ કામદાર સહકારી મંડળી માંથી બે ગામના-રાજપુરીના ૧૦ અને હનમતમાળના ૧૫ સભાસદોની નોંધ લીધી હતી.

૦ આહવા-ડાંગ ની બે જંગલ કામદાર સહકારી મંડળીનો સમાવેશ કરી જુદા જુદા પાંચ ગામોના સભાસદોની તપાસમાં આવરી લેવાયા હતા. - મૂલચાંડ-૨૧, ભવાનદગડ, ૪, જામલાપાડા-૫, દિવાનટેમ્બ્રુન-૫, ગાઢવી-૧૫ સભાસદોની પરિસ્થિતિ જાણી હતી.

૦ સુરત - ઉચ્છલ તાલુકાની જામલી વિ. જંગલ કામદાર સહકારી મંડળીના ટોકરવા ગામના ૨૫ સભાસદોને અભ્યાસમાં આવરી લેવાયા હતા.

કોઠા નં. ૨

તપાસમાં આવરી લીધેલ સભાસદોના ગોત્રવાર (કુટુંબોનું) વર્ગીકરણ

ક્રમ	કુલ કુ.	ભોયા	પવાર	કુકના	વૈજલ	કોલયા	કુંવર	થોરાત	પાડવી	ગાવીત	ભીલ	ચોર	વાઘ	દેશમુખ	ગવરી	ઠાકર્યા	બાગુલ	મુરા	વાઘ મારે	ગામીત	વાગ્યા	વ	કુલ સા. વા.
૧	૨૫	૯	૨	૮	૧	૨	૧	૧	૧	-	-	-	-	-	-	-	-	-	-	-	-	-	૨૫
૨.	૫૦	૯	૯	૧૩	-	-	-	-	-	૫	૧	૧	૧	૩	૧	૩	૨	૨	૧	-	-	-	૫૦
૩.	૨૫	-	-	-	-	-	-	-	-	-	-	-	-	-	-	-	-	-	૨	૨	૨૧	૨૫
કુલ	૧૦૦	૧૭	૧૧	૨૧	૧	૨	૧	૧	૧	૫	૧	૧	૧	૩	૧	૩	૨	૨	૧	૨	૨	૨૧	૧૦૦

કોઠા નં. ૧ અને ૨ પરથી મુખ્ય જાતિવાર અને ચોત્રવાર વર્ગીકરણ જોયા પછી ગામમાં વસવાટ કયારે કયો તેની માહિતી કોઠા નં.૩ માં દશાર્વી છે. કુલ કુટુંબોમાંથી મોટાભાગના એટલે કે ૯૭ ~~કુટુંબ~~ (~~૧૩૮~~) કુટુંબો ૨૦ વર્ષ અગાઉથી - પહેલેથી જ ગામમાં વસવાટ કરતા હતા. જ્યારે ૧ કુટુંબ ૧૬ થી ૨૦ વર્ષના ગાળામાં હનમતમાળમાં આવી વસવાટ કર્યો હતો અને ૧ કુટુંબ ૧૧ થી ૧૫ વર્ષથી જ આ ગામમાં વસવાટ કરેલો છે. જ્યારે આહવા-ડાંગના - ૧ કુટુંબે છેલ્લા ૬ વર્ષથી મૂલચોંડમાં વસવાટ શરૂ કર્યો હતો. આમ નમૂનાના કુટુંબોનો ગામમાં વસવાટ કયારથી તે અનુક્રમે દશાર્વવામા આવ્યું છે. જેનો કોઠો-૩ જોવાથી વધુ ખ્યાલ આવશે.

કોઠો : ૩

ગામમાં વસવાટ કયા૨થી કયો૰

ક્રમ	તાલુકા નું નામ	૬ થી ૧૦ વ૰	૧૧ થી ૧૬ વ૰	૧૬ થી ૨૦ વ૰	૨૦ વ૰ અગાઉથી	કુલ
૧.	ધરમપુર	-	૧	૧	૨૩	૨૫
૨.	આહવા-ડાંગ	૧	-	-	૪૯	૫૦
૩.	ઉમ્બ૨ગામ	-	-	-	૨૫	૨૫
કુલ		૧	૧	૧	૯૭	૧૦૦

નોંધ : ઉપરના કોઠામાં વિસ્તા૨વા૨ દશા૱વેલ કુટુંબના વસવાટ : જે સભાસદો છે તેમની માહિતી દશા૱વે છે. અને દરેક કુટુંબમાંથી ૧-૧ સભાસદ છે.

કોઠા નં. ૩ ઉપરથી વસવાટની ભાત જોયા પછી નમૂનાના કુટુંબોના ઘરની પરિસ્થિતિ કોઠા નં.૪માં દશાર્વી છે. કોઠા -૪માં પસંદ થયેલા સભાસદોના મકાનનો પ્રકાર, ઓરડાની સંખ્યા, દિવાલનો પ્રકાર, છાપરાનો પ્રકાર, પશુ માટેની છાપરી અને મકાન માલિકીની જમીનની વિગતો દશાર્વી છે.

તપાસેલ ૧૦૦ સભાસદોના મકાનોમાં ૯૯ સભાસદોના મકાન કાચા વાંસ-છાણ માટીની દિવાલવાળા હતા. જ્યારે ૧ સભાસદ નું મકાન પાકું પત્થરની દિવાલવાળું હતું. કુલ ૧૦૦ કુટુંબોને પોતાના ઘરોના ઓરડા જોઈએ તો ૧૩ અને ૧ ઓરડાવાળું મકાન, ૪૦- ને બે ઓરડાવાળું, ૨૪ ને ૩ ઓરડાવાળું, ૨૩ સભાસદોને ૪ ઓરડાવાળું ઓસરી સહિતનું મકાન હતું.

દરેક ઘરોના છાપરાં જોઈએ તો ૩૯ સભાસદોને ઘાસ-પાનનાં, ૨૫ સભાસદોને દેશી નળિયાંવાળાં અને ૩૬ સભાસદોને વિલાયતી નળિયાંવાળાં છાપરાં હતાં, દરેક સભાસદને પશુ બાંધવા માટેની સગવડ મકાન સાથે નહતી. ૨૫ સભાસદોને પશુ માટેની છાપરી અલગ હતી. જ્યારે ૭૫ને સાથે હતી. ૧૦૦ સભાસદમાંથી ૯૩ સભાસદોને પોતાની મકાનની માલિકીની જમીન હતી, જ્યારે ૭ સભાસદો પૈકી ૨, જંગલખાતાની, ૪ જાતિભાઈની અને ૧ ભાડાની જગ્યા પર નિવાસ કરતા હતા. આમ દરેક સભાસદોને રહેવા માટેની ઠીક ઠીક સુવિધા પ્રાપ્ય હતી. જેની વિગતો કોઠામાં દશાર્વી છે, માટે કોઠાનો અભ્યાસ અન્ને જોવાથી વિસ્તાર પૂર્વક સ્થિતિનો ખ્યાલ આવી શકે.

કોઠા નં. ૪

સભાસદોના મકાનની વિગતો દર્શાવતો કોઠો

ક્રમ	તાલુકાનું નામ	મકાનનો પ્રકાર		ઓરડાની સંખ્યા				દિવાલનો પ્રકાર			છાપરાનો પ્રકાર				પશુ માટેની છાપરી સાથે છે.		કુલ
		કાચુ	પાકુ	૧	૨	૩	૪	વાંસ-માટી છાણ	પત્થર	ઘાસ	દેશી નળિયાં	વિલાયતી નળિયાં	પતરાં	હા	ના		
૧.	ધરમપુર	૨૫	-	૬	૧૧	૫	-	૨૫	-	૧૧	૧૪	-	-	૧૨	૧૩		૨૫
૨.	આહવા-ડાંગ	૪૬	૧	૨	૧૬	૧૧	૧૮	૪૬	૧	૭	૭	૩૬	-	૪૩	૭		૫૦
૩.	ઉચ્છલ	૨૫	-	૨	૧૦	૮	૫	૨૫	-	૨૧	૪	-	-	૨૦	૫		૨૫
૪.	કુલ	૯૬	૧	૧૩	૪૦	૨૪	૨૩	૯૬	૧	૩૬	૨૫	૩૬	-	૭૫	૨૫		૧૦૦

કોઠો નં.૪ ચાલુ

મકાનની મોલિકાની જાળમ

ક્રમ	નાહકાનું નામ	પોતાની				ભાડે	
		હા	ના	જાણમાં નથી	ના મિલકાત	લાકાની	
૧	૨	૩	૪	૫	૬	૭	૮
૧		૨૧	૪	૧	૨	૧	૨૫
૨૦		૪૭	૩	૧	૨	-	૫૦
૩.		૨૫	-	-	-	-	૨૫
કુલ		૯૩	૭	૨	૪	૧	૧૦૦

અહી કોઠા ૧ થી ૪મા પસંદ થયેલા
સભાસદોની સામાન્ય માહિતીનો ખ્યાલ મેળવ્યા.
પછી નમૂનાના કુટુંબોની સભ્ય સંખ્યા વિષે જોઈએ
તો ખ્યાલ આવશે કે દરેક કુટુંબનું કદ સરેરાશ ૫ માણસનું
જોવા મળ્યું હતું. અને મોટાભાગના કુટુંબો કેન્દ્રીય હતા.
નમૂનાના કુટુંબોની કુલ સભ્ય સંખ્યામાં ૨૭૨ પુરુષો
અને ૨૫૩ સ્ત્રીઓનો સમાવેશ થતો હતો. તેમાંથી એક
એક વ્યકિત સભાસદ હતી. પણ કામ દરેકને મળતું
તેમાંથી ૧૧૯ પુરુષો અને ૧૨૪ સ્ત્રીઓ ૦ થી ૧૪ વર્ષની
કામ ન કરી શકે તેવી હતી. કુલ સભ્ય સંખ્યામાંથી ૧૨૧
પુરુષોનો અને ૧૨૦ સ્ત્રીઓ પરિણીત હતી. જેમાં ૪ પુરુષો
વિધુર અને ૧ વિધવા સ્ત્રીનો સમાવેશ થાય છે.

નમૂનાના કુટુંબોની સભ્ય સંખ્યા પછી તેમની
શૈક્ષણિક પરિસ્થિતિ જોઈએ તો આપણને ખ્યાલ આવશે
કે આ લોકોમાં શિક્ષણનું સ્તર ખૂબજ નીચું જોવા મળે
છે. કોઠા નં. ૭માં દર્શાવ્યા મુજબ કુલ સભ્ય સંખ્યામાંથી
૯૮ પુરુષો અને ૨૪ સ્ત્રીઓએ પ્રાથમિક શિક્ષણ લીધું હતું
(લઈ રહી હતી. જ્યારે

કોઠા નં. ૫

નમૂનાના કુટુંબોની સભ્ય સંખ્યા - અને ઉંમર પ્રમાણે વર્ગીકરણ

ક્રમ	તાલુકાનું નામ	કુલ કુટુંબ	કુલ સભ્ય સંખ્યા			૦ થી ૧૪ વર્ષ		૧૫ થી ૩૪		૩૫ થી ૫૯		૬૦ થી ઉપર		કુલ	
			પુરુષ	સ્ત્રી	કુલ	પુરુષ	સ્ત્રી	પુરુષ	સ્ત્રી	પુરુષ	સ્ત્રી	પુરુષ	સ્ત્રી	પુરુષ	સ્ત્રી
૧.	ધરમપુર	૨૫	૫૧	૬૦	૧૧૧	૧૯	૩૨	૧૯	૨૪	૧૩	૪	-	- ✱	૫૧	૬૦
૨.	આહવા	૫૦	૧૪૧	૧૨૦	૨૬૧	૬૬	૬૧	૪૨	૩૯	૩૦	૧૭	૩	૩	૧૪૧	૧૨૦
૩.	ઉચ્છલ	૨૫	૮૦	૭૩	૧૫૩	૩૪	૩૧	૨૭	૨૬	૧૯	૧૬	-	-	૮૦	૭૩
	કુલ	૧૦૦	૨૭૨	૨૫૩	૫૨૫	૧૧૯	૧૨૪	૮૮	૮૯	૬૨	૩૭	૩	૩	૨૭૨	૨૫૩

૮૬૧

કોઠા નં. ૬

વૈવાહિક દરજ્જા પ્રમાણે વર્ગીકરણ

ક્રમ	તાલુકાનું નામ	કુલ કુટુંબ	પરિણીત		અપરણિત				કુલ	
			પુરુષ	સ્ત્રી	પુરુષ	સ્ત્રી	વિધુર	વિધવા	પુરુષ	સ્ત્રી
૧.	ધરમપુર	૨૫	૨૬	૨૮	૨૪	૩૨	૧	૧	૫૨	૬૦
૨.	આહવા	૫૦	૫૫	૫૪	૮૪	૬૬	૨	-	૧૪૧	૧૨૦
૩.	૩ચ્છલ	૨૫	૩૬	૩૭	૪૩	૩૫	૧	૧	૮૦	૭૩
	કુલ	૧૦૦	૧૧૭	૧૧૯	૧૫૧	૧૩૩	૪	૧	૨૭૨	૨૫૩

કોષ્ટક નં. ૭

નમૂનારૂપ કુટુંબોની શૈક્ષણિક સ્થિતિ

ક્રમ	તાલુકાનું નામ	કુલ કુટુંબ	૧ ધો ૪	૫ ધો ૭	૮ ધો ૧૦	૧૧ મેં ૧૨	સાયન્સ	કુલ
			પુરુષ / સ્ત્રી	પુરુષ / સ્ત્રી	પુરુષ / સ્ત્રી	પુરુષ / સ્ત્રી	પુરુષ / સ્ત્રી	પુરુષ / સ્ત્રી
૧.	ધરમપુર	૨૫	૧૫	૫	૧	-	-	૩૫	૫૧	૪	૬૦
૨.	મોહવ્લ	૫૯	૩૬	૧૦	૨૪	૬	૩	૫	-	૬૯	૧૦૧	૧૪૭	૧૨૦

૩.	ઉમરગામ	૨૫	૧૬	૩	૬	-	૩	૧	-	-	૫૫	૬૬	૭૩
	કુલ	૧૦૦	૬૭	૧૮	૬	૩૧	૧૦	૫	૫	-	૧૫૬	૨૨૪	૨૭૨	૨૫૩

દસ કુમાર અને ૫ ક-ન્યાઓ ધોરણ ૮ થી ૧૦ સુધીનું શિક્ષણ લઈ રહ્યા હતા. જ્યારે માત્ર ૫ કુમારે ઉચ્ચતર અભ્યાસ કરતા માલુમ પડ્યા હતા.

શિક્ષણની પરિસ્થિતિમાં ધરમપુર અને ઉચ્છલની સ્થિતિ ખૂબજ હૃદયદ્રાવક ગણાવી શકાય. કુટુંબના સભ્યોની, ઉંમર પ્રમાણે, વૈવાહિક દરજ્જા પ્રમાણે અને શૈક્ષણિક સ્થિતિનો ખ્યાલ કોઠા નં. અનુક્રમે ૫-૬ અને ૭ માં દશાર્વી છે. જેને ઉડાણપૂર્વક જોવા જોઈએ.

અહી એ જરૂર સૂચવી શકાય કે આ લોકોમાં શિક્ષણની આજ સ્થિતિ જો લાંબા ગાળા સુધી ચાલુ રહેશે, અને તેમાં ફેરફારો નહિ જોવાય તો તેમની આર્થિક સધ્ધરતા મેળવવા માટેના પ્રયાસો એળે જશે. અને તેમની પ્રગતિ રૂંધાશે.

<u>કમાનાર-નહિ કમાનાર :</u>

ઉપર મુજબ કોઠા ૫.૬.૭ માં પસંદ થયેલ સભાસદોના કુટુંબોની સભ્યસંખ્યાની વિગતો જોયા પછી તેમાંથી કામ કરનારાઓ અને કામ નહિ કરનારની સંખ્યા જોઈએ તો કુલ સભ્ય સંખ્યામાંથી ૨૪૮ સભ્યો - ૧૪૫ પુરુષો અને ૧૦૩ સ્ત્રીઓ કામ કરનાર હતી. જ્યારે ૨૭૭ જેટલી સભ્ય સંખ્યા કામ કરનાર પર આધારિત હતી. તેમાં ૧૨૭ પુરુષો અને ૧૫૦ સ્ત્રીઓ કામ કરતી નહતી. એકંદરે કામ કરનાર સંખ્યા ઉપર - નહિ કમાનારનું ભારણ ઓછું હતું. કોઠા-૮ માં કુટુંબના કમાનાર અને નહિ કમાનાર સભ્ય સંખ્યાની વિગતો દશાર્વી છે. જેનો કોઠો જોવાથી વધુ ખ્યાલ આવશે.

ઉપર મુજબના કામ કરનાર સભ્યો જુદા જુદા પ્રકારની મજૂરી કરી રોજી મેળવતા હતા.

કોઠા નં. ૮

કમાનાર - નહિં કમાનાર

ક્રમ	તાલુકાનું નામ	કુલ કુટુંબ	કમાનાર પુરુષ	કમાનાર સ્ત્રી	નહિં કમાનાર પુરુષ	નહિં કમાનાર સ્ત્રી	કુલ પુરુષ	કુલ સ્ત્રી	કુલ
૧.	ધરમપુર	૨૫	૨૯	૨૧	૨૨	૩૯	૫૧	૬૦	૧૧૧
૨.	આહવા	૫૦	૬૩	૩૮	૭૮	૮૨	૧૪૧	૧૨૦	૨૬૧
૩.	ઉચ્છલ	૨૫	૫૩	૪૪	૨૭	૨૯	૮૦	૭૩	૧૫૩
	કુલ	૧૦૦	૧૪૫	૧૦૩	૧૨૭	૧૫૦	૨૭૨	૨૫૩	૫૨૫

મજૂરીની આવક :

નમૂનાના સભાસદો પાસેથી પ્રત્યક્ષ મુલાકાત વખતે ખેતી, પશુપાલન, જંગલકામ, મજૂરી અને નોકરીની આવક અંગેની માહિતી મેળવવામાં આવી હતી. તેનો સરાસરી આંક અહીં દર્શાવવામાં આવ્યા છે. દરેક કુટુંબને કુલ આવકમાંથી ખર્ચ બાદ કરતાં કેટલી આવક પ્રાપ્ત થતી તે જોઈએ.

ધરમપુર વિસ્તારના પસંદ થયેલા બંને ગામોના સભ્યોની ઉપર દર્શાવેલા જુદા જુદા સાધનોમાંથી કુલ વાર્ષિક આવક ૮૦૫૨૫ રૂા. એટલે કે કુટુંબ દીઠ વાર્ષિક આવક ૩૨૨૧ રૂા. ની થઈ હતી. જેમાંથી કુલ વાર્ષિક ખર્ચ (મજૂરી પાછળનો) ૩૦૨ રૂા. બાદ કરતાં તેમને ચોખ્ખી આવક ૨૯૧૯ રૂા. પ્રાપ્ત થતી હતી. જેમાંથી જંગલની આવકનો હિસ્સો ૧૧૨૦ રૂા. વાર્ષિક (કુટુંબદીઠ) હતો.

આજ વિસ્તારના જંગલકામ સિવાયની મજૂરી ખેતી, ખેતમજૂરી અને અન્ય કામમાંથી કુટુંબદીઠ વાર્ષિક આવક ૧૮૬૧ રૂા. ની. થતી હતી. જે બધા સાધનોની ૪ હતી. જ્યારે જંગલ મંડળીઓમાં કામ કરતા આ વિસ્તારના સભાસદો ની બધાજ સાધનોની મળી કુલ આવક ૩૨૨૧ રૂા. ની (કુટુંબદીઠ) હતી. જેમા જંગલ કામની આવકનો હિસ્સો ૧૧૨૦ રૂા. નો હતો.

એજ રીતે આહવા ડાંગ વિસ્તારના બંને મંડળીઓના પસંદ થયેલા સભાસદોની કોઠામાં દર્શાવ્યા મુજબ બધાજ સાધનોની કુલ આવક લગભગ ૨૮૭૪૦૦ રૂા. ની પ્રાપ્ત થતી હતી. જેમની કુટુંબદીઠ કુલ વાર્ષિક આવક ૫૭૪૮ રૂા. ની થતી હતી. જેમાથી કુલ કુટુંબદીઠ વાર્ષિક ખર્ચ રૂા. ૭૦૮ (મજૂરી માટે મજૂરી પાછળ થતું ખર્ચ) બાદ કરતાં કુટુંબદીઠ ચોખ્ખી આવક રૂા. ૫૦૪૦ જેટલી પ્રાપ્ત થતી હતી. તેમા જંગલકામની આવકનો હિસ્સો કુટુંબદીઠ ૧૧૬૫ રૂા. નો હતો.

જ્યારે આ જ વિસ્તારના જંગલમંડળીમાં નહિં - જોડેયેલા અને કૂપકામ નહિં કરનારની ખેતી, પશુપાલન, અને નહિવત જંગલ ગૌણ પેદાશ એકઠી કરવાથી કુટુંબદીઠ બધા સાધનોની (જંગલ મજૂરી સિવાયની) સરેરાશ ૩૯૯૪ રુા. ની આવક પ્રાપ્ત થતી હતી. જે જંગલ મંડળીની ~~એક~~ અંદર કામ કરનારં સભાસદની આવકની તુલનામાં ફેરફાર જોવા મળતો.

ઉપર મુજબ ત્રણે વિસ્તારના સભાસદો અને બિન સભા સદોની જંગલમજૂરી સાંથેની અને જંગલમજૂરી સિવાયના કામોની આવકમાં મોટો તફાવત એટલે કે સરેરાશ ૧૧૯૨ રુા. નો તફાવત જોવા મળતો હતો.

આ ઉપરથી એટલું તો નિશ્ચિત છે કે જંગલ કામદાર મંડળીઓની શરૂઆતથી આજ સુધીમાં સભાસદોની આવકમાં ઉત્તરોત્તર વધારો થતો રહયો છે. અને રોજગારીની સારી તકો મેળવી આપી છે. પરંતુ હજુ મંડળીઓ જો તેની આર્થિક પ્રવૃત્તિઓને વેગ આપે તો જરૂર સભાસદોના જીવન સ્તરને સુધારી શકાશે અને સભાસદ સ્વાવલંબનની દિશાસૂઝ મેળવી શકશે.

અહીં પસંદ થયેલ મંડળીઓના સભાસદોની જુદા જુદા આવક મેળવવામા સાધનો દ્વારા કેટ-કેટલી આવક મેળવે છે અને તેની પાછળ જે સામા-ન્ય ખર્ચ-મજૂરી માટે આવવા જવાનું તેમજ ત્યાં રહેવાથી થતો ખર્ચ બાદ કરતાં કુલ કેટલી આવક વાર્ષિક, કુટુંબદીઠ વાર્ષિક અને કુટુંબદીઠ માસિક આવક કેટલી તેમજ એકલી જંગલકામની કેટલી આવક પ્રાપ્ત થાય છે તેની વિગતો કોઠા નં.૯મા વિગતે દશાર્વી છે. જેનો ખ્યાલ કોઠો જોવાથી આવી શકે છે. (જુઓ કોઠો-૯. જુદા જુદા સાધનોમાંથી પ્રાપ્ત થતી આવક-ખર્ચ અને ચોખ્ખી આવકનું પ્રમાણ).

કોઠો નં. ૬

૩૬ | ૩૬ | ચોમાસામાં ઘરની પાછલ ચોમાસું/ચોમાસા પહેલાં ચોમાસા દરમ્યાન ચોમાસા પછી

ક્રમ	તાલુકા	કેન્દ્ર	ખેતી	પશુપાલન	જંગલ કાપમાં	મજૂરી	નોકરી	કેન્દ્ર	ચોમાસા
		કેન્દ્રનું નામ	ચાલુ	ચાલુ	ચાલુ	ચાલુ	ચાલુ	ચાલુ	
૧.	દાહોદ	દાહોદ	૨૫	૪૦૧૦૦	૩૨૫૫	૨૫૦૫૫	૩૨૫	૪૦૧૦૦	૨૫
૨.	ઝાલોદ	ઝાલોદ	૫૦	૧૦૫૩૦૦	૨૪૬૫૦	૪૩૫૦	૪૧૬	૨૩૬૦૦	૨૫૨૦૦૦
૩.	ઉમરેઠ	ઉમરેઠ	૨૫	૫૦૭૦૦	૬૨૦૦	૬૬૦	૨૬૬૦	૨૬૬૦૦	૧૧૧૪૦

કોઠો નં. ૬ ચાલુ

ચાલ ૧ ક

ક્રમ.	કંપનીનું નામ	ચોકકસ ઠેકાણું	ચોકકસ કાર્યક્ષેત્ર	ચાલુ વિક્રમવર્ષમાં ભરેલ મૂડી અને કરવેરા પહેલાંનો નફો (કે)	ચાલુ વર્ષમાં ભરેલ મૂડી પર ટકાવારી
૧.	રૂબી	રાજકોટ	૨૪૩.૨૫	૧૦૬૬	૧૮૬૧
૨.	પ૦૪૦	૪૨૦.૦૦	૧૧૬૫	૧૪૩૫	
૩.	૪૨૫૮	૩૭૧.૧૫	૧૨૬૨	૩૬૬૪	
કુલ.	૪૩૬૪	૩૬૩.૪૭	૧૧૮૦	-	

નમૂનાના સભાસદોને કુલ આવક મેળવવા પાછળ કેટલો ખર્ચ થાય છે તે જોતાં કુલ આવક મેળવવા સરેરાશ ૧૨ ટકા ખર્ચ થતો હતો. એટલે કે લગભગ ૫૯૦ રુ. ખર્ચ કુટુંબદીઠ જોવા મળ્યો હતો. કુટુંબદીઠ ચોખ્ખી આવક પ્રાપ્ત કરવા પાછળ થતો ખર્ચ બાદ કરતાં તેમને સરેરાશ ૪૩૬૪રુ. ચોખ્ખી આવક પ્રાપ્ત થતી.

આમ છતાં બધા સાધનો દ્વારા મેળવેલ કુલ આવક તેમના જીવન નિર્વાહ ખર્ચ પૂરતી નહતી. આવક અને ખર્ચ લગભગ સરખા જ રહેતા. મોટા ભાગની આવક અનાજ, કપડાંમાં ખર્ચાઈ જતી. મોટા ભાગના કુટુંબોને ચોમાસાના સમયે એકટાણું કરીને પણ ચલાવવું પડયું હતું. આ વધતા જતા ખર્ચને પહોંચી વળવા મોટાભાગના ૪૬ ટકા કુટુંબો દેવું કર્યું હતું. જે હવે પછીના કોઠામાં દર્શાવ્યું છે.

<u>દેવું :</u>

પસંદ કરેલ વિસ્તારની મંડળીઓના સભાસદો પાસેથી તેમને દેવું છે કે કેમ તે અંગેની વિગતો મેળવવામાં આવી હતી. કુલ કુટુંબોમાંથી ૪૬ કુટુંબો દેવાદાર હતા જેમનું કુલ દેવુ ૫૦૧૬૦ રુ. નું હતું. કુટુંબદીઠ ૧૦૯૧ રુ. જેટલું થતું હતું. તે દરેક કુટુંબોએ જીવન નિર્વાહ, બળદગાડું, ભેંસોની ખરીદી મકાન બાંધકામ અને સામાજિક પ્રસંગો માટે કર્યું હતું. જેની વિગતો નોંધ કોઠા નં.૧૦ માં દર્શાવી છે. જેનો કોઠો જોવાથી વધુ ખ્યાલ આવે છે. કોઠામાં કુલ દેવાદાર કુટુંબોએ કોની પાસેથી અને કેટલું દેવું કર્યું હતું. તેમજ કેટલા સમયથી અને કયા હેતુસર દેવું કર્યું તેની વિગતો દર્શાવવામાં આવી છે.

કોઠા નં. ૧૦

દેવાની વિગત દર્શાવતો કોઠો

ક્રમ	તાલુકાનું	કુલ	દેવું છે.		શાહુકાર વેપારી	સરકારી	સહકારી મંડળી	બેંક	સગા વહાલાં	કુલ	દેવાદાર કુટુંબ દીઠ દેવું
			હા	ના							
૧.	ધરમપુર	૨૫	૧૪	૧૧	૪૦૦	૮૧૦	૬૦૦	-	૨૨૫૦	૪૦૬૦	૨૯૦૦
૨.	આહવા	૫૦	૨૦	૩૦	-	૫૫૦૦	૨૧૨૦૦	૧૬૫૦	૫૯૫૫	૩૪૩૦૫	૧૭૧૫.૩
૩.	ઉચ્છલ	૨૫	૧૨	૧૩	-	-	૧૧૦૯૫	૭૦૦	-	૧૧૭૯૫	૯૮૨.૯
	કુલ	૧૦૦	૪૬	૫૪	૪૦૦	૬૩૧૦	૩૨૮૯૫	૨૩૫૦	૮૨૦૫	૫૦૧૬૦	૧૦૯૦.૫

નોંધ : (૧) કુલ દેવાદાર કુટુંબોમાંથી ૩ કુટુંબોને ૧ વર્ષનું, ૧૩ કુટુંબોને ૨ વર્ષનું અને ૩૦ કુટુંબોને ૩ વર્ષ અગાઉનું દેવું બાકી હતું.

(૨) તે દરેક કુટુંબોએ જીવન નિર્વાહ, દંડપેટે, બળદગાડુ, ભેંસ માટે, માંદગી મકાન બાંધકામ અને સામાજિક પ્રસંગો માટે દેવું કર્યું હતું.

પસંદ થયેલ સભાસદો પાસેથી તેમની

સ્થાવર મિલ્કતના સ્વરૂપે, પશુધન, મકાન સંખ્યા,

વૃક્ષો અને કેટલી જમીન હતી તેની વિગતો એકઠી

કરવામાં આવી હતી. તેની સંખ્યા કોઠા-૧૧માં

દશાર્વી છે. કોઠા.૧૨માં સ્થાવર મિલ્કતની કિંમત

દશાર્વી છે. જેમની કુટુંબદીઠ અસ્કયામત સરેરાશ ૧૨૮૩૯

રૂા. ની થતી હતી. જેમાં પશુધનની કિંમત જમીનની કિંમત

અને ન હિંવત ઝાડોની કિંમતનો સમાવેશ થતો હતો.

નોંધ : અહીં ડાંગમાં જમીન ધરાવનાર કુલ.૩૪

કુટુંબોની જમીનની સરેરાશ કિંમતનો પણ સમાવેશ કરેલો

છે. તેમની પાસે પશુધન સારૂ છે. આ માટે અહીં

કોઠો.૧૧ અને ૧૨ જોવો ખૂબજ આવશ્યક બની રહેશે.

કોઠા નં. ૧૧

સ્થાવક મિલકત : સંખ્યા / માપ

ક્રમ	તાલુકાનું	કુટુંબ	પશુધનની વિગત								મકાન	વૃક્ષોની વિગત							જમીન	
		સંખ્યા	ગાય	ભેંસ	પાડા	ઘેટાં બકરાં	બળદ	વાછરડા	વાછરડી	મરઘાં	અન્ય	સંખ્યા	આંબા	આંબલી	ફણસ	સાદડ	સાગ	મહુડા	કંદ કલમ	ચે.	ગુ
૧.	ધરમપુર	૨૫	૨૪	૫	૧૨	૪૨	૨૪	૧૦	૧૦	૮૭	-	૨૭	૩૮	૨	૨	૪૬	૧૧૬	૬	-	૬૪	૨૬
૨.	આહવા	૫૦	૫૮	૩૪	૧૩	૬૩	૬૭	૨૮	૩૫	૩૬૮	૨૫૦	૫૨	૨૩૩	-	-	૧૮૧૫	૩૪૨૦	૩૧	૭૩૦	૪૯૮	૩૦
૩.	ઉચ્છલ	૨૫	૧૬	૧૦	-	૭	૪૦	૬	૬	૬૮	-	૨૫	-	-	-	-	-	૧	-	૫૧	૦૦
	કુલ	૧૦૦	૬૮	૪૬	૨૫	૧૧૨	૧૩૧	૪૭	૫૪	૫૫૩	૨૫૦	૧૦૪	૨૭૧	૨	૨	૧૮૬૧	૩૫૩૬	૩૮	૭૩૦	૬૧૪	૧૭

નોંધ (૧)

	જમીનવાળા	જમીનવગર
૧.	૨૨	૩
૨.	૩૪	૧૬
૩.	૧૬	૬
	૭૨	૨૮

કુલ ૭૨ કુટુંબો પાસે જમીન હતી. ૨૮ કુટુંબો પાસે જમીન ન હતી.

(૨) પશુધનની વિગતમાં અન્યના ખાનામાં પોલીટ્રીફોર્મ તરફથી મૂલચોંડ ગામમાં આપેલ મરઘાંની વિગત દર્શાવી છે.

કુલ	૧૦૦	૧૭૬.૦૦	૨૧૬૩.૦૦	૨૦૫૦.૦૦	૩૩૭૨.૫	૧૨.૮૩૮૫	૧૨.૮૩૬

ઉપરના કોઠામાં નામના કૂંચો/ગણોરાઓના ને ક્રિમત દર્શાવવામાં આવી છે. ગણોરાઓ પછી તેમને એરકરવામાં આવેલ દાણાની ક્રિમત દર્શાવવામાં આવી છે. નામના કૂંચાના કુલ એરકરવામાં આવેલ દાણાની ક્રિમત દર્શાવવામાં આવી છે.એરકરવામાં વધારે થયા પહાડો છે. નામના કૂંચાના કુલ એરકરવામાં આવેલ દાણાની ક્રિમત દર્શાવવામાં આવી છે.એરકરવામાં વધારે થયા પહાડો વાસણોમાં રૂપે આપેલ વાસણો કેટલે કે દરવખતના રાખેલા વસ્તુ છે. બીજો કેરફ જોવા મળતો નથી.

કોઠો નં. ૧૨

એરકરવામાંના ક્રિમત દર્શાવતો કોઠો :

ક્રમ	નોંધણી નામ	કુલ કૂંચા	જાતીના ક્રિમત	મકાનના ક્રિમત	ઝાડના ક્રિમત	પશુધનનો ક્રિમત	કુલ ક્રિમત	કુલ કૂંચાદીઠ એરકરવામાં ક્રિમત
૧.	દરમચુર	૨૫	૯૭૫.૦૦	૪૨૯.૦૦	૨૦૫૦.૦	૫૮૦૪૫	૨૨૪૫૪૫	૮૯૨
૨.	એલવલ	૫૦	૫૧૧૦૦.૦૦	૧૩૨૪૦.૦૦	-	૨૦૩૦૪૫	૮૬૬૪૪૫	૧૬૬૨૬
૩.	ઉચ્ચલ	૨૫	૧૦૧૦૦.૦૦	૩૫૭૦૦	-	૭૬૧૬૫	૨૧૨૮૬૫	૫૫૧૬

અગાઉ પસંદ થયેલ મંડળીઓની વિસ્તાર પ્રમાણે અને સભાસદોની કુટુંબ સંખ્યા પ્રમાણે તેમની સામાન્ય માહિતીનો ચિતાર મેળવ્યા પછી મંડળીના સભાસદ કયારથી અને તેમને પૂછવામાં આવેલા પૂરક પ્રશ્નો ની વિગતો અને તેના પ્રત્યુત્તરો જુદા જુદા પ્રશ્નો પ્રમાણે મંડળી અને સભાસદ ને અનુલક્ષીને પૂછવામાં આવ્યા હતા. તેની રજૂઆત અહીં વિસ્તારપૂર્વક કરવાને બદલે કોઠા નં. અનુક્રમે ૧૩, ૧૪, ૧૫ અને ૧૬મા દર્શાવ્યા છે. જેનો ખ્યાલ દરેક પ્ર કોઠાનો અભ્યાસ કરવાથી આવે છે.

આ કોઠામાં મંડળીના સભાસદ થવાના સમયથી આજ સુધીમાં મંડળી દ્વારા તેમને થયેલા લાભો, મંડળી દ્વારા સભાસદોના હિતની કલ્યાણકારી પ્રવૃત્તિઓ અને મંડળીના વહીવટી કામોની વિગતો નો સમાવેશ ઉડાણપૂર્વક કરી લીધો છે. અને સભાસદોને થયેલા લાભ-ગેરલાભો એમ બધાજ પૂરક પ્રશ્નોના પ્ર પ્રત્યુત્તરોની નોંધ હા-ના માં કરી છે.

કોઠા નં. ૧૩

મ મંડળીના સભાસદ કયારથી થયા – તેની માહિતી પૂરી પાડતો કોઠો :

ક્રમ	તાલુકાનું નામ	કુટુંબ સંખ્યા	વર્ષ											
			૧૯૫૫થી '૭૦	'૭૧	'૭૨	'૭૩	'૭૪	'૭૫	'૭૬	'૭૭	'૭૮	'૭૯	'૮૦	'૮૧
૧.	ધરમપુર	૨૫	૪	૪	૪	૩	૨	૧	૫	૩	૩			
૨.	આહવા	૫૦	૨૧	૪	૧	૧	૧	૧	–	–	૭	૫	૬	૭
૩.	ઉમરગામ	૨૫	૧૩	–	૨	–	૪	૪	૧	–	૧	–	–	–
	કુલ	૧૦૦	૩૮	–	૭	૪	૭	૬	૬	૩	૧૧	૫	૬	૭

કોષ્ટક નં. ૧૪

પૂરક પ્રશ્નોનાં પ્રત્યુત્તર

ક્રમ નં.	તાલુકાનું નામ	કુલ ગામોની સંખ્યા	શાળા ધરાવતાં ગામોની સંખ્યા	શાળા ધરાવતાં ગામોની ટકાવારી	કેટલાં ગામોને શાળા સુવિધા પૂરી પાડવાની બાકી છે.	ગામોને શાળા સુવિધા પૂરી પાડવા માટે કેટલી શાળાઓની જરૂરિયાત છે.	ગામોને શાળા સુવિધા પૂરી પાડવા માટે કેટલા શિક્ષકોની જરૂરિયાત છે.	ગામોને શાળા સુવિધા પૂરી પાડવા માટે કેટલા વર્ગખંડોની જરૂરિયાત છે.	ગામોને શાળા સુવિધા પૂરી પાડવા માટે કેટલા ઓરડાની જરૂરિયાત છે.	ગામોને શાળા સુવિધા પૂરી પાડવા માટે કેટલા શૌચાલયની જરૂરિયાત છે.	ગામોને શાળા સુવિધા પૂરી પાડવા માટે કેટલા પીવાના પાણીની જરૂરિયાત છે.	ગામોને શાળા સુવિધા પૂરી પાડવા માટે કેટલા રમતના મેદાનની જરૂરિયાત છે.	ગામોને શાળા સુવિધા પૂરી પાડવા માટે કેટલા કમ્પાઉન્ડ વોલની જરૂરિયાત છે.	ગામોને શાળા સુવિધા પૂરી પાડવા માટે કેટલા વિદ્યુતીકરણની જરૂરિયાત છે.	ગામોને શાળા સુવિધા પૂરી પાડવા માટે કેટલા રેમ્પની જરૂરિયાત છે.	ગામોને શાળા સુવિધા પૂરી પાડવા માટે કેટલા પાકા રસ્તાની જરૂરિયાત છે.	ગામોને શાળા સુવિધા પૂરી પાડવા માટે કેટલા પાકા રસ્તાની જરૂરિયાત છે.	ગામોને શાળા સુવિધા પૂરી પાડવા માટે કેટલા પાકા રસ્તાની જરૂરિયાત છે.	ગામોને શાળા સુવિધા પૂરી પાડવા માટે કેટલા પાકા રસ્તાની જરૂરિયાત છે.
૧.	દાહોદ	૨૫	૧૪	૫૬	૧૧	૨૫	-	૨૫	૨૫	૨૫	૨૫	૨૫	૨૫	૨૫	૨૫	૨૫	૨૫	૨૫
૨.	ગરબાડા	૫૦	૪૭	૯૪	૩	-	૫૦	૫૦	૧	૫	૧૩	૩૦	૧	૫૦	-	-	-	-

કોઠા નં. ૧૫
પૂરક પ્રશ્નો

ક્રમ.	તાલુકાનું નામ	કુલ કુટુંબ	જંગલ મજૂરી ન મળે તો			મજૂરી સિવાય મંડળીમાંથી અન્ય લાભ					જંગલ મંડળી દ્વારા ભેસ/બળદ ગાડા માટે સહાય મળે છે.		મકાન બાંધવા લાકડાં મળે છે.		દરવર્ષે બોનસ મળે છે.	મંડળીનો વહીવટ બરાબર ચાલે છે.	
			ખેતી કામ	છૂટક મજૂરી	અન્ય	હા	ના	અનાજ	લોન	પુસ્તકો	હા	ના	હા	ના	-	હા	ના
૧.	ધરમપુર	૨૫	-	-	-	૭	૧૮	-	-	-	-	૨૫	૨૫	-	૨૫	૨૫	-
૨.	આહવા	૫૦	-	-	-	૪૦	૧૦	-	-	-	૮	૪૨	૨૦	૩૦	૫૦	૫૦	-
૩.	ઉચ્છલ	૨૫	-	-	-	૨૫	-	-	-	-	-	૨૫	૨૦	૫	૨૫	૨૫	-
	કુલ	૧૦૦	-	-	-	૭૨	૨૮	-	-	-	૮	૯૨	૬૫	૩૫	૧૦૦	૧૦૦	-

કોઠા નં. ૧૬

પૂરક પ્રશ્નો

ક્રમ	તાલુકાનું	કુલ કુટુંબ	કાર્યકર્તા સામે ફરિયાદ		કાર્યવાહક સમિતિની ચૂંટણી	તેમાં ભાગ લેવો		મંડળીની સામાન્ય સભા	તેમાં ભાગ લેવો		મંડળીના કામો થી સંતોષ છે.		સભાસદ થવાથી લાભ થયો.		હા તો કયો
			હા	ના	ડીસે.	હા	ના	ડીસે.	હા	ના	હા	ના	હા	ના	
૧.	ધરમપુર	૨૫	-	૨૫	૨૫	૨૫	-	૨૫	૨૫	-	૨૫	-	૨૫	-	પ્રવાસ, મજૂરી પુસ્તકો અન્ય સહાય
૨.	આહવા	૫૦	૬	૪૪	૫૦	૪૦	૧૦	૫૦	૪૫	૫	૫૦	-	૫૦	-	મજૂરી, આર્થિક, મદદ, બોનસ
૩.	ઉચ્છલ	૨૫	૬	૧૯	૨૫	૧૯	૬	૨૫	૨૨	૩	૨૫	-	૨૫	-	આર્થિક સહાય દવાદારુ ખર્ચ
	કુલ	૧૦૦	૧૨	૮૮	૧૦૦	૮૪	૧૬	૧૦૦	૯૨	૮	૧૦૦	-	૧૦૦		

ઉપરના કોઠા નં. અનુક્રમે ૧૩ થી ૧૬ ની વિગતો જોયા પછી મંડળી ધ્વારા ત્રણે વિસ્તારોમાં કામ કરતા સભાસદોને કેવું અને કયા પ્રકારનું કામ ક્યારે મળે છે. તેની વિગતો મેળવી હતી. જેમાં મંડળી ધ્વારા સભાસદોને જુદા જુદા પ્રકારના જે કામો મળતા હતા તેના પ્રકાર જોઈએ.

<u>કામના પ્રકાર.</u>

(૧) નંબર પાડવા (૨) છાલ કાઢવી (૩) વાહતુકનું કામ (૪) ઘડતરકામ, (૫) રસ્તા બનાવવાનું કામ (૬) જ્વાઉ માલ અલગ કરવાનું કામ (૭) માલની સાઈઝ પ્રમાણે ઢગલા બનાવવા, (૮) વહેરવાનું કામ (૯) મુકરદમ તરીકેની સેવા.(૧૦) રખેવાળું (૧૧) ઓડકામ એમ ઉપર મુજબનું દરેક પ્રકારનું કામ સભાસદોને મળતું તેનો ટૂંકમાં ઉંડાણપૂર્વક વિચાર કરીએ.

૧.નંબર પાડવા : કૂપ કામ વખતે કટીંગ થયેલા લાકડાઓમાંના ઈમારતી લાકડા ઉપર અને ઢગલા ઉપર નંબર પાડવા.

૨. છાલ કાઢવી: કૂપકામમાં તોડી પાડેલા ઝાડોની છાલો કાઢી-ગાંઠો છોલીને સફાઈદાર કામ.

૩.વાહતુક કામ : કૂપકામ શરૂ થયા પછી ઈમારતી લાંકડાં, જલાઉ અને બીજા માલનું બળદગાડા ધ્વારા ડેપો પર લાવવા માટે.

૪.ઘડતર કામ : કૂપના ઈમારતી લાકડાના માપ પ્રમાણે કાપી તેની પોલીસનું કામ.

(૫) રસ્તા બનાવવાનું કામ : કૂપ કામ જંગલના ઉંડાણના ભાગમાં ચાલતું હોવાથી બળદગાડું કે ટ્રક ચલાવી શકાતી નથી. એટલે કૂપકામ જ્યાં ચાલતુ હોય ત્યાં પાકા રસ્તાથી માંડવા સુધીનો રસ્તો બનાવવામાં આવે છે.

૬.માલની સાઈઝ પ્રમાણે ઢગલા બનાવવા : સભાસદો ધ્વારા કટીંગ માલનું વહેરવાનું કામ પૂર્ણ થાય ત્યારપછી તેનું ઘડતરનું કામ કર્યા પછી તેની ગોઠવણીનું કામ પણ જુદા જુદા મજૂરો ધ્વારા કરાવવામાં આવે છે.

૭.ઓડકામ : ફૂપ કાં તો ખાડીમાં હોય, કાં તો જંગલની ઉંચાઈએ હોય તો ત્યાંથી માંડવા સુધી ઓડકામ ધ્વારા એટલે કે બળદો ધ્વારા લાકડું ખેંચીને લાવવામાં આવે છે તે.

૮.મુકરદમ : મજૂરોની દેખરેખ, લાકડાંના હિસાબ માટે અને મંડળીને તેની નોંધ પહોંચાડનાર.

૯. રખેવાળ : જંગલ કામ ચાલતું હોય તેટલા સમય માટે કાપેલા લાંકડાંની ઉઠાંતરી ન થાય તે હેતુથી રાત્રી-રક્ષણ માટે રાખવામાં આવે છે.

૧૦.જલાઉમાલ: જલાઉમાલ એટલે કે રાબકામ, લાકડાંના ઘડતર વખતે છૂટાં પાડવામાં આવેલ ડાળી-ડાંખળાંનો યોગ્ય ઉપયોગ કરી શકાય તે હેતુથી અલગ મજૂરો રોકી આ કામ સોંપાય છે.

નોંધ : ઉપર મુજબ કામના પ્રકાર મુજબ ચૂકવાતા દૈનિક વેતનની માહિતી આગળ કોઠામાં દર્શાવી છે.

આમ ઉપર મુજબના જુદા જુદા કામોમાં જુદા જુદા મજૂરો રોકીને મંડળી સભાસદોને જેમ બને તેમ વધુ કામ અને વધારે રોજગારીની તકો ઉભી x કરી આપે છે. ઉપરોકત દરેક પ્રકારનું કામ મજૂરની કાર્ય કુશળતા અને કાર્યદક્ષતા પ્રમાણે સોંપાય છે. જેથી માલની કિંમત પણ સારી ઉપજે.

ઉપરની હકીકતો ઉપરાંત મંડળી ધ્વારા સારુ કામ મળે અને મંડળી સારી રીતે ચાલે તે માટે શું કરવું તેની વિગતો મેળવી હતી. જે વિગતવાર અહીં દર્શાવી છે.

મંડળી દ્વારા થતી કલ્યાણકારી પ્રવૃત્તિઓની નોંધ પણ દર્શાવવામાં આવી છે.

મંડળી દ્વારા સસ્તા અનાજની દુકાન, મજૂરોને ખરી માટે રોકડ રકમ, સભાસદના ભણતા બાળકોને પુસ્તકો અને રુા. ૫૦ સુધીની સહાય, દવા માટેનો ખર્ચ, શિષ્યવૃત્તિ અને બાલમંદિર ચલાવે છે.

૦ મંડળી સારી રીતે ચાલે તે માટેના સભાસદોના અભિપ્રાયો :

ધરમપુર :

(૧) બારેમાસ કામની ગોઠવણ, ખેતીના સાધનો દવાખાનાનો ખર્ચ આપવો જોઈએ.

(૨) મંડળીને ૨૦ ટકાને બદલે વધારે મળવા જોઈએ. અને વેઈજ બોર્ડ મળીને જે દરો નક્કી કરે તે દરો વખતો વખત વધારવા જોઈએ.

(૩) મકાન, બળદગાડું, અને લોન મળવી જોઈએ.

(૪) મજૂરીના દર વધારવા જોઈએ.

(૫) ટ્રીકમ, પાવડા, તગારાં વગેરે સાધનો પૂરા પાડવા જોઈએ.

(૬) આકસ્મિક ખર્ચ અને ખેતી સાધનો માટે સહાય આપવી જોઈએ.

(૭) મુશ્કેલીમાં પણ મદદ કરવી જરૂરી છે.

(૮) મકાન માટે નળિયાં વગેરે મંડળી દ્વારા આપવા જોઈએ.

આહવા :ડાંગ

(૧) વધુ મજૂરી અને વધુ બોનસ મળે. સરકાર દ્વારા સંચાલનથી વધુ ફાયદો થાય.

(૨) જંગલ ઉછેરનું કામ જંગલ કામદાર સહકારી મંડળીને મળે તો બારે માસ મજૂરી/કામ મળી રહે.

(૩) કૂપની યોગ્ય ફાળવણી.

(૪) અમે સમયસર પૂર્ણ સહકાર૪ આપીએ જેથી બીજા વર્ષે સારું કામ મળે.

(૫) જેવી મંડળીની પ્રગતિ તેટલી વધુ સમૃધ્ધિ અમને મળે.

(૬) મંડળીને જે તે વિસ્તારમાંથી દર વર્ષે કામ મળવું જોઈએ.

(૭) મંડળીનું કાર્યક્ષેત્ર વધારવું જોઈએ.

(૮) મંડળીને બારે માસ તો નહિ પરંતુ ખેતીના કામમાંથી પરવાયા બાદ એટલે કે આશરે આઠેક માસ કામ મળવું જોઈએ. આ માટે વનીકરણની યોજના મંડળી હસ્તર મૂકવી જોઈએ.

<u>ઉચ્છલ :</u>

(૧) આ વિસ્તારમાં મોટા ભાગની જમીન ઉકાઈ ડેમમાં ડૂબમાં ગઈ હોવાથી વમીનના નાના નાના ટૂકડા ઓ જોવા મળે છે. આ ર્થિક સ્થિતિ ઘણી નબળી જોવા મળે છે. જેથી વધુ મજૂરી મળે તેવું ઈચ્છીએ છીએ.

(૨) મંડળી ધ્વારા બારેમાસ કામ મળે તેવી વ્યવસ્થા ગોઠવવી જોઈએ.

(૩) કુલ ૬ માસમાંથી બે થી ૨।। માસ જ સારી મજૂરી મળે છે. તો કામ વધું કાઢવું અને બધાનો સમાવેશ કરવો.

(૪) ફ્રૂપ સારા મળવા જોઈએ.

આમ ઉપર મુજબ દરેક મંડળીઓની નમૂનાના કુટુંબો - સભાસદો પાસેથી મેળવેલી માહિતીનું પૃથ્થકરણ વિગતે જોયા પછી મંડળી-વિષેના અભિપ્રાયો, મંડળી ધ્વારા શું થયું છે, મજૂરોને કયા લાભ આપ્યા છે. તેનો વૈજ્ઞાનિક ઢબે અભ્યાસ કરી જુદા જુદા રપ જેટલા વ્યકિતઓની વ્યકિતગત તપાસ ધ્વારા માહિતી મેળવી હતી. જેની નોંધ આ પ્રમાણે છે.

<u>જંગલ કામદાર સહકારી મંડળીના સભાસદોની પાસેથી મેળવેલી કેટલીક વિગતોની નોંધ. વ્યક્તિગત તપાસ:</u>

(૧) નામ : કોટા ભાદિયા વસાવા.

ઉંમર : ૬૮ વર્ષ

જમીન : ૪ એકર.

જેઓ જંગલ કામદાર સહકારી મંડળીના સભ્ય છે. જેમણે આ મંડળીમાં મજૂરીનું કામ કર્યું હતુ. તોડકામ, ફૂપકામમાં મજૂરી કરી છે. વર્ષમાં ૪ માસ સુધી મંડળી તરફથી કામ આપે છે. આશરે રૂા. ૬૦૦ સુધીની આવક ૧ વ્યક્તિને મળે છે.

તેમણે વાહતુકનું કામ પણ કર્યું હતું. જેમાંથી તેમને ૧૫૦ રૂા. નું કામ મળ્યું હતું. વાહતુકમાં નેસૂ વિભાગની સંઘની ટ્રક અને કો-ટ્રાકટરની ટ્રકથી માલ લાવે છે. તેથી ગાડાનું વાહતુકનું કામ ઓછું મળે છે. મંડળી તરફથી ૪ છેલ્લા બે એક વર્ષથી બોનસ આપવામાં આવ્યું નથી. છેલ્લા ત્રણ વર્ષથી પુસ્તકો અને સ્લેટ વગેરે અપાતાં નથી. દવાની સગવડ ચાલુ છે. મંડળીના કામથી સંતોષ નથી. વાલીફાળો આપવામાં આવતો નથી. છેલ્લા ત્રણ વર્ષથી પુસ્તકો, બદલી ફાળો બંધ કરી દીધો છે. વર્ષ દરમ્યાન ચાર માસ કામ મળે છે. બાકીનો સમય બેકાર રહેવું પડે છે. અને જંગલ મજૂરી માટે ૨૨ કિ.મી. દૂર જવું પડે છે.

(૨) <u>નરસિંહ મામરિયા વસાવા : મોહિની:</u>

ઉંમર : ૪૦ વર્ષ. જમીન : નથી.

જંગલ મંડળીના સભ્ય. છેલ્લા ૧૨ વર્ષથી છે. જંગલમાંથી મંડળી દ્વારા મજૂરી કામ અને તોડકામ મળે છે. મજૂરી રૂા. ૩-૭૫ સુધીની મળે છે. અને તે પણ ત્રણ માસ જ મળે છે. - મજૂરીના રૂપે બોનસમાં પિત્તળનો ઘડો, આવેલ છે.

બીજી પ્રવૃત્તિઓમાં સ્લેટ, ચોપડીઓ વગેરે પહેલાં આપતા હતા. હાલમાં આપતા નથી.

દવાદારુની સગવડ મળે છે. મંડળીના કામથી સંતોષ છે. રોકડમાં મંડળીએ બીજી કોઇ રકમ આપી નથી.

(૩) ઝોલાભાઈ દામિયાભાઈ વસાવા : મોહિતી :

ઉમર-૪૨ વર્ષ છે. નેચ્યુ જંગલ કામદાર સહકારી મંડળીના ૩ વર્ષથી વ્યવસ્થાપક કમિટિના સભ્ય છે. મંડળીની શરૂઆતથી જ તેઓ સભાસદ છે. કૂપમાં મજૂરી મળે છે. મજૂરી સારી રીતે બે-ત્રણ માસ પછી મળે છે. વ્યવસ્થાપક કમિટિની મીટીંગ માસમાં એકવાર મળે છે. સભાસદોને છેલ્લા ત્રણ વર્ષથી બોનસ આપવામાં આવતું નથી. ત્રણ વર્ષ પહેલાં બોનસમાં એક ઘડો અને એક લોટો આપેલ છે. દરેક સભાસદને બોનસ તરીકે ઉપરની વસ્તુઓ આવેલ છે. દવાખાનાનો ખર્ચ પણ આપે છે. પુસ્તકો નથી આપતાં. આશ્રમશાળામાં વાલી ફાળો નથી આપતાં. નફો થાય છે તેમ છતાં કાર્યકર્તાઓને હિસ્સો અપાતો નથી. ત્રણ માસ દરમ્યાન તોડકામ, ઘડતર અને વહેરવાનું કામ મંળે છે.

(૪) પિતાંબરભાઈ ગલાલાઈ હરિજન : માહિતી :

ઉમર વર્ષ-૪૫, ૩૦ થી ૩૫ વર્ષથી મોહિનીમાં રહે છે. ધો.૭ પાસ છે. તેઓ મહારાષ્ટ્રમાં નવાપુર તાલુકાના નવાગામના વતની છે. મંડળીના સભ્ય છેલ્લા ૧૦ વર્ષથી થયા છે. તેઓ પોતે મંડળીમાં કામ કરતા નથી. ~~મુક્તમ~~ મંડળી દ્વારા મજૂરી ઉપરાંત છોકરાઓને પુસ્તકો અપાતાં હતા. હાલમાં અપાતા નથી.

મંડળી તરફથી જંગલમાં કામ કરનારને બોનસ મળે છે. પરંતુ હું પોતે કામ નથી કરતો એટલે મને મળતું નથી. મંડળીના વહીવટથી સંતોષ નથી. કેમ કે સારી રીતે કામ મળવું જોઈએ તે આપતા નથી. મજૂરી સિવાય કંઈ નવો ધંધો-રોજગાર આપી શકતા નથી. ઈમારતી લાકડામાંથી ફર્નિચર બનાવવાનો ધંધો શરૂ કરવો જોઈએ. કાર્યકર્તાઓ

પોતાની વગના માણસોને જ મજૂરી આપે છે. જેથી કાર્યકર્તાઓને બદલવા જરૂરી છે. જનતાપક્ષ તરફી હોવાને કારણે ફેલોશીપ આપવાની ના પાડે છે. પહેલાં બે વર્ષ મોહિનીના ચેક છોકરાને ઉચ્ચ અભ્યાસ માટે રુા. ૫૦૦/-ની મદદ આપેલી. હવે આપવાની બંધ કરી છે.

સભાસદોને લોન આપતા નથી. વાહનનો ઉપયોગ મંડળી ખોટી રીતે કરે છે. નેસ્ટ મંડળીના હિસાબનીશે પોતાની વ્યકિતના જાત કામ માટે રુા.૨૫૦૦/- લોન લીધી છે. (જે બળદ લેવા માટે લોન આપીછે.) ગમે તે રીતે માણસોની ભરતી કરે છે તે કાર્યકર્તાઓને પૂછ્યા વગર ગાંધીનગરમાં જંગલની જમીન આદિવાસીઓને ખેડવા આપવા માટે ૮ દિવસ ઉપવાસ પર ઉતર્યા. હતા. તા.૨૩-૫-૭૭ થી ૩૦અપ-૭૭ સુધી. છેલ્લા ૧૫ વર્ષથી ચંદલુર ગામના વતનીઓ જંગલની જમીન ખેડતા નથી. જંગલ ખાતાઓએ આ જમીન ઝૂંટવી લીધી છે. અને બીજા લોકોને આપવાની તૈયારીઓ કરે છે. તેના વિરોધમાં ૯ ચંદલુરના માણસો અને ૧ મોહિનીનો માણસ ઉપવાસ પર ઉતર્યા હતા.

છેલ્લા દસ વર્ષથી સભાસદ છે. તેનું છાપરૂં તૂટી ગયું છે. ત્રણ ચાર અરજી કરીને રુા.૫૦૦/-ની લોન માંગી પણ મંજૂર કરતા નથી.

(૫) <u>દામજી ચાપડિયા વસાવા : મોહિની :</u>

જેમની ઉંમર ૨૩ વર્ષની છે. જંગલ મંડળીના સભ્ય છે. મંડળી દ્વારા કામ મળે છે. બોનસ કોઈ વર્ષે ન પણ આપે એવું બને છે. દવા-દારૂના પૈસા મંડળી તરફથી મળતા નથી. તેવી જ રીતે ચોપડીઓ માટે પણ કોઈ ખર્ચ આપતા નથી. મંડળી તરફથી બિયારણ વગેરે મળે તો ફાયદો થાય. લોન આપવી જોઈએ. અને આર્થિક સગવડો આપે તો સારું પડે. જો કે કૂપમાં કામ કરવા જતો નથી. કારણ કે તેની મજૂરીના પૈસા દોઢ મહિને આપે છે. કૂપમાં

કટિંગ, ઘડતર પૂરું થયું હોવા છતાં પૈસા મળતા નથી.

(૬) ફૂલજીભાઈ નુરાભાઈ વસાવા : મોહિની :

જંગલ મંડળીના સભ્ય છેલ્લા ૧૫ વર્ષથી છે. કામ તેમને બરાબર મળે છે. બોનસ એક વર્ષે આપ્યું હતું. દવાના પૈસા મળતા નથી. ખેતી માટે પણ કોઈ સહાય મળતી નથી. જંગલ ફૂપનું કામ, રાબકામ અને દવ હોલવવાનું કામ મળે છે.

(૭) વેસ્તા ચાપડિયા વસાવા : મોહિની :

જંગલ મંડળીના સભાસદ શરૂઆતથી એટલે કે છેલ્લા ૨૩ વર્ષથી છે. જંગલ મંડળીમાંથી ફૂપનું કામ, મળે છે.મીટર ઉપર પૈસા ચૂકવાય છે. રાબનું કામ પણ મળે છે.

જંગલ મંડળીમાં ચાર - પાંચ વર્ષ પહેલાં બોનસ આપેલું દર વર્ષે બોનસ આપતા નથી. ચાલુ વર્ષે બોનસ મળ્યું હતું. વાસણના રૂપમાં, તપેલા, ગુંડા, થાળી ગમે તો કંઈક આપે છે.

દવા વગેરેના પૈસા આપે છે. બીલ આપતા નથી. છોકરાઓને પુસ્તકો માટે પૈસા નથી મળતા. બિયારણ-ખાતર વગેરે માટે પણ સગવડ આપતા નથી. પ્રવાસમાં પણ ગયા નથી.

(૮) મગનભાઈ વસાવા(પટેલ): મોહિની :

જંગલ કામદાર સહકારી મંડળીના છેલ્લા ૧૨ વર્ષથી સભાસદ છે. તેમને દર વર્ષે બોનસ આપવામાં આવતું નથી. બોનસ માત્ર મજૂરોને આપવામાં આવે છે. બધા સભાસદોને નહી. જે જંગલફૂપમાં કામ કરે છે તેને જ મળે છે.

છોકરાઓને ભણવા પૈસા આપે છે. મારા છોકરાને અમદાવાદ કોલેજમાં ભણવા ૫૦૦/૫૦૦ રૂા. બે વર્ષ સુધી આપ્યા હતાં. પણ હવે આપતા નથી. એ ત્રીજા વર્ષમાં હતો ત્યારે આપ્યા ન હતા.

મંડળી ધ્વારા બાલવાડીઓ ચલાવે છે. બાલવાડીમાં બાળકો માટે નાસ્તાની સગવડ મંડળીએ આપી છે.

(૯) ફુલજી જતરિયા વસાવા : મોહિની :

તેમની વ્યકિતગત તપાસમાં તેમણે જણાવ્યું છે કે અમો કૂપમાં કામે તો જઈએ છીએ પણ પૈસા માટે ઉચ્છલ ધકકા ખાવા પડે છે. છોકરાઓને પુસ્તકો કે કંઈ સ્લેટપેન આપતા નથી.વાલી ફાળો પણ આપવામાં આવતો નથી. બોનસ ઘેર વર્ષે આપતા નથી. જે દર વર્ષે આપવું જોઈએ. દવા ખર્ચ પણ નવાપુરથી બીલ લાવીએ તો જ મળે છે. મંડળીનો વહીવટ બરાબર ચાલે તો સારું છે. મંડળીએ બધા જ સભાસદોને સરખી સગવડો આપવી જોઈએ. અમને દવા વગેરે આપવામાં આવતી નથી. છેલ્લા ત્રણ વર્ષથી બાળકોને પુસ્તકો વગેરે આપવામાં આવતાં નથી. મંડળીના કામથી અમને સંતોષ છે. પણ પૂરો નહિ. મજૂરોને પણ એની મજૂરીના પૈસા ક્રામ પૂરું થાય ત્યારબાદ તરત કે દર ૧૫ દિવસે કે મહિને કૂપ પર જ આપવા જોઈએ જે અમને નિયમિત મળતા નથી.

(૧૦) બિજપાભાઈ નંદાભાઈ વસાવા : મોહિની :

આ ભાઈ પાસે ૧૧ એકર જેટલી જમીન છે. જંગલ મંડળીના ૨૩ વર્ષથી સભાસદ છે. જ્યારથી મંડળીનીકળી ત્યારથી જ સભાસદ છે. શરૂ શરૂમાં મંડળીનો વહીવટ બરાબર ચાલતો હતો. (ચાર-પાંચ વર્ષ પહેલાં) દરેકને બોનસ આપવામાં આવતું, દવાના, પુસ્તકોના અને વાલીફાળાના પૈસા આપતા-પણ હવે કંઈ આપતા નથી. કૂપકામમાં અમે જતા નથી. આ જંગલમંડળીના વહીવટથી પણ સંતોષ નથી. પહેલાં તો પ્રવાસમાં લઈ જતા. હું મંડળી તરફથી પ્રવાસમાં પણ ગયેલો છું. દિલ્હી, આગ્રા, જયપુર વગેરે સ્થળોએ અને બીજી વારના પ્રવાસ વખતે ઈ-દોર, બનજુ પ્રવાસમાં જઈ આવેલો છું. પ્રવાસમાં વારાફરતી ૧૦-૧૦ને દરેક મંડળીમાંથી લઈ જવામાં આવે છે. આની ગોઠવણી સુરત જિલ્લા સહકારી સંઘ ધ્વારા થાય છે.

મંડળીના વહીવટથી સંપૂર્ણ સંતોષ મને નથી. દરેક

પોતા પોતાનું કરે છે. પૈસા પણ ગોલમાલ કરે છે. પોતપોતાના માટે, પોતાના સગાં માટે અપવામાં આવે છે.

(૧૧) રૂપજી ટેટિયા વસાવા : મોહિની :

હું છેલ્લા ૧૭ થી ૧૮ વર્ષથી સભાસદ છું. કૂપમાં કામ કરવા માટે પણ ક્ષ જઈએ છીએ. ત્રણથી ચારમાસ કામ મળે છે.

મંડળી દ્વારા કરેલા કામનું મહેનતાણું તરત મળવું જોઈએ. કારણ કે અમે મજૂરી પર જ રહેવાવાળા ખાઈએ શું. મહિને પૈસા આપે, તો અમારે શું ખાવું. પૈસા લેવા માટે કેટલીયવાર અમારે ઉચ્છલના ધક્કા ખાવા પડે. અને પગાર ન થયો હોય તો પાછા આવવું પડે. જેથી કૂપમાંજ પગાર મળે તો સારું. દવા વગેરેના પૈસા પણ બીલ લઈને જઈએ તો મળે. કૂપમાં કોઈને વાગ્યું હોય તો દવા કરવામાં આવે છે. નાસ્તો આપવામાં આવતો નથી. એક બે દિવસ નાસ્તો આપ્યા પછી કહેવામાં આવે છે કે, નાસ્તો ખલાસ થઈ ગયો. બોનસ દર વર્ષે મળતું નથી. ચાલુ વર્ષે અમને વાસણ આપવામાં આવ્યા હતાં.

(૧૨) ચહેરા નરસિંહ વસાવા : કુંતીરાણ :

છેલ્લા ૨૦ વર્ષથી સભાસદ છે. જંગલ મંડળી દ્વારા અમને બોનસ આપવામાં આવે છે. પણ દર વર્ષે નહિ. જંગલના કૂપોમાં કાયમ કામ મળી રહેતું નથી. પણ ત્રણ-ચાર મહિના કામ મળે છે. આ કામના પૈસા દર ૧૫ દિવસે કૂપ પરજ ચૂકવી આપવામાં આવે તો મજૂરોને મુશ્કેલી ઓછી પડે.

બોનસના રૂપે પિત્તળના વાસણો બે-ત્રણ વર્ષે આપવામાં આવે છે. તે પણ કૂપમાં જે કામ કરે તેને જ મળે છે. વાલીફાળો આપવામાં આવતો નથી.

(૧૩) હાવલા સદીયા / જોવલા સદીયા : કુંતીરાણ :

અમે ઘણા વર્ષોથી સભાસદ છીએ. મંડળીમાંથી મજૂરી સિવાય ખાસ કંઈ ફાયદો થયો નથી. બોનસ કોઈક વખત મળે-તેમાંય નાનું અમથું વાસણ-શાળાએ જતા બાળકોને મુક્તિ પુસ્તકો મળતા નથી.

ચાર પાંચ વર્ષ પહેલાં મંડળીનો વહીવટ વધુ સારો ચાલતો હતો. અત્યારે દરેક પોતપોતાનું કરે છે. દવાના પૈસા પણ બીલ લાવીએ તો જ મળે છે. બીજું તો મજૂરોને મંડળી દ્વારા વધુ સગવડો આપી શકાય તો સારું. આ ઉપરાંત નિયમિત ચૂકવણી, ધિરાણ કરે તો સારું. કોઈકવાર કૂપમાં નાસ્તો આપવામાં આવે છે. કાયમ નહીં.

(૧૩) દરશીયા વાલજી વસાવા : કુંભરાણ :

છેલ્લા ૧૦ વર્ષથી સભાસદ છે. કૂપમાં કટીંગ કામ કરે છે. કટીંગના ઘનમસટર ઉપર પૈસા મળે છે. સભાસદને બોનસ બે-ત્રણ વર્ષે મળે છે. બીજી કોઇ ખાસ સગવડો મળતી નથી. મંડળી દ્વારા વધુ સારી સગવડો આપવી જોઈએ. મંડળી બાળકોને ભણાવવા બાલવાડી અને આશ્રમશાળા ચલાવે છે.

(૧૪) ઢેડિયા વેસ્તા - વાસવા : કુંભરાણ :

જંગલ મંડળીના સભાસદ ઘણા વર્ષોથી છે. જંગલ મંડળીના કૂપના કામે જાય છે. તે સિવાયના જે કામો મળે તે પણ કરીએ છીએ.

મંડળી દ્વારા વાલીફાળો કે નાસ્તો આપવામાં આવતો નથી. કૂપ પર બે-ત્રણ દિવસ નાસ્તો આપે પછી નથી આપતા. જે કામ ચાલે ત્યાં સુધી મળવો જોઈએ. બાળકોને ભણાવવાની પૂરેપુરી સગવડો મળતી નથી. તો તે માટે વાલીફાળો,આશ્રમ-શાળાનાં પુસ્તકો વગેરે આપવું જોઈએ. પહેલાં આ સગવડો મળતી અત્યારે મંડળીમાંથી દરવર્ષે બોનસ પણ મળતું નથી.

(૧૫) સોમાભાઇ ભીખા વસાવા : કુંભરાણ :

છેલ્લા ૧૫ વર્ષથી સભાસદ છે. જંગલ મંડળીમાંથી મજૂરી સિવાય અન્ય કોઈલાભ મળતા નથી. પહેલાંની માફક જંગલમંડળી સભાસદોને પ્રવાસે પણ લઇ જતી નથી. હમણાંથી જંગલમંડળી-દરેક પોતપોંતાનું કરી લે છે. સગાં સંબંધીઓને લાભ મળે છે.

જરૂરિયાત વાળાને પૂરેપૂરા લાભ આપવા જોઈએ. બોનસ પણ દર વર્ષે મળતું નથી. કાર્યકર્તાઓ પોતાની મરજી મુજબ કામ કરે છે.

(૧૬) મનજી વેસ્તા વસાવા (કુંભારીયા)

તેઓ જંગલ મંડળીમાં કામે જાય છે. કૂપ કટીંગ તેમજ રાબ વગેરેનાં કામો કરે છે. પરંતુ તેની મજૂરી જરૂર પડે મળતી નથી. પગાર ગમે ત્યારે કરવામાં આવે છે. પગાર કૂપ પર આપવો જોઈએ. પગાર લેવા માટે ધક્કા ખાવા પડે છે.

બોનસ પણ દર વર્ષે મળતું નથી. દર વર્ષે જો આપવામાં આવે તો સભાસદોને વધારે ફાયદો થાય. આ બોનસ માત્ર મજૂરી કરવા જાય તેને જ મળે છે. દરેક સભાસદને અપાતું નથી. બોનસના રૂપે વાસણો આપવામાં આવે છે. શિક્ષણની સગવડોમાં પણ જોઈએ તો મદદ મળતી નથી. અમારા બાળકો માટે એ વ્યવસ્થા મળવી જોઈએ.

(૧૭) રામા અફીણીયા વસાવા :કુંભરાણ:

તેઓ જંગલ મંડળીના ઘણા વર્ષોથી સભાસદ છે. જંગલમંડળીમાં ત્રણ-ચાર મહિના કામ મળે છે. કાયમ મળતું નથી. વધું સમય કામ મળવું જોઈએ. અહીંથી મોટાભાગનાએ ખેતમજૂરી કરવા ગુજરાતમાં જવું પડે છે. તે ન જવું પડે. અથવા એવી કંઈક મજૂરી અહીંજ જંગલમાં વધારે સમય આપવામાં આવે તો સારું. અમારે બીજે જવું ન પડે.

બોનસના રૂપમાં વાસણ આપવામાં આવે છે. કાયમી નહીં. કોઈક વખત મળે છે. પુસ્તકો વગેરે બાળકોને હમણાંથી મળતાં નથી. વાલીફાળો પણ આપવામાં આવ્યો નથી. કૂપમાં નાસ્તો પણ કોઈક વખત આપવામાં આવે છે.

(૧૮) છેલિયા વેલજી વસાવા : કુંભરાણ:

છેલ્લા ૧૫-૨૦ વર્ષથી સભાસદ છે. જંગલમાં કૂપ વગેરેનું

કામ કરે છે. ત્રણથી ચાર માસ કામ મળે છે. ૩-૭૫ પ્રમાણે કૂપમાંથી મજૂરી મળતી હતી. રાબ ભરવા જઈએ તો રુ।.૩-૦૦ સુધીની મજૂરી મળતી. વર્ષ દરમ્યાન રુ।.૭૦૦/- જેટલી મજૂરી મળે છે. પણ વધુ સમય મળતી નથી.

જંગલમંડળી સગવડોમાં તો ખાસ કંઈ અત્યારે આપતી નથી. પહેલાં જેવી સવલતો મળતી નથી. બાળકોને ભણાવવા સ્લેટ-પુસ્તકો કંઈ મળતું નથી. બોનસ પણ દર વર્ષે મળતું નથી. છેલ્લા ત્રણ વર્ષથી કંઈ મળ્યું નથી. પગાર પણ નિયમિત મળતો નથી.

૧૯. <u>નૂરિયા કોઠારિયા વસાવા :ચંદાપુર:</u>

હાલ મંડળીના ઉપપ્રમુખ છે. જ્યારથી મંડળીની શરૂઆત થઈ ત્યારથી સભાસદ છે. મંડળીમાં અમે કૂપ, રાબ, વાહતુક દવરેખા વગેરે કામો આપીએ છીએ. દરેક સભ્યને મજૂરી મળી રહે તે માટેના પ્રયત્ન કરવામાં આવે છે. બોનસ પણ મળે છે. જો કે દર વર્ષે મળી શકતું નથી. મંડળી ખોટ કરે તો કયાંથી બોનસ અપાય. આ સિવાય સામાજિક કલ્યાણના કામો પણ કરવામાં આવે છે. સામાજિક કલ્યાણ અને સામાજિક સેવાઓમાં પૈસાની મદદ કરવામાં આવે છે.

આ ઉપરાંત અહીંના બાળકોને વાલીફાળો, ઉપયોગી પુસ્તકો વગેરે આપવામાં આવે છે. નેસુ સેવાશ્રમ, ધ્વારા આશ્રમશાળા ચલાવીએ છીએ. તે ઉપરાંત ચાર બાલવાડીઓ ચાલે છે. તેમાં નાસ્તો વગેરે પણ આપવામાં આવે છે.

આ સિવાય કૂપ પર દવાઓ આપવી. તે ઉપરાંત સભાસદો બીલ લાવી આપે તો દવાના પૈસા પણ આપવામાં આવે છે. આ સિવાય કૂપમાં રહેઠાણો બાંધીને પાણીની સગવડ, નાસ્તો વગેરે પણ આપવામાં આવે છે.

૨૦. <u>બાપુ કુલજી વસાવા : વૃદ્ધંદાપુર :</u>

ઘણા વર્ષથી મંડળીના સભાસદ છે. લગભગ ૧૫ એક વર્ષથી કૂપમાં વાહતુકનું કામ કરે છે. બ્ર કૂપ કટીંગનું કામ પણ મળે છે.

જંગલમજૂરીનું કામ ચારેક માસ સુધી ચાલે છે. રુ।.૩-૭૫ જેટલી કટીંગની મજૂરી આપે છે. રાબ વગેરેની મજૂરી રુ।.૩ સુધીની મળે છે.

બોનસ ત્રણ-ચાર વર્ષે એક વખત મળે છે. દર વર્ષે મળતું નથી. જે મળવું જોઈએ. કૂપમાંજ મજૂરી ચુકવવી જોઈએ. કામ કર્યા બાદ ૧૫ દિવસે મજૂરી મળવી જોઈએ. એક બે મહિને મજૂરી મળે તો મજુરોને મુશ્કેલી વેઠવી પડે છે. માટે કૂપકામ-પરજ ચૂકવણી થાય તો સારું. આ સિવાય દવા વગેરેના પૈસા આપવા જોઈએ.

૨૧. રેવજી કુકળિયા : ચંદાપુર :

મંડળીના સભાસદ શરૂઆતથી જ છે. મંડળીમાંથી મજૂરીનું કામ મળે છે. જે ત્રણ-ચાર માસ જ મળે છે. તેથી વધુ કામ મળતું નથી. મંડળીથી બીજો કોઇ ફાયદો અમને થયો નથી. બાળકોને પુસ્તકો કે વાલીફાળો મળ્યો નથી. પહેલાંની માફક હમણાં કોઇ પ્રવાસે લઇ જવામાં આવ્યા નથી.

બોનસ દર વર્ષે ચૂકવવામાં આવે તો મજૂરોને કંઇક ફાયદો થાય. દવાનો લાભ, નાસ્તાનો લાભ કે કોઇ શૈક્ષણિક કાર્ય અમારા ગામમાં થયું નથી.

૨૨. હુરા સાવલીયા વસાવા :ચંદાપુર:

છેલ્લા ૧૦-૧૨ વર્ષથી જંગલ મંડળીનો સભાસદ છે. જંગલ મંડળીનો વહીવટ સારા માણસો ચલાવે તો સારી રીતે સારાં કામો કરી શકાય. અત્યારે તો બીજાં ખાસ-મજૂરોના ફાયદાનાં કામો થતાં નથી. માર્ક મજૂરી આપવામાં આવે છે. તે ઉપરાંત બીજા કેટલાક લાગવગવાળા માણસોને લાભો વધુ મળે છે. તે દરેકને સરખા લાભ મળે તો વધુ સારું.

૨૩. દેવજી જાનિયા વસાવા : ચંદાપુર :

છેલ્લા ૧૫ વર્ષથી જંગલ મંડળીના સભાસદ છે.

વર્ષ દરમ્યાન ૪ કૂપકામ વગેરે મળે છે. લગભગ ૭૦૦ થી ૮૦૦રુ।.નું

કામ મળે છે. મજૂરી કૂપમાં જ ચૂકવવામાં આવે તો સારું. ઘણી વખત પગાર નિયમિત થતો નથી. ૧ માસ, બે માસ પણ થઈ જાય છે.

બોનસ નિયમિત રીતે દર વર્ષે મળતું નથી. બોનસમાં પિત્તળનાં વાસણો આપવામાં આવ્યા હતાં. દવા-પુસ્તકો વગેરેના પૈસા મળતા નથી. પહેલાંની જેમ વાલીફાળાના પૈસા પણ આપવામાં આવતા નથી. જોઈએ તેટલો અમને મંડળીના વહીવટથી સંતોષ નથી.

૨૪. શુકરીયા કાલિયા વસાવા : ચંદાપુર :

આ ભાઈ ઘણા વર્ષથી મંડળીના સભાસદ છે. દર વર્ષે બોનસ જ મળતું નથી. દવા પણ ખાસ આપતા નથી. એના પૈસા માટે ઓફિસમાં xxxxxxxx. આવવું પડે અને ગમે તે બીલ ચાલે નહીં. એમના નકકી કરેલા ડૉકટર પાસે કયાંથી જવાય. ગમે ત્યાંથી દવા લાવીએ તેના પૈસા આપવા જોઈએ.

બાલવાડી નહીં ચલાવે છે. નાસ્તો આપે છે. વાલીફાળો કે બીજા લાભો મળતા નથી. પુસ્તકો કે ઈલેટ-પેન પણ બાળકોને નથી મળતા. બોનસ દર વર્ષે આપવું જોઈએ.

૨૫. ઝીમલ્યા પાંસીયા વસાવા : ચંદાપુર :

તેઓ જંગલ મંડળીના સભાસદ છે. મજૂરી સિવાય બીજો તો શું લાભ મળે ? બોનસ વગેરે કોઈક વખતે મળે. દવા વગેરેના પૈસા મળતા નથી. કૂપ પર પણ કોઈક વખત નાસ્તો આપે ન આપે. પછી ખલાસ થઈ ગયો એમ કહેવામાં આવે છે. મજૂરી નિયમિત નથી મળતી.

૨૬. હુરજી વેલજી / જાલીયા માંગીયા વસાવા:ચંદાપુર:

આ બંને મંડળી થઈ ત્યારથી સભાસદ છે. મંડળીમાં મજૂરી x ત્રણ-ચાર માસે મળે છે. પાછી કોઈ મજૂરી મળતી નથી. બોનસ દર વર્ષે નહિ કોઈક જ વર્ષે મળે છે. પહેલાં નિયમિત મળતું હતું. વાલીફાળો પણ મળતો નથી. મંડળી બાલવાડી ચલાવે છે.

તેમાં છોકરાઓને નાસ્તો આપવામાં આવે છે. આ સિવાય દવાના પૈસા પણ મળતા નથી.

બીજી કોઇ સગવડો મંડળી અમને આપતી નથી. પોત-પોતાના માણસોને વધુ લાભ આપે છે.

આમ ઉપર મુજબના ૨૬ વ્યકિતઓના વ્યકિતગત અભ્યાસ પરથી મંડળીઓએ શું કર્યું છે. અને હજું શું કરવું જોઇએ તેનો બોધપાઠ લેઇ શકે છે. હવે અહી સભાસદો દ્વારા, ક્ષેત્રકાર્ય દ્વારા અને વ્યકિતગત અભ્યાસોમાંથી થયેલા સૂચનો વિષે આગળ જોઇશું.

આ પ્રકરણમાં જંગલકામદાર સહકારી મંડળીઓના વહીવટથી માંડીને મંડળીઓમાં કામ કરતા સભાસદોનો વ્યકિતગત તપાસ સુધીની ક્ષેત્રકાર્ય દરમ્યાન જે કંઇ માહિતી સાંપડી તેનો ચિતાર અહીં આલેખ્યો છે. તે પરથી એટલું તો ચોકકસ કહી શકાય કે મંડળી દ્વારા સભાસદોને શું પ્રાપ્ત થયું અને સભાસદોએ મંડળી માટે અને મંડળીના ઉત્તરોત્તર વિકાસની સાથે સ્વનિર્ભરતા માટે શું કરવું જોઇએ તેની વિગતે નોંધ હવે પછીના પ્રકરણમાં જોઇએ.

પ્ર ક ર ણ : ૪

મંડળીની કેટલીક ત્રુટિઓ અને સૂચનો

આ પ્રકરણમાં અમારા ક્ષેત્રકાર્યના સમયે મંડળી દ્વારા, સભાસદોના અભ્યાસ પરથી અને કેટલાક વ્યૈક્તિક સભાઓ પરથી, તદ્ઉપરાંત મંડળીના ઓડિટ ઉપરથી મંડળીએ હજું શું કરવું જોઈએ. પોતાનો વહીવટ કાર્યક્ષમ બનાવવા, સભાસદોને વધુ ને વધુ લાભ પહોંચાડવા માટે મંડળીઓનો શું ફાળો હોઇ શકે તે અંગેની જુદી જુદી વિગતો અહીં દશાર્વી છે. કેટલીક વિગતો અહીં બેવડાતી લાગશે પરંતુ તે બેવડાતી નથી પરંતુ મંડળી દ્વારા સભ્યસદોને અને સભાસદોએ મંડળી માટે શું યોગદાન કરવું તેના બધા પ્રયાસોને અહીં વણી લીધા છે. અને અભ્યાસની દૃષ્ટિએ મંડળીઓ અને સભાસદો માટે આ અંગેનું ચિંતન ખૂબજ ઉપયોગી નિવડી શકશે. હવે તેની વિગતો નીચે પ્રમાણે જોઇશું.

મંડળીની ત્રુટિઓ અને સૂચનો :

૧. કેટલીક મંડળીઓમાં સભાસદોનાં વારસદારોની નિમણૂંક કરવામાં આવી હોતી નથી.

૨. નવા નોંધાયેલા સભ્યોને નવા અપાયેલ શેરોના શેર સર્ટિફિકેટની વહેંચણી વિલંબમાં હોય છે.

૩. મંડળીઓ દ્વારા સીધે સીધી ચંદરો ચંદરની લેવડદેવડ થાય છે તે ન થવું જોઇએ. જેથી કરી ઓડિટ વખતે વાંધો ન આવે.

૪. મંડળીની વ્યવસ્થાપક કમિટિને દર માસે નિયમિત રીતે બોલાવવામાં આવતી નથી.

૫. સભાસદ કે કોઇ સંસ્થાને અપાયેલી રકમ પરત આવી શકે તેમ ન હોય તો તેની વ્યવસ્થાપક કમિટિ દ્વારા નક્કી કરી વસુલાત લેવી યા ન લેવી તે અંગે વહેલી તકે વિચારવું રહ્યું.

૬. સભાસદોને/નોકરીએ રહેનારને અથવા તો મજૂર વર્ગને ચેડવાદ્સ્ત્ર સૂકવવામાં આવતી રકમ પર અંગૂઠાનું જે નિશાન લેવામાં આવે છે. તેની સાથે વ્યકિતના નામ

સાથે ડાબા હાથનું નિશાન - લખી સહી કરવી.

૭. જંગલ પેદાશની અન્ય ગૌણ પેદાશો જે મંડળી દ્વારા હરાજીથી જે વેચવામાં આવે છે. તેની તમામ શરતોનું ચુસ્તપણે પાલન થાય તે અંગે કાળજી લેવી જોઈએ.

૮. જે તે મંડળીના કાર્યક્ષેત્રમાં ચાલતા છાત્રાલયો સાથેની આંતરિક લેવડ-દેવડ અંગે વ્યવસ્થાપક કમિટિએ તે માટેના ચોકકસ ધારાધોરણો નકકી કરી વ્યવહાર કરવો.

૯. દરેક વિસ્તારની જે તે મંડળીઓએ મંડળીમાં કામ કરતા કર્મચારીઓની ફરજો અને જવાબદારી વ્યવસ્થાપક કમિટિએ નકકી કરી ઠરાવ કરી દેવો.

૧૦. કેટલીકવાર હરાજીની શરતોનું સંપુર્ણપણે પાલન થતું નથી. જેના ભંગ માટે મંત્રી તથા ડેપો કલાર્કની અંગત જવાબદારી રહેશે. તો આ શરતોનું પાલન થાય તેની કાળજી લેવી.

૧૧. કૂપના કામકાજ દરમ્યાન - કૂપકામના કામે દેખરેખ માટે રોકવામાં આવતા મજૂરોને વેઇઝ બોર્ડના ઠરાવેલ દરોમાં ચૂકવણી કરી તેની કામગીરી અંગે અને નિમણૂંક અંગેની વ્યવસ્થાપક કમિટિએ લેખિત નોંધ રાખવી જરૂરી છે.

૧૨. સભાસદો તથા કર્મચારીઓને પાછલી લેણી રકમ બોનસ, ડીવીડ-ડ, વખતો વખત વહેંચી દેવું.

૧૩. કૂપના કામકાજમાં કેટલીક મંડળીઓમાં બિન સભાસદોને રોકવામાં આવે છે. તો જેમ બને તેમ સભ્યોને જ રોકી વધુ રોજી મળે તે પ્રયત્નો જરૂરી છે.

૧૪. મંડળી દ્વારા કરાતા પરચુરણ ખર્ચ અંગે બજેટ બનાવવાની પ્રથા મોટાભાગની મંડળીઓમાં નથી હોતી તો તેવા બંજેટ તૈયાર કરી અંદાજિત રકમ વ્યવસ્થાપક કમિટિમાં મંજૂર કરવી તે મુજબના જ ખર્ચ પાડવા.

૧૫. મંડળીઓના વહીવટી ખર્ચાઓમાં કરકસર અનિવાર્ય છે.

૧૬. જે તે મંડળી માત્ર કૂપનું જ મુખ્ય કામ કરતી હોય તો સભાસદોનું હિત ઇચ્છીને પ્રવૃત્તિઓ વિકસાવવી સાથે સાથે સભ્ય સંખ્યા પણ એટલી જ વધારવી જરૂરી છે. જેથી કાયમી રોજી ઉભી કરી શકાય.

૧૭. સભાસદોનું રજીસ્ટર વિસ્તાર પ્રમાણે લખીને સંપૂર્ણ તૈયાર કરવું.

૧૮. મંડળીની યથાવત સ્થિતિને વિકસાવવા સધ્ધરતા પ્રાપ્ત કરવા. આર્થિક ઉન્નતિની કામગીરીમાં જેમ બને તેમ ચોકસાઇપૂર્ણ હોવી જરૂરી છે.

ઉપરની બધી બાબતોને ધ્યાનમાં રાખવાથી મંડળીને તેના સભાસદોને અને કાર્યક્ષમતામાં વધારો થાય છે. તદ્ઉપરાંત મંડળીના કામની સંતોષકારક પરિસ્થિતિને ધ્યાનમાં લઇ તેનો વર્ગ નકકી થાય છે. જેથી જે તે વિસ્તારની દરેક મંડળીઓએ ઉપરોકત ખામીઓ દૂર કરી તે દરેક સૂચનોને ધ્યાનમાં રાખવા જરૂરી છે.

મંડળીનું વહીવટી મુાળખું, હિસાબીકામ, આર્થિક સ્થિતિ સારી હોય, સંચાલકો અને કર્મચારીઓ મંડળીના વિકાસમાં અને સભાસદોના કલ્યાણમાં ચેવાર્ગી પ્રયાસ કરે, આ દ્વારા જ સભાસદોની ઉન્નતિ થશે અને રોજગારીની તકોનો વ્યાપ વધશે.

<u>સભાસદોને અપાતી સગવડો :</u>

(૧) બળદ-ગાડા માટે ૧૦૦૦ રૂા. સુધીની લોન આપવામાં આવે છે.

(૨) સસ્તા અનાજની દુકાન રાજપુરી અને ગડી મુકામે ચલાવે છે. જેમાં ખાદ્યચીજોનું રોકડેથી વ્યાજબીભાવે વેચાણ કરે છે.

(૩) સભાસદોને સ્થળપર આવવા/જવાનું ભાડું અને ભથ્થું

ચૂકવવામાં આવે છે.

(૪) સભાસદોએ લોનની માગણી કરી નથી પરંતુ શિરાણ મંડળી મારફતે મંડળીના (જંગલ કામદાર) સભાસદને શિરાણ મેળવવાની સગવડ ઉભી કરી આપે છે.

(૫) મજૂરોને એડવા-સ રકમ આપવામાં આવે છે જે સભાસદોની માગણી ઉપર ૧૫ થી ૨૦ રુપિયા, ૫૦ થી ૧૦૦ રુપિયા સુધીની રકમ આપવામાં આવે છે. અને આ એડવા-સ રકમ માત્ર કામના વખતે જ એટલે કે નવેમ્બરથી એપ્રિલ-મે ના સમય ગાળા વચ્ચે જ આપવામાં આવે છે.

(૬) બળદ આપવાની યોજના ૧૯૮૧-૮૨થી અમલમાં મૂકાઇ છે.

(૭) સભ્યસદોના શિક્ષણ લેતાં બાળકોને પુસ્તકોની સગવડતા પૂરી પાડવામાં આવે છે.

(૮) સભાસદોને બળદગાડા - મકાનના નળિયાં માટે લોન પણ અપાય છે. આ પ્રકારની લોન ગાઢવી જંગલ સહકારી મંડળી દ્વારા અપાઇ હતી.

(૯) સભાસદોને મંડળી દ્વારા આકસ્મિક ખર્ચ પેટે રુ।.૭૫ સુધીની સહાય આપવામાં આવે છે. તેની વસુલાત બે થી ત્રણ હપ્તામાં કરે છે.

(૧૦) પ્રાથમિક વિભાગમાં ભણતા બાળકોને રુ।.૩૦ માધ્યમિક શાળામાં ભણતા બાળકોને રુ।.૫૦ અને કોલેજનું શિક્ષણ લેનારને રુ। ૧૦૦૦ સુધીની મદદ પણ કરે છે.

(૧૧) સભાસદોને વાસણ આપે છે. કામના સમયે ભોજનને બદલે નાસ્તો અપાય છે.

(૧૨) મંડળી દ્વારા બોનસ ત્યારે જ આપે છે કે જો મંડળીએ નફો કર્યો હોય તો.

(૧૩) મંડળી મારફતે સભાસદોને, રાબકામ, રોપકામ, ખૂંટી મારવાનું કામ, વાહતુક, તોડ જેમ દરેક પ્રકારનું કામ મળે છે. જેના દ્વારા કાયમી રોજી મળી શકે છે.

(૧૪) વધારાની મજૂરી ચૂકવવામાં આવે છે. ૨૦ ટકા બોનસ (કામની ચૂકવણી ઉપર આપે છે.)

(૧૫) બાંધકામ પ્રવૃત્તિમાં શાળાના ઓરડા બાંધવાનું કાર્ય કરે છે. બાંધકામ માટેનો કો-ટ્રાકટ પ્રથમ સંઘ દ્વારા લઇ જે તે વિસ્તારની જે તે મંડળીને કામ અપાય છે.

(૧૬) મંડળી દ્વારા સભાસદોને જંગલખાતા તરફથી મળતા કૂપનું કટીંગ તેમજ સાફ-સફાઈનું કામ મળે છે.

(૧૭) મંડળી દ્વારા કેટલાક વિસ્તારોમાં જેવા કે જામલી/ કાટસફવા/ અને ટોકરવા મુકામે બાલમંદિર પણ ચલાવવામાં આવે છે.

(૧૮) પ્રાથમિક શાળામાં ધોરણ ૪ થી એસ.એસ.સી. સુધીના સંભાસદોના છોકરાઓને પુસ્તકો આપવામાં આવે છે.

(૧૯) સભાસદોના કુટુંબોને દવા-દારૂ અને ડૉકટરી સહાયનું ખર્ચ મંડળી પૂરું પાડે છે. (મર્યાદિત વિસ્તાર પૂરતું) ઉચ્છલ તાલુકાથી નજીક નવાપુરમાં પ્રાઈવેટ ડૉકટર તે સેવા આપે છે.

(૨૦) સભાસદોને ઠરાવેલ મજૂરીના ૩૦ ટકા બોનસ, રોકડમાં, અનાજના સ્વરૂપમા, વાસણો દ્વારા અને કપડાં આપી જુદી જુદી રીતે તેની ચૂકવણી કરે છે.

(૨૧) મંડળી જાહેર સંસ્થાઓને દાન આપે છે. કુટુંબ કલ્યાણ અંગે દાન પ્રવૃત્તિ ચાલે છે. સાથે સાથે ગ્રામ વિકાસના કામો, શાળાઓના ઓરડા બાંધવા, રમતગમતના સાધનો માટે દાનરૂપે સહાય કરે છે.

(૨૨) કૂપના કામકાજના સમયે મજૂરોને દાળિયા, ચણા અને ગોળના નાસ્તાની સગવડતા કરે છે.

(૨૩) રહેઠાણ માટે કૂપમાં કામ કરતા મજૂરોને માંડવા બાંધી આપવા, પાણીની સગવડ પૂરી પાડવાની વગેરે વ્યવસ્થા કરે છે.

(૨૪) સભાસદનેને બળદગાડા માટે બેંક પાસેથી લોન મેળવવી આપવામાં મદદરૂપ થાય છે. લોન અંગેની જે તે સભાસદની બાંહેધરી મંડળી આપે છે. જે સભાસદની મજૂરીમાંથી પૂરે પૂરા વસૂલ હપ્તેથી કરે છે.

(૨૫) દૂધ ઉત્પાદનના હેતુ માટે, પૂરક ધંધાના વિકાસ અર્થે ગલાયદી વ્યવસ્થા છે. જે દૂધ ઉત્પાદક સહકારી મંડળી દ્વારા (સુમુલ ડેરી-સુરત) સભાસદો અને બિન સભાસદોને ભેંસો આપવામાં આવે છે.

(૨૬) સભાસદોને મંડળીમાં થતો નફો તેના કામકાજની ચૂકવેલી રકમ પર ચૂકવાય છે. કેટલીક વાર આ નફો બચત તરીકે સભાસદોના ખાતે જમા કરાવી આપે છે.

(૨૭) સભાસદોને કૂપ કામ ચાલતું હોય તેવા સમયે રહેવા માટે મંડપ અને નાસ્તાની સુવિધા મંડળી તરફથી કરવામાં આવે છે. અને મજૂરના આરોગ્યની પૂરેપૂરી સંભાળ લેવામાં આવે છે. કામના સમયે સભાસદ પશુધનનું મૃત્યું થાય તો તેને પૂરેપૂરું વળતર અપાય છે. ધારો કે બાળદ/પાડો હોય તો તેની કિંમત પૂરેપૂરી ચૂકવાય છે. અથવા બીજું ખરીદી આપવામાં આવે છે.

(૨૮) વ્યકિતનું મૃત્યું થાય તો કુટુંબની બધીજ સગવડો આપે છે. જેમાં ભણતર ભણનાર વિદ્યાર્થી હોય તો તેને જ્યાં સુધી ભણે ત્યાં સુધીનું પૂરેપૂરું ખર્ચ આપવામાં આવે છે.

(૨૯) જ્યારે જંગલ કામદાર મંડળીઓ ન હતી ત્યારે કો-ટ્રાકટ બેઇઝથી કો-ટ્રાકટર ને કૂપનું કામ મળતું પરંતું તેમાં મજૂરોને માત્ર મજૂરી જ અને તેમણે ચોમાસામાં આવરી લીધેલ જમા કરવામાં આવતી આર્થિક અને નૈતિક શોષણ થતું હતું. તે બધું થયું છે પરંતું આજે મંડળી થવાથી સભાસદોને નફામાં ભાગીદાર, સામાજિક પ્રવૃત્તિઓ માટે સહાય, આર્થિક મદદ અને રોજગારીની વધુ તકોનો લાભ મળતો થયો છે.

મજૂરીની ચૂકવણીમાં કો-ટ્રાકટ પધ્ધતિમાં ખૂબ અનિશ્ચિતતાઓ રહેતી તે આજે મંડળીઓ ઉભી થવાથી નથી બન્યું.

(૩૦) જંગલ-કૂપ કાપવા માટે કુહાડો કે જે લાકડું કાપવા અને એક સખતુંકરવા ઉપયોગી છે. પાળિયું જે દાતરડા આકારનું હોય છે. તેના ધ્વારા લાકડાને પોલીસ કરી સફાઈદાર બનાવવા ઉપયોગ કરે છે. અને કાનસ-ઉપરોકત બંને સાધનોની ધાર બનાવવા ઉપયોગી છે. તે તદ્ઉપરાંત આડિયાં (કરવત) કે જે લાકડું વહેરવાના કામમાં આવે છે તે મંડળી ધ્વારા પૂરું પાડવામાં આવે છે.

ઉપર મુજબના સૂચનો - ત્રિટિઓ અને ~~સભ્યશ્રેણે~~સભાસદોને અપાતી સગવડોનો ખ્યાલ મેળવ્યા પછી આ બધા માટે જંગલ કામદાર મંડળીઓની કેટલીક સમસ્યાઓ જોવા જાણવા મળી તેનો અહીં છેલ્લે ઉલ્લેખ કર્યો છે તે અંગે પણ ઘટતું કરવા સૂચન સાથે જ કર્યા છે. તે ખૂબ જરૂરી છે.

(૩૧) જંગલ ઉછેર માટે બી ની રોપણીનું કામ મંડળીને મળવું જોઈએ.

(૩૨) ખૂંટી મારવાનું કામ પણ મંડળીને જ આપવુ જોઈએ.

(૩૩) આગલા વર્ષે કપાયેલ કૂપની રાબનું સાફ-સફાઈનું કામ પણ મંડળી ધ્વારા જ થવું જોઈએ.

(૩૪) મંડળી ધ્વારા ગરીબ માણસોને ગાલ્લી-બળદ-ઘર બાંધવા સવલતો આપવી જોઈએ. કારણ કે સરકાર ધ્વારા આ અપાય છે. પણ મળતાં મળતાં ત્રણ થી ચાર વર્ષ નીકળી જાય છે. એટલે'પાણી ગયા પછી પાળ બાંધવી નકામી' જેથી મંડળી ધ્વારા અપાય તો તે નિશ્ચિત સમયે મળી શકે અને કામ ઝડપી બનાવી શકાય.

(૩૫) જંગલ ઉછેર/રોપણીના કામો અમુક મંડળીઓને જ સોંપવા જોઈએ. જેથી સભાસદોને મજૂરી મળે અને જીવનસ્તર ઉંચું આવે. જે હાલ જંગલખાતા /વારા) નિગમ ધ્વારા કરાવાય છે.

(૩૬) સરકાર ધ્વારા આ વિસ્તારોમાં જે જે વિકાસના કામો મંજૂર થાય છે તે બધી મંડળીઓને વહેચી આપવા જોઈએ. મંડળીઓને જેમાં સરકારશ્રી તરફથી થતી નાણાંની જોગવાઈ મંડળીને આપવી. અને વિકાસના કામોની જવાબદારી મંડળીને સોંપાય તો જરૂર મજૂરીની તકો વધશે. અને આર્થિક સધ્ધરતા પણ મંડળીને , સભાસદોને પ્રાપ્ત થશે.

(૩૭) બીજું કે સભાસદો અને મંડળીના મંત્રીશ્રીઓ તેમજ પ્રમુખશ્રી તરફથી એવું પણ સૂચન થયું છે કે દરેક તાલુકામાં શાળા, કૂવા અને અન્ય બાંધકામની પ્રવૃત્તિઓના કામોના કોન્ટ્રાક્ટ તાલુકા પંચાયતો કરતાં જંગલ કામદાર સહકારી મંડળીઓને આપવા જેથી તાલુકાપંચાયતના નુજા હેઠળ મંડળીઓ ધ્વારા સારું કામ કરી શકાય અને સભાસદોને માટે વધુ ને વધુ કામની તકો ઉભી કરી શકાય.

(૩૮) મંડળીઓને જંગલ ઉછેરથી માંડીને ખાતાકીય દેખરેખ હેઠળ રૂપકામ સુધીનું દરેક પ્રકારનું કામ કળી રહેવું જોઈએ.

(૪૦) મંડળીને ઓછામાં ઓછું ૨૦૦૦ ઘ.મી.લાકડું હોય તેવો કૂપ મળે તો મંડળીને અને સભાસદોને સારો લાભ થાય. કેમ કે એ તો સ્વભાવિક છે કે જેટલો સારો કૂપ તેટલી વધુ મજૂરી અને જેટલી વધુ મજૂરી તેટલું સારૂ બોનસ મળે. સાથે સાથે મંડળીની અને સભાસદની આર્થિક સધ્ધરતા પણ વધશે.

(૪૧) આજના પ્રવર્તમાનભાજોના સંદર્ભમાંપોષણક્ષમ વેતન, મળવું જોઈએ.

ગૌણપેદાશો એકઠી કરવાનું કામ મંડળીને મળવું જોઈએ. અત્યારે તો આ કાર્ય કોપોરેશન ધ્વારા થાય છે. પરંતુ તેનું એડમિનિસ્ટ્રેટીટ ખર્ચ વધું આવે છે. તો તે (ઘટાડવા) એડમિનિસ્ટ્રેટીવ ચાર્જ ઓછો થાય અને મંડળીઓને તેમજ સભાસદોને ફળદાયી બને તેવી ગોઠવણ કરવી જોઈએ.

જંગલ મંડળીઓની શરૂઆતના વર્ષોમાં ખૂબજ આવક પ્રાપ્ય હતી. પરંતુ ધીરે ધીરે હવે જંગલ ઓછું થતું જાય છે. પહેલાં જંગલ કામ ઓકટોબર નવેમ્બરથી ચાલુ થતું અને મે-જૂન માં પૂરું થતું હતું. પરંતુ હવે તે પરિસ્થિતિ રહી નથી. હવે મંડળીને એક કે બે રૂપ મળ્યા હોય તો તેની કામગીરી ડીસેમ્બરથી ચાલુ થઈ માર્ચમાં પૂરી થઈ જાય છે. જેથી સભાસદોને બહાર મજૂરીએ જવું પડે છે. જેથી અનેક પ્રશ્નલ ઉપસ્થિતિ થાય છે.

(૧) બાળકોના શિક્ષણનો પ્રશ્ન.

(૨) મજૂરી ઓછી મળે છે.

(૩) ઘણા સ્થળાંતર કરી ગયા પછી બારડોલી બાજૂ મજૂરી મળી રહેતી હોવાથી ત્યાં જ સ્થાયી થઈ જાય છે. જેથી જંગલ મંડળીઓને હવે કોઈ વિકલ્પ શોધવો રહયો.

(૪) જંગલ મંડળીઓના સંઘ દ્વારા એવું એક ફેડરેશન ઉભું થવું જોઈએ કે જેથી જલાઉ માલમાંથી ફર્નિચર, બોકસ અને અન્ય સાધનો બનાવી શકે.

- સંઘ દ્વારા ચાર-પાંચ મંડળીના જૂથમાં એવી કોઈ એક પૂરક આર્થિક પ્રવૃત્તિ ઉભી થવી જોઈએ કે ૪૦૦-૫૦૦ માણસોમાં રોજી આપી શકાય.
- સુથારીવર્ગ - તાલીમની વ્યવસ્થા ગોઠવવી જોઈએ.
- અમુક જાતનું ફેડરેશન ઉભુ થશે તો સભાસદોને પૂરક રોજી મળશે. સ્થળાંતર અટકશે. અને સ્થાયી રહેશે.
- બીજું કે તાપી-બંધ આવી જવાથી મંડળીના કાર્યક્ષેત્રના ગામોમાં રહેતા સભાસદોની ઘણી જમીન ડૂબમાં ગઈ જેથી તેમના માટે હવે ફકત જંગલ જ નિભાવ માટે આશીર્વાદ રૂપ બન્યું છે. તો તેના માટે સરકાર દ્વારા કે મંડળી દ્વારા પૂરક આર્થિક પ્રવૃત્તિ ઉભી થવી જોઈએ.

ઉચ્છલ વિભાગમાં મત્સઉદ્યોગ સહકારી મંડળીઓ પણ ટ્રાણ ચાલે છે. અને આ મંડળીમાં પણ ઘણા સભાસદો છે. જેઓ શિયાળા - ચોમાસામાં મે-જૂન સિવાય-માછલાં પકડવાનો ધંધો કરે છે. પરંતુ બહારના વેપારીવર્ગ અને દલાલો દ્વારા તેમનું ખૂબજ શોષાણ થાય છે. ભાવો ખૂબ નીચા મળે છે. વેપારી-દલાલ વચ્ચે રહી ઉત્પાદીત થતી માછલી મત્સ્યઉદ્યોગ સહકારી મંડળીમાં જવા દેતા નથી. અને સીધો માલ ખરીદે છે. જેથી સભાસદોને ઘણીવાર શોષાવું પડે છે. માટે પૂરક ધંધા તરીકે મત્સ્ય ઉદ્યોગ સહકારી મંડળીને આપી આ વિસ્તારના લોકોની ઉત્પાદીત માછલી આપે તો તેમને ઘણો મોટો ફાયદો થાય તેમ છે. બીજું કે માછલી પકડનારાઓ અભણ હોવાથી વેપારી દલાલો દ્વારા ઘણીવાર છેતરાઈ જાય છે. મફતના ભાવે માછલી આપી દેવી પડે છે. જેથી તેમને ઘણો ગેરફાયદો થાય છે. જેથી આ માટે પણ વ્યવસ્થિત તંત્ર ગોઠવવું જોઈએ. અને સભાસદોને વધુ ફાયદો થાય તે રીતે માર્ગદર્શન આપવું જોઈએ.

આ વિસ્તારની જંગલ કામદાર સહકારી મંડળીઓ જોડે સંકળાયેલા ગામોના જંગલ કામદાર સહકારી મંડળીના સભાસદો મોટે ભાગે મત્સ્ય ઉદ્યોગ સહકારી મંડળીના પણ સભાસદો છે. જેઓ પણ આ કામમાં રોકાયેલા છે. તેમને આ ધંધામાંથી વધુ ને વધુ ફાયદો થાય તે માટે તાલીમની વ્યવસ્થા ઉભી કરવી જોઈએ.

o જંગલ કામદાર સહકારી મંડળીઓના સંઘ દ્વારા જે તે વિસ્તારમાં - પૂરક રોજગારી માટે, સુથારી વર્ગો, તાલીમવર્ગો અને નાના ફર્નિચર બનાવવા માટે એક એક નાનું સંકુલ ઉભું કરવામાં આવે તો પણ સભાસદો અને અન્ય વર્ગને ફાયદો થશે. જીવનધોરણ સુધરશે. અને કોઈ પૂરતું રોજગારી માટે નું સંકુલ નહી ગોઠવાય તો એક દિવસ એવો પણ આવશે કે જ્યારે સભાસદો અને ગ્રામજનોને રોજી-રોટી માટે ફાંફા મારવા પડશે અને આખુંતંત્ર છિન્ન ભિન્ન થઈ જશે.

o જંગલ કામદાર સહકારી મંડળીઓના સંઘ અને ગુજરાત સરકાર દ્વારા જંગલ વિસ્તારમાં પૂરક ધંધા માટે ખેતી ક્ષેત્રને પણ આવરી લેવું જોઈએ. જેમાં સિંચાઈની વ્યવસ્થા ઉભી કરી ખેતીની ઉત્પાદકતા વધારવી જોઈએ. સિંચાઈની વ્યવસ્થા ઉભી થતાં જે કંઈ જમીન છે. તેમાં તેઓ દુબારી વાવેતર કરતા થાય અને કેટલાક આ ક્ષેત્રમાં વધુ રોકાશે જેથી ચેકલી જંગલ કામદાર સહકારી મંડળીઓ ઉપર બોઝ વધશે નહી. અને રોજગારી ઘટશે. ઓછી થશે.

આજે એટલું તો સ્પષ્ટ જોઈ શકાય છે કે દરેક વિસ્તારની જંગલ મંડળીઓ અને સંઘોમાં ચેકલા આદિવાસી ભાઈઓ તેનું વહિવટીતંત્ર ચલાવે છે. એટલી તો તેમનામાં જાગૃતિ આવી છે. અને વહીવટ, કાર્યકુશળતા એવી ગોઠવાઈ છે કે તેઓ પણ આજે જાગૃત થયેલા છે. જેથી આ માટે વધુ ને વધુ આદિવાસી ભાઈઓને લાભ મળતા થાય તે હેતુથી પૂરક રોજગારીની તકો સત્વરે ઉભી x કરવાની જરૂરિયાત પર ભાર મૂકવો જોઈએ.x

જંગલ કામદાર મંડળીઓની સમસ્યાઓ :

૧. જંગલોનું પ્રમાણ ઘટતું જાય છે. તેથી જંગલ મંડળીઓને પૂરતું કામ ન મળે તેના કારણે સભાસદોને રોજી પૂરી પાડવાનું શકય નથી. જંગલ મંડળીઓને ફૂપોની કામગીરી સિવાય અન્ય પ્રવૃત્તિઓ જેવી કે ગ્રાહક સહકારી મંડળી, બાંધકામ પ્રવૃત્તિ હતથ ધરે છે. તેમાંય તેમને પૂરતી કામગીરી મળતી નથી. અને આ પ્રકારની અન્ય મંડળીઓ કામ કરતી xxxxxx હોવાથી ખોટી હરિફાઈ થવાનો અને જંગલ મંડળીઓને ખોટ જવાનો ભય રહે છે. આવી મંડળીને ટકાવી રાખવા માટે કેવા પ્રકારની પૂરક પ્રવૃત્તિ/કામગીરી આપી શકાય તે ઉંડાણપૂર્વક વિચારવું ઘટે.

નોંધ : પ્રમુખશ્રી ગોવિંદભાઈ બી. વસાવાની મુલાકાત લીધી.

-ખીખાભાઈ પટેલ

૨. કૂપોનું પ્રમાણ વર્ષે વર્ષે ઘટતું જાય છે. પરિણામે એક તાલુકાની દરેક મંડળીઓને પૂરતું કામ મળવાની શકયતાઓ ઘણી ઓછી રહે છે. તાલુકાની બે-ત્રણ જંગલ મંડળીઓને પૂરતું કામ ન મળી શકે તે સ્વાભાવિક છે. જેથી આવી મંડળીઓનું એકત્રિકરણ કરવાનું યોગ્ય ગણી શકાય. પરંતુ જંગલ કXXXXX મંડળીઓ આ માટે સ્વૈચ્છિક રીતે તૈયાર થતી નથી. અને પોતાના કાર્ય વિસ્તારમાંથી અન્યને ભાગ માટે તે ઈચ્છતી નથી. આ માટેની યોગ્ય વિચારણા જરૂરી છે.

૩. જંગલખાતા દ્વારા કૂપો ખેડવાની કામગીરી જંગલ કામદાર સહકારી મંડળીઓને X આપવામાં આવે છે. પરંતુ રીપ્લાન્ટેશન ની કામગીરી જંગલખાતું જાતે જ હાથ ધરે છે. કૂપો કપાઈ ગયા પછી રીજનરેશનની કામગીરી પણ જંગલ મંડળીઓને સોંપવી જોઈએ. જેથી મંડળીઓના સભાસદો રોજી મળી રહે. આ અંગે પણ વિચારણા થવી ઘટે.

૪. ગૌણ જંગલ પેદાશ એકત્રિત કરવાનું કામ જ્યાં જંગલ કામદાર મંડળી હોય ત્યાં આ મંડળીઓને કામ મળી રહે પરંતુ ગૌણ વન પેદાશ ખાનગી વ્યકિતઓ, ફડિા, લેમ્પસ મંડળીઓને આવી ગૌણ પેદાશ એકત્ર કરવાના પરવાના આપે છે. જેથી જંગલ કામદાર સહકારી મંડળીઓનો પૂરતું કામ મળી રહેતું નથી. આ મંડળીઓમાં સભ્યોનો બારે માસ રોજી મેળવી શકે તેવી યોજના અંગેની વિચારણા જરૂરી છે.

૫. સૌરાષ્ટ્રમાં ગીર વિસ્તારમાં હવે ખેડવાના કૂપો નથી. ગીર અભયારણ્યને લીધે તે વિસ્તારમાં ગૌણ પેદાશોને લીધે તે વિસ્તારમાં ગૌણપેદાશો પણ એકત્ર કરવા દેવામાં આવતી નથી. X તેમજ કૂપોની કામગીરી પણ સહકારી મંડળીઓને નહિ આપવાનો નિર્ણય લેવાયો છે. જેથી આવી મંડળીઓને રોજી આપવાનો પ્રશ્ન વિચારવો જરૂરી છે.

જંગલ કામદાર સહકારી મંડળીના વિકાસ માટેનાં સૂચનો :-

૧. એક જ તાલુકામાં એક કરતાં વધારે જંગલ કામદાર મંડળીઓ હોય તેવી મંડળીઓનું એકત્રિકરણ કરવા ખાતાની સૂચના મુજબ કાર્યવાહી કરી શકાય.

૨. મંડળીઓને રીપ્લા-ટેશનનું કામ આપવાનું અને ગૌણપેદાશો એકત્ર કરવાનું કામ જંગલખાતું આપે જેથી સભાસદોને મંડળીઓ રોજી પૂરી પાડી શકે.

ઉપસંહાર :

પ્રસ્તુત અહેવાલમાં જુદા જુદા ચાર વિભાગોમાં પ્રકરણીકરણ કરીને જંગલકામદાર સહકારી મંડળીઓની યથા સ્થિતિ અહેવાલની નોંધ રજુ કરવામાં આવી છે. તે ઉપરથી એટલું તો ચોકકસ કહી શકાય કે જંગલકામદાર સહકારી મંડળીઓની શરૂઆતથી તે આજ સુધીમાં મંડળીઓએ સરકારશ્રીને આવક અને સભાસદોને રોજગારીની તકો પૂરી પાડવા માટે સતત પ્રયત્નશીલ રહી છે. અને હવે જંગલ કામદાર મંડળીઓ ધ્વારા સભાસદોને વધુ ને વધુ રોજગારીની તકો પૂરી પાડી શકાય તે માટે પૂરક પ્રવૃત્તિઓ હાથધરવા માટેની પણ તૈયારીઓ દશાર્વી છે. જે ખૂબજ આવકારદાયક પગલું ગણાવી શકાય. મંડળીઓ અને સભાસદો તો જ્યારે માસ રોજગારી પૂરી પાડવાની તમન્નાઓ ધરાવે છે. પરંતુ તે માટેની કોઇ ખાસ યોજના હજુ સુધી પૂરક વ્યવસાય કયા આપવા તે નકકી કરી શકયા નથી. તે માટે પ્રસ્તુત અહેવાલમાં સૂચનો અને અન્ય રીતે પગલાં સૂચવ્યાં છે. જે ઉપયોગી થશે.

ગુજરાત રાજયમાં અન્ય રાજયોની સરખામણીમાં સહકારી ક્ષેત્રે વિકાસમાં ખૂબ મોટો ફાળો આપ્યો છે. તેમાંય ૧૯૪૭ પછી આજ સુધી જંગલ કામદાર મંડળીઓ ધ્વારા જુદી જુદી વહીવટી અને કૂપો મેળવવાની મુશ્કેલીઓ છતાં સારું યોગદાન આપ્યું છે. તેમાં શંકાને સ્થાન નથી.

સંદર્ભ સૂચિ

(૧) આહવા, ગાઢવી, હનમતમાળ અને જામલી વિભાગ જંગલ કામદાર સહકારી મંડળીઓના સને.૧૯૭૮-'૭૯ સને ૧૯૭૯-'૮૦ ના વાર્ષિક અહેવાલો અને હિસાબ નોંધ :

XXX પ્રકાશક : ઉપરોકત મંડળીઓના પ્રમુખશ્રી અને મંત્રીશ્રીઓ.

(૨) ગુજરાત રાજ્ય ચોથી જંગલ કામદાર સહકારી પરિષદ કેવડિયા કોલોની- જિલ્લો. ભરૂચ.તા.૧૭-૧૮ ડીસેમ્બર-'૮૨ - જંગલ કામદાર સહકારી મંડળીઓની માહિતી અને ચર્ચવાના પ્રશ્નો.

પ્રકાશક : ગુજરાત રાજ્ય સહકારી સંઘ. સહયોગ, જ્યોતિ સંઘ પાછળ, અમદાવાદ

૩. આંકડાકીય રૂપરેખા: ગુજરાત રાજ્ય-૧૯૬૯-૧૯૭૬.
ભાગ-૧-પાન-૨૨૩-૨૨૪

પ્રકાશક : મુખ્ય વન સંરક્ષકશ્રી ગુજરાત રાજ્ય વ્યારા પ્રકાશિત.

૪. વસ્તી ગણતરી પુસ્તિકા:સુરત, વલસાડ, ડાંગ : ૧૯૭૧

૫. ઘરમપુર તાલુકાના વિકાસ કાર્યક્રમ વિષયક આર્યગોષ્ઠી સેમિનાર પેપર ફાઈલ-૧૯૮૧.
- આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગુજરાત વિદ્યાપીઠ : અમદાવાદ-૧૪

૬. ડાંગ જિલ્લાના વિકાસ કાર્યક્રમ વિષયક આર્યગોષ્ઠી સેમિનાર પેપર ફાઈલ-૧૯૮૧-૮૨
- આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર.

૭. જંગલ સંપત્તિ અને આદિવાસીઓનો વિકાસ.
સેમિનાર પેપર : શ્રીમતિ દીત્પી ભટ્ટાચાર્ય
અનુવાદ : સાયમન મેકવાન.
આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર

૮ ગુજરાત રાજ્ય દ્વિતિય જંગલકામદાર સહકારી પરિષદ
દેવગઢ બારિયા : ઠરાવોની કાર્યવાહીનો અહેવાલ.
જિ. પંચમહાલ-૧૯૭૦

પ્રકાશક : ગુજરાત રાજ્ય સહકારી સંઘ.
'સહયોગ' રીલીફ રોડ, અમદાવાદ-૧.

૯. ગુજરાત રાજ્ય તૃતિય જંગલ કામદાર સહકારી પરિષદ
પંચોળ : જિ૯ સુરત : ઠરાવોની કાર્યવાહીની નોંધ૯

પ્રકાશક : ગુજરાત રાજ્ય સહકારી સંઘ. 'સહયોગ'

૧૦. ડૉ. સેમિંગટનનો અહેવાલ.
સાયકલો રીપોર્ટ - ૧૯૩૯
ગવર્નમેન્ટ સેન્ટ્રલપ્રેસ બોમ્બે.

૧૨. શ્રી ડાહ્યાભાઈ સમિતિનો અહેવાલ.